પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

સ્થાપક : રવિશંકર રાવળ

વર્ષ એઠોતેરમું

જુલાઈ ૧૯૯૮

સળંગ અંક ૮૪૬

તંત્રી :
ધીરુ પરીખ

શિવપુરી
ચિત્રકાર : ગજેન્દ્ર શાહ





કચ્છના બિમ્બર ગામના રામજી મંદિરનું કમાંગરી શૈલીનું ભીંતચિત્ર : આશરે ૧૯મી સદી.
રેખાંકન : ખોડીદાસ પરમાર, ભાવનગર

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

વર્ષ ૭૧મું — અંક ૭

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

- કુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.
- સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહક નંબર લખવાથી પત્રવ્યવહારમાં વિલંબને ટાળી શકાશે.

જુલાઈ — ૧૯૯૮

સાંકળિયું

કુમાર સળંગ અંક ૮૪૬

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : પીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દેસાઈ ઑફસેટ, ૪૬, શિવશક્તિ એસ્ટેટ, હોટેલ પ્રેસ્ટીજની પાછળ,નારોલ ચોકડી પાસે, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે ડોલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૭૫૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૨-૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૩-૦૦

વાચકો લખે છે

'કુમાર'નો બચુભાઈ રાવત જન્મશતાબ્દી વિશેષાંક સાદ્યંત વાંચી ગયો. ૧૯૩૫થી 'કુમાર' નિયમિત વાંચું છું. અને થાય છે કે પોણી સદીના પગથારે પહોંચેલ આવું સચિત્ર સાહિત્યસભર માસિક ગુજરાતીમાં તમે કાઢો છો તે જ ગુજરાતની અસ્મિતાની આહ્લેક જગાવે છે. મન થાય છે કે 'કુમાર'ની શતાબ્દી અંકની સામગ્રી વાંચવા જીવતો રહું તેવી મારો વહાલો કૃપા કરે તો ગંગા નાહ્યા!

'સાલવારી'માં એક વીગત ભુલાઈ ગઈ, તેનું અમને કલકત્તીને ઓછું આવ્યું. ૧૯૭૪માં કુમાર કનકપર્વ અને બચુભાઈનો અમૃતમહોત્સવ કલકત્તાના ગુજરાતી સાહિત્ય મંડળે સુરુચિપૂર્ણ રીતે ઊજવ્યો હતો ત્યારે બચુભાઈને માનપત્ર આપેલ અને તેના ફોટા પણ પછીથી બચુભાઈને મોકલેલ. તે તમને મળ્યા હોત અને છાપ્યા હોત તો અમને ઓછું ન આવત. જો કે વાંક અમારા ઢીલાઢફ પડતા મંડળનો જ છે કે કોઈએ તમને ૧૯૭૪નું કેસૂડાં, માનપત્રની નકલ અને ફોટાની નકલો મોકલી નહીં.

-જયંતીલાલ મહેતા (કલકત્તા)

એપ્રિલ '૯૮ના 'કુમાર'ના સંગીતશાસ્ત્ર-૧૩નો લેખ વાંચ્યો. ઝીણવટ ભરેલી, તલસ્પર્શી, તુલનાત્મક એવી શ્રુતિ અંગેની વિચારણામાંથી ઘણું જાણવા મળ્યું. 'ગાંધારગ્રામ'ની ચર્ચા આપણા શાસ્ત્રજ્ઞોએ કેમ ન કરી? એ પ્રશ્ન મને સ્પર્શી ગયો. ગુજરાતીમાં સંગીતશાસ્ત્રની આટલી સંપૂર્ણ, વૈજ્ઞાનિક, અધિકારપૂર્ણ ચર્ચા આ પહેલાં કોઈએ કરી નથી. લેખકને હાર્દિક અભિનંદન.

- જે. પી. રાજ્યગુરુ (અમરેલી)

જેને આ સાલ ૫૦ વર્ષો પૂરાં થયાં તે એલ.ડી. એંજિનિયરિંગ કોલેજ અંગે એક લેખ 'કુમાર'ના ૮૪૪મા અંકમાં પ્રસિદ્ધ થયેલ છે. આ લેખમાં રહેલો એકાદ હકીકતદોષ તથા થોડી પૂરક માહિતી મોકલું છું.

જૂન ૧૯૪૮માં આ કૉલેજ ચાલુ થઈ ત્યારે તેના ડિગ્રી કોર્સમાં ૭૫ નહિ પણ ૫૦ (૩૫ સિવિલ + ૧૫ મિકેનિકલ - ઈલેક્ટ્રિકલ) સીટોની કેપેસિટી હતી. સૌપ્રથમ બેચના આ ૩૫ સિવિલ ઍંજિનિયરિંગના વિદ્યાર્થીઓ પૈકીઓમાંનો એક હું હતો. લેખ વાંચતાં એવો આભાસ થાય છે કે પ્રથમથી જ આ કૉલેજ ગુજરાત યુનિ. વિસ્તારમાં શરૂ થઈ હતી પણ તે આભાસ ખોટો છે. આ કૉલેજ સરસપુર ખાતે આર. સી. ટેકનિકલ ઇન્સ્ટિટ્યૂટનાં મકાનોમાં શરૂ થઈ. શરૂઆતમાં તેનું નામ માત્ર કૉલેજ ઑફ ઍંજિનિયરિંગ હતું પરંતુ એક વર્ષ પછી, ૧૯૪૯માં જ્યારે શેઠ શ્રી કસ્તુરબાઈએ ૨૫ લાખનું અનુદાન આપ્યું ત્યારે 'એલ.ડી.'નું નામાભિધાન આપવામાં આવ્યું. આ કૉલેજના પ્રથમ પ્રિન્સિપાલ શ્રી ટી. એન. તોલાણી હતા. જેઓ ખૂબ મૃદુભાષી અને સૌજન્યશીલ હોઈ વિદ્યાર્થીઓમાં લોકપ્રિય બન્યા હતા.

તે વખતે પરીક્ષાનાં પરિણામો ખૂબ કડક આવતાં: પ્રથમ વર્ગમાં તો મોટે ભાગે કોઈ ન આવે પણ બીજા વર્ગમાં પણ રડ્યા-ખડ્યા વિદ્યાર્થીઓ આવે. કૉલેજ લૅબોરેટરીની અપૂરતી સગવડતા, પ્રોફેસરોની તંગી અને મકાનોની અગવડને કારણે, માત્ર ૯ વિદ્યાર્થીઓ માટે, આ કૉલેજમાં ત્રીજા વર્ષના બી.ઈ.ના ક્લાસ શરૂ કરવાનું સરકારને અને કૉલેજને ઉચિત અને પોષણક્ષમ લાગ્યું નહીં અને તેથી ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને સરકારે પૂનાની એંજનિયરિંગ કૉલેજમાં ટ્રાન્સફર કર્યા. જોગાનુજોગ તે વર્ષે એટલે કે જૂન ૧૯૫૦માં મુંબઈ યુનિ.માંથી, ગુજરાત અને પૂના એમ બે યુનિવર્સિટીઓ અલગ થઈ. તેને કારણે અમે ૯ વિદ્યાર્થીઓ મુંબઈને બદલે પૂના યુનિવર્સિટીમાં બદલાયા અને શુકનવંતા નસીબે નવે ય જણા ત્યાંના સ્પર્ધાત્મક વાતાવરણમાં પણ હેમખેમ પૂનામાંથી પાસ થઈ બહાર પડ્યા.

ત્રણ વર્ષ પછી, જૂન ૫૧માં એલ. ડી. ઍંજિનિયરિંગ કૉલેજનું આર.સી.ટી. આઈ.માંથી ગુજરાત યુનિ. વિસ્તારમાં સ્થળાંતર અને વિસ્તરણ થયું. તે વખતે સાડા ત્રણ વર્ષનો ડિગ્રી કોર્સ હતો.

- નૌતમભાઈ વખારિયા (અમદાવાદ)

Jeroma K. Jerome લિખિત 'Three Men In a Boat' લિખિત પુસ્તકનો 'અમે ત્રણ' એ નામે ગુજરાતી અનુવાદ શ્રી ધનસુખલાલ મહેતાએ કરેલો છે. એ પુસ્તકની યોગ્ય કિંમતે જરૂર છે તો નીચેના સરનામે જણાવવા વિનંતિઃ સંકલ્પ મોદી, ૩, સિટી પાર્ક સોસાયટી, સમા, વડોદરા-૩૯૦ ૦૦૮.

અમેરિકામાં 'કુમાર'નું લવાજમ ભરવાની સુવિધા

અમેરિકાના ગુજરાતીઓ 'કુમાર' માસિકનું પોતાનું લવાજમ ડૉલર ૨૫ અમેરિકામાં જ નીચેના સરનામે ભરી શકે એવી સુવિધા કરી છે. આશા છે કે આથી સહુ નવાજૂના ગ્રાહકોને અનુકૂળતા રહેશે. ચેક 'Kumar Karyalaya Ltd.'ના નામનો લખવો અથવા Niriksha Tripathi ના નામનો લખવા વિનંતી છે.

અમેરિકામાં ચેક મોકલવાનું સરનામુંઃ

Niriksha Tripathi
121, Elizabeth Avenue
Edison, NJ - 08820
Telephone : 732-548-3797

નિભાડો / રામચંદ્ર પટેલ

[શિખરિણી-સૉનેટ]

હતા ખાડાખૈયા બરછટ હતી ભોંય વચમાં
બનાવી શોભાવી સ્થળ, શરીરમાળો ધૂળજટા :
તથા કંઠે કાંટા, ધખ ધખ ધખે દાહ ગરમી
અડે : ફૂટે ધૂવાં, શૂળ ઉજરડા ચેહ વસમી -
ઢળે દા'ડો ત્યારે સૂરજ ઊતરી પશ્ચિમદિશા
નિરાંતે ઊંઘે, ત્યાં ભીતર ફરતી રાત બધિરા
રહે, પીડી : દોડે નસ નસમહીં ખાર : ઊકળે
બળે અંધાપો ને ખરખરી ચડે રાખ ડમરી.
પછી મૂકે આંખે પવન, જળ ફૂટે રગરગ,
ઊડે પંખી : ઊઠે તરુ તરુ ટહુકી રુધિરમાં -
તહીં ખોલે, ખૂલે હૃદય બધું ઈંટો ફળફૂલ
બની મ્હેંકે, ગ્હેંકે વળી વરસતો મેઘ તડકો.
નિભાડો બીજાને સઘળું દઈ દે ઠામ સજવા,
થતો શંભુ, પાસે કશુંય નહિ રાખે, નહિ હવા.

કિન્નર બની / મૌન બલોલી

[ગઝલ]

હર શ્વાસ મળતો મૃત્યુ લગ અવસર બની,
જે ઘાટ પામે એ ઊગે હર હર બની.
મંગલ નયનની ગંધ અમથી જ્યાં અડી,
ત્યાં ત્યાં ધરા ફોરી ઊઠી ઘર ઘર બની!
વેરાનમાં ટહુકાનું ટોળું ઊતર્યું,
એના અવાજે કાંકરી કિન્નર બની.
પેટાળમાં કોલાહલો ઠરતા ગયા,
કેવી બીના ઉપલી સપાટી પર બની!
ઉપલક હિસાબોથી ભરેલી જિંદગી,
કોના હિસાબે ભોમિયાનું ઘર બની!
એની સફરનો અંત નિશ્ચિત આવશે,
જે ચાલતાં ચોક્કસપણે પગભર બની.
એના સમર્પણના સ્વરોને સાંભળી,
કુદરત બધે હાજર રહે ચાકર બની.
'ખામોશ'ની વાતો હતી દર્પણ સમી,
અવળી કરી તો ખાંચનું ખંજર બની.

ત્યારે, આજે, આવતી કાલે / અશોક હર્ષ

ત્યારે હતું જીવન જીવવા સમું,
જયારે હતા ડંખ ન સંસ્કૃતિના,
હતી ન વા સ્વાર્થભરી હદેપણા;
ના કોઈને યે અવરોધ કોઈનો
ને સૃષ્ટિ સારીય યથેષ્ટ રાચતી.
થયાં ન'તાં જાગૃત માનવી-દિલે
ઈર્ષા અને શોષણનાં પરિબળો,
ને માનદંડોય વિકાસ માપવા
હતા ભલે સંસ્કૃતિના નહિ તદા,
રે, સાનુકંપા, સમભાવ તો હતાં.
આજે નથી જીવન જીવવા સમું :
સ્વાર્થાન્ધતા, દંભ તથૈવ દ્વેષથી
તૂટી રહી માનવની સગાઈ સૌ,
ને જાડ્ય જે જીવનમાં થયું જમા
તે જીરવી સંસ્કૃતિ જીવતી રહી,
બનાવતી નિષ્પ્રભ માનવીને
શી વંચનામાંહ્ય ડુબાડતી રહી.
હા માનવી! સંસ્કૃતિ હા! કુયોગ આ?
કાલે થશે જીવન જીવવા સમું?
સુષુપ્ત જે સત્ત્વ રહ્યું મનુકુલે
કો' પુણ્યસ્પર્શે ઝબકી શું જાગશે?
ને સમુત્ક્રમન્તાં બનશે શનૈઃ શનૈઃ ?
વા શું વસુધાય વસૂકતી જશે?

ગઝલ / ભગવતીકુમાર શર્મા

ક્યાં જઈને હું ખીલા ખોડું?
શૂળી પર તો મારું ભોડું!
હું જ રિસાયો છું મારાથી;
દર્પણ સામે મોં મચકોડું.
વસંત તો છે ઘણીય છેટી;
ઉપરથી આવ્યું ટાઢોડું.
એક છું, મારે બહુ થવું છે;
લાવ, ફરીથી દર્પણ ફોડું!
ઘાસ બનીને ઊગી જઈએ;
માંડ મળ્યું ભીનું મંટોડું.
માળામાં બે આંસુ થથરે;
વાદળ ફાટ્યું છે સંચોડું.
તું મોડી આવે તો ચાલે;
મોત કરે ના કદીયે મોડું.

માનવ થાઉં તો ઘણું

આપણે હોઈએ તો શું કરીએ ?

સુધીર દેસાઈ

આજે તો જ્યાં જઈએ ત્યાં એક જ વાત સાંભળવાની મળે છેઃ ખરાબ લોકો ઘણા વધી ગયા છે. આપણા દેશમાં પહેલાં કેવા સારા અને સજ્જન માણસો હતા, આજે તો જ્યાં જઈએ ત્યાં છેતરપિંડી કરનારા લૂંટનારાઓ જ જોવા મળે છે, કેમ કરીને કોઈનો પૈસો હડપ કરવો એ જ દાનત છે.

આ આપણો દેશ દુનિયામાં એક વખત સારામાં સારો દેશ ગણાતો હતો તે આજે નાલાયકોથી જાણે ઊભરાય છે. સારા માણસોને રહેવા લાયક આ દેશ નથી રહ્યો.

જો કોઈ અટકાવવાનો હજી પણ પ્રયાસ કરે તો જરૂર ફેર પડે. ધીમે ધીમે બધું સુધરી જાય. કોઈ નિયમ તોડે કે કોઈ છેતરપિંડી કરતો હોય અને આપણને ખબર પડે તો એને સમજાવવો જોઈએ. પણ હવે તો એવું છે કે, કોઈને સમજાવવા જઈએ તો એ આપણને આ વેદિયાપણું છોડવાનું સમજાવવા બેસી જશે. કળિયુગ આવ્યો છે. એમાં જીવવું હશે તો આમ જ કરવું પડશે. પણ આ કળયુગ આણ્યો કોણે? આ કળિયુગને રોકી ના શકાય ?

રોકી શકાય. સંસ્કૃતમાં એક સુભાષિત છેઃ

क्षणशः कणशश्चैव विद्यामर्थं च साधयेत् ।
क्षण नष्टे कुतो विद्या कणे नष्टे कुतो धनम् ॥

ક્ષણ ક્ષણ કરીને એટલે કે જેટલી પણ મળે એ બધીને એક એક કરીને ભેગી કરીને વિદ્યા મેળવવી જોઈએ. અને કણ કણ બચાવીને ધન ભેગું કરવું જોઈએ. ક્ષણને વેડફીએ તો વિદ્યા ના મળે અને કણને ફેંકી દઈએ તો ધન ભેગું ના થાય.

સારા માણસ ત્યારે જ બની શકાય જ્યારે નાનાં નાનાં કામમાં પણ કોઈને અન્યાય ન કરીએ, કોઈને નુકસાન ન કરીએ, અણહકનો ફાયદો ન સ્વીકારીએ, મફતનો પાઈ-પૈસો પણ કોઈની પાસેથી ન સ્વીકારીએ. નાનાં નાનાં ખરાબ કાર્યો જ આપણને મોટાં ખરાબ કાર્યો તરફ દોરી જાય છે. એટલે જ અંગ્રેજીમાં કહે છે : 'સ્ટીચ ઈન ટાઈમ, સેવ્ઝ નાઈન.' કપડું ફાટે તે તરત જ સાંધી દેવું જોઈએ નહીં તો એ વધારે ફાટવા માંડે અને નવું કપડું લાવવું પડે, બીજી વાર પૈસા ખર્ચીને.

આપણામાં પણ આવી જ એક કહેવત છે : 'રોગ અને શત્રુ ઊગતા જ ડામવા જોઈએ.' રોગ થાય કે તરત જ દવા ન કરીએ તો વધી જાય અને આપણે ખૂબ હેરાન થવું પડે અને ખર્ચ પણ પુષ્કળ થાય. એ જ રીતે શત્રુને પણ શરૂઆતથી જ અટકાવવો જોઈએ. નહીં તો એની તાકાત વધી જાય અને આપણને પછી એ જીવવા ના દે. દુર્ગુણ પણ શત્રુ જ છે. એને શરૂઆતથી જ દૂર કરવો જોઈએ. દુર્ગુણ આપણામાં જ્યારે પ્રવેશે છે ત્યારે આપણું ધ્યાન પણ એના તરફ નથી જતું. અરે! કેટલીક વાર ખરાબ વર્તન પણ સારું લાગે છે. કેટલાક એને વ્યવહારુ વર્તનના અંચળા નીચે ઢાંકી દે છે.

પણ સારો માણસ એના તરફ ક્યારેય દુર્લક્ષ નથી કરતો, એને જ્યારે આવી વાતની ખબર પડે છે ત્યારે એને એ તરત જ અટકાવી દે છે. જેથી આગળ ન વધે. કોઈ આપણને છેતરે એટલે આપણાથી કોઈને ન છેતરાય.

મંદિરમાં ગયા હોઈએ દર્શન કરવા ત્યારે એવું બને કોઈ વાર કે બહાર આવીને જોઈએ તો આપણાં નવાં ચપ્પલ પહેરીને કોઈ જતું રહ્યું હોય! ત્યારે શું આપણે બીજાનાં ચપ્પલ પહેરીને ઘેર જવું? આમ કરવાને લોકો વ્યવહારુ બુદ્ધિ કહે છે.

પણ આ વ્યવહારુ બુદ્ધિ નથી. આ ચોરી જ છે. આજે આપણે કોઈને ખબર ન પડે એમ કોઈનાં ચપ્પલ ચોરીને ઘેર આવીએ તો કાલે કોઈનું પાકીટ લઈને પણ ઘેર આવી જ શકીએ. કોઈની વસ્તુને હાથ લગાડાય જ નહીં. એ જ સુખી થવાનો સાચો રસ્તો છે. ચોરી નાની હોય કે મોટી એ ચોરી જ છે. કોઈ આપણને છેતરે એટલે આપણે કોઈને છેતરીએ એ કંઈ સાચી રીત નથી. તમે જ્યારે કોઈને જાણી જોઈને છેતરો છો એ કાયદામાં પણ ગુન્હો જ છે.

સારા માણસ કેવા હોય એને માટે એક પ્રસંગ જોઈએ :

એક વખત કોઈએ ભિક્ષુ અખંડાનંદજીના હાથમાં ખોટો રૂપિયો પકડાવી દીધો. ભિક્ષુ અખંડાનંદજી એટલે 'સસ્તુ સાહિત્ય કાર્યાલય' જેવી મોટી સંસ્થાના સ્થાપક. પ્રેસ ઉપર ગયા પછી એમના ધ્યાનમાં આવ્યું કે એક ખોટો રૂપિયો આવી ગયો છે. એમણે બૂમ પાડીને એમના મદદનીશને બોલાવી કહ્યું, 'આ ખોટો રૂપિયો છે. એને જમીનમાં ઊંડો દાટી દો, જેથી બીજો કોઈ આનો ભોગ ન બને.'

એમના મદદનીશે કહ્યું, 'શા માટે એવું કરવું? આપણે પણ કોઈ બીજાને પધરાવી જ શકીશું, તમે એને માટે ચિંતા ના કરશો, હું બજારમાં જઈશ ત્યારે એનો નિકાલ કરી દઈશ.'

'એટલે શું તમે એમ કહેવા માગો છો કે તમે એને લોકોમાં પાછો ફરતો કરી દેશો?' અખંડાનંદજીએ પૂછ્યું.

'હા જી, ચોક્કસ જ થઈ શકે એવું કામ છે. આપણને કોઈ આવો ખોટો રૂપિયો પધરાવી જાય તો એવું નુકસાન આપણે શું કામ વેઠીએ? આપ નાહક ચિંતા કરો છો. આવું તો મેં કેટલીયે વાર કર્યું છે.' મદદનીશે ઉત્સાહમાં આવીને કહ્યું.

'ના, ના આવું ના કરાય. એ માત્ર ખરાબ નથી, એ પાપ પણ છે. આપણે ક્યારેય કોઈને છેતરવા ન જોઈએ. આપણાથી આવું કામ થાય જ નહીં. આ તો નાલાયકીની

(અનુસંધાન પૃ. ૫૧૫)

વંશીનાદ શા સુમધુર કંઠની સ્વામિની, વીસમી સદીના પૂર્વાર્ધમાં બનારસની ખ્યાતનામ, ધર્મનિષ્ઠ અને ગરવી ગાયિકા

બડી મોતી

મધુસૂદન ઢાંકી



ઓગણીસમી શતાબ્દીના ઉત્તરાર્ધમાં સંગીત અને કથ્થક નૃત્યના મહાન પ્રશ્રયદાતા, અવધના નવાબ વાજિદઅલી શાહના, અંગ્રેજોએ ખાલસા કરેલા રાજ્યની ઘટના પછી રાજધાની લખનઊ છોડી ગએલા દરબારી ગાયકોમાંથી ઉસ્તાદ બંધુઓ હસ્સુખાં (હદુખાં) તથા મોહમ્મદખાં સરખા કેટલાકને રિયાસત ગ્વાલિયરમાં રાજ્યાશ્રય સાંપડ્યો; તો ભૈરવસહાય આદિ તબલાવાદકો, લચ્છન મહારાજ - શંભુ મહારાજ આદિ આપણા યુગના પ્રસિદ્ધ નૃત્યકારોના પૂર્વજો, તેમજ ગાયકોમાંથી કેટલાકનો એક સમૂહ બનારસ જઈ વસ્યો. થોડા દાયકા વીત્યા પછી બનારસ ઉત્તરાપથમાં ઠૂમરી-સંગીત અને કથ્થક નૃત્યકલાનું કેન્દ્ર બની ગયું. વીસમી સદીના પ્રારંભના દશકાઓમાં ઉસ્તાદ મોજ્જુદીનખાં અને ઉસ્તાદ આશિકઅલીખાં તથા શમ્મુખાં, શિવા પશુપતિ, ગુજરાતી ગાયક રામજી ખેડાવાલ, સિયાજી મિશ્ર કિંવા સિયાજી મહારાજ, તદુપરાંત નેપાળ રાજ્યમાં આસ્થાન કલાકાર તરીકે પ્રતિષ્ઠિત બડે રામદાસજી અને પછીના દાયકાઓમાં મહાદેવપ્રસાદ મિશ્ર અને શ્રી ચન્દ્ર મિશ્ર સરખા સુવિશ્રુત ગાયકો થઈ ગયા. તો વિદ્યાધરીદેવી, હુસ્નાબાઈ, અચ્છનબાઈ, ઇજ્જનબાઈ સરખી ગાનારીઓ થઈ ગઈ, જે પરંપરામાં પછીની પેઢીમાં રસૂલનબાઈ, કાશીબાઈ, સિદ્ધેશ્વરીદેવી (અને આજે વિદ્યમાન વાગીશ્વરી દેવી તથા ગિરજાદેવી) સરખી પૂરવ અંગની ભારતનામી ગાનકલાધરિત્રીઓ થઈ છે. એમાં જૂની પરિપાટીમાં 'બડી મોતી' નામક મશહૂર ગાયિકા પણ થઈ ગઈ.

સન ૧૯૭૦-૭૧માં મેં શ્રી વ્યંકટરામાનુજમ્ પાસે કર્ણાટક સંગીત શીખવાની સાથે સાથે કિરાના ઘરાનાના ગાયક છન્નુલાલ મિશ્રા તથા ઉસ્તાદ આશિકઅલિખાંની પરંપરાના નારાયણ ચંક્રવર્તી (નાલુદા) પાસે હિંદુસ્તાની સંગીતની પણ તાલીમ લેવાનું શરૂ કરેલું. એ અરસામાં એક દિવસ બનારસની અમારી સંસ્થા American Institute of Indian studies ના તસ્વીર વિભાગના મદદનીશ (સ્વ.) ચોપડા પાસેથી સાંભળવા મળ્યું કે બનારસમાં બડી મોતીબાઈ જેવો સૂરસંપન્ન કંઠ આજે તો ભાગ્યે જ સાંભળવા મળે છે. (સ્વ.) પં. મહાદેવપ્રસાદ મિશ્ર સાથેની વાતચીતમાં તેમણે નિર્દેશ કરેલો કે પાછલા જમાનામાં બડી મોતી જ્યારે સભાખંડમાં ગાતાં ત્યારે તેમનો સુરીલો અવાજ ચોતરફ ફેલાઈ દીવાલોમાંથી ઊતરતો હોવાનો ભાસ થતો. બડી મોતી સંબંધમાં વાત નીકળતાં નારાયણ ચક્રવર્તીના ગુરુ અમીય ભટ્ટાચાર્ય (માસ્ટરજી)એ કહેલું કે, આર્થિક ભીંસમાં આવી ગયેલી એ ગાયિકા એક દિવસ એમને ઘેર આવી. એની ઇચ્છા વિદ્યાર્થિનીઓને સંગીત શીખવી આજીવિકા પ્રાપ્ત કરવાની હતી; પણ એમના જમાનામાં તો શિખવનારાઓ ગુરુજનો પાસેથી સીધી જ ગાયકી શીખતા; જ્યારે આજે તો સૌ પહેલાં સરગમ અને પલટાઓની તાલીમ અપાય છે. મોતીબાઈને એ પદ્ધતિ આવડતી નહોતી. એટલે માસ્ટરજી પાસે તેની પ્રક્રિયા જાણવા માટે આવેલી. અમીયબાબુએ તોરપૂર્વક કહ્યું કે, 'ઠીક છે, પણ તમારો કંઠ સૂરમાં છે કે નહીં તે જોવું પડશે. તમે કંઈક ગાઓ.' પછી તો બડી મોતીબાઈએ તરત સૂરો આરાધી ખ્યાલ ગાનની ઝલક બતાવી. અમીયબાબુ અવાક્ રહી ગયા! એમને કહેવું પડ્યું: 'આપ કા સૂર ઔર ગાના આલા દરજ્જે કા હૈ! આપકો સરગમ સિખને કી કોઈ જરુરત નહીં હૈ! આપ જિસ રીત સે સિખી થીં, ઉસી ઢંગ સે શિષ્યાઓં કો સિખાઈએ!' બનારસના મોટા ગજાના રઈશ અને કલાપારખુ તેમજ કલાસંગ્રાહક રાય કૃષ્ણદાસ તથા તેમના પુત્ર ડૉ. આનંદકૃષ્ણ પાસે પણ બડી મોતીબાઈના સંગીતની ખૂબ તારીફ સાંભળવા મળેલી. રાયસાહેબના અનુરોધથી ઑલ ઇન્ડિયા રેડિયોએ તેમની ગાનશૈલી અને ચીજોનું રેકૉર્ડિંગ કરવું શરૂ કરેલું. દુઃખમાં આવી ગયેલી બડી મોતીબાઈએ લગભગ વીસેક વર્ષથી ગાવાનું સદંતર છોડી દીધેલું : પરંતુ સંગીત સાવ ભુલાઈ ગયું નહીં હોય. એવામાં એક દિવસે સવારે એકાએક બનારસ રેડિયો સ્ટેશન પરથી 'મટુકી મોરી કાન્હા' સરખી શબ્દાવલીથી આરંભાતી, ભૈરવીમાં નિબદ્ધ ઠૂમરી સાંભળવા મળી. ગાયિકાના

કંઠમાં અપાર માધુર્ય અને સ્વરોના લગાવ-સંચાર પણ અદ્ભુત! આ તે કઈ ગાયિકા હશે જેનું ગાન આ પહેલાં કોઈ દિવસ પણ સાંભળ્યું નહોતું, તેનો વિચાર કરતો હતો ત્યાં ગાન પૂરું થઈ દાદરા ગાવાની શરૂઆત થઈ. તે વચ્ચેની ક્ષણમાં ઉદ્‌ઘોષકે એમનું નામ 'બડી મોતી' જણાવી 'અબ આપ ઉનસે ભૈરવી મેં દાદરા સૂનેંગે' કહ્યું ત્યારે મન આનંદિત થઈ ગયું. ચલો! આખરે બહુ પ્રશંસિત કંઠ સાંભળવા મળ્યો. તે ક્ષણથી જ તેમને રૂબરૂ મળવાની તીવ્ર ઇચ્છા જાગી.

બડી મોતી ક્યાં રહે છે તેની તપાસ કરતાં ખબર પડી કે કબીર ચોરામાં 'નાટીઈમલી'વાળા મહોલ્લામાં ક્યાંક રહે છે. રજાને દહાડે એક બપોરે શોધતાં તેઓ જ્યાં રહેતાં હતાં તે સ્થાન અચાનક મળી ગયું. અંદર જતાં વિશાળ ખુલ્લા ચોકમાં એક ઝાડ નીચે બાંધેલા ઓટલા પર, અશોકવનમાં બિરાજમાન સીતા સરખી, એક વૃદ્ધ મહિલાનાં દર્શન થયાં. ગુલાબિયા લાલ રંગની પીતાંબરી જેવી ભાસતી રેશમી સાડીમાં તેમનો એક કાળનો રૂપવાન હશે તેવો ચહેરો વાર્ધક્યની ગરિમાથી શોભતો હતો. મેં તેમને પૂછ્યું : 'યહાઁ કહીં બડી મોતીજી રહેતી હૈં ? ક્યા આપ બતા સકોગી કે ઉનકો મિલના સંભવ હોગા?' જવાબ મળ્યો: 'ઇસ શરીર કો લોગ બડી મોતી કહતે હૈ.' હું એક પળ જોઈ રહ્યો; પછી તરત જ કહ્યું : 'આપ કા સંગીત સૂન કે ઔર બનારસ કે પુરાને લોગોં સે આપકી ઔર આપકે લાજવાબ કંઠ કી તારીફ સૂન કે આપકો મિલને આયા હૂઁ.' 'ભૈયા! રસોઈ, પઘડી, ઔર ગાના બન જાતા હૈ, બનાયા નહીં જાતા.' (ઉત્તર તરફ આજ પણ કહેવત પ્રચલિત છે કે, 'રાગ, રસોઈ, પઘડી કબહુ કબહુ બન જાય.') તેમ છતાં મેં પાછલા દિવસોમાં સવારે (રેડિયો પર સાંભળેલી) તેમની ઠૂમરીનો હવાલો આપી, તેમની ગાયન-શૈલી અને નિઃસીમ મધુરતા ધરાવતા કંઠની પ્રસંશા કરવી ચાલુ રાખી. એક પળ તેમની નજર કંઈક ઉદ્વેગપૂર્વક ઊંડી ઊતરી ગઈ : ભૂતકાળના એમના સંગીતની યાદોના થરોમાં ડૂબી જતી લાગી. પછી એકાએક મારી સામે જોઈ ખામોશી છોડી કહ્યું: 'આપને મેરા ગાના કહાઁ સૂના? કીતના સુના? કબ સુના?' એમના પ્રશ્નો પાછળ મર્મ છુપાયેલો હતો. મેં તો એમનું સંગીત પ્રત્યક્ષ નહીં, રેડિયો પરથી સાંભળેલું; એ પણ અલ્પ પ્રમાણમાં જ, અને તે પણ એમના જીવનના પાછોતરા કાળમાં જ્યારે એમની ગાનકલાનો સૂર્ય અસ્તાંચલ સમીપ પહોંચ્યો તે વેળાનું. હું ચૂપ રહ્યો પછી તેમને આગ્રહ કર્યો કે કંઈક સંભળાવો. એમણે આછા-શા અચંબા સાથે મારી સામે જોયું. વર્ષોથી એમની પાસે કોઈ જ સંગીત સાંભળવા આવેલું જ નહીં! એમણે પછીની પળે શાંતિપૂર્વક તુલસીદાસનું એક ભજન થોડી થોડી મુદ્રાઓ, ભાવ ભંગિમાઓ સાથે ગાવું શરૂ કર્યું. એમનો સુરક્ત સ્વર હવામાં ચારે તરફ ફેલાઈ રહ્યો હતો તેનો હું સાશ્ચર્ય અનુભવ કરી રહ્યો. એમની ઉંમર એ સમયે ૭૫થી ઓછી નહીં હોય; પણ અવાજમાં હજીયે સરસતા અને માધુર્ય ટકી રહેલાં.

બે'એક અઠવાડિયાં પછી એક રવિવારે સવારે દશેક વાગ્યે તેમને ફરીને મળવા ગયો. પેલા ઝાડવાળા ચૉકથી દક્ષિણ તરફ રહેલા ખંડેર જેવા ભાસતા મકાનમં તેઓ રહેતાં હતાં. અંદરનો તેમનો એકમાત્ર ઓરડો બંધ હતો. પડસાળમાં પોતે રસોઈ કરી રહ્યાં હતાં. પાછળ એક પટારો પડેલો. મને જોઈને આવકાર આપી આંગણામાં પડેલા ખાટલા પર બેસાડ્યો. એટલામાં તેમનો એક પરિચિત છોકરો આવ્યો. આ સહૃદયી જુવાન તેમને જોઈતી રોજિંદી જરૂરિયાતની વસ્તુઓ-દાણાદુણી, શાકભાજી, દવાદારૂ આદિ લાવી આપતો. એમની સાધારણ મૂડીની સંભાળ પણ તે રાખતો હોય તેમ લાગ્યું. એમના ઘૂંટણમાં કેટલાંક વર્ષથી સંધિવા ઘર ઘાલી ગયેલો. દેવદર્શન સિવાય તેઓ બહાર જતાં નહીં. શાકભાજી સમારી, સગડી પર ચોખા ચડાવી, મારી સાથે વાતોએ વળગ્યાં.

એમના પૂર્વજો સદી-દોઢસદી પૂર્વે આર્મેનિયાથી ભારત આવેલા (તેમનો ગોરો ચહેરો અને આછી નીલી આંખો પરથી મને લાગેલું કે ઢબછબમાં સંપૂર્ણપણે ભારતીય દેખાવા છતાં તેમના પૂર્વજો પરદેશી હોવા જોઈએ.) એમનું કુટુંબ બંગાળથી પછી દરભંગામાં આવી વસેલું. એમના પિતા બાબુલાલ પછીથી બનારસમાં આવી વસ્યા, અને પુત્રી મોતીને સંગીતની તાલીમ આપવાનું શરૂ કર્યું. સિયાજી મિશ્ર પાસે તેમ જ બીનકાર દરગાહીલાલ પાસે આરંભિક તાલીમ લીધી. પછીથી બડે રામદાસજી પાસે પણ કેટલીક ચીજો શીખ્યાં; પણ તેમની ઠૂમરી, ટપ્પા, દાદરા આદિની પ્રધાન તાલીમ ઉસ્તાદ મોજ્જુદીનખાં પાસે સંપન્ન બની. પ્રથમ વિશ્વયુદ્ધના ગાળા સુધીનાં વર્ષો આ વિશેષ તાલીમ પાછળ વીત્યાં. કુટુંબમાં હવે કોઈ રહ્યું નહોતું; એથી આજીવિકાર્થે વીસીનાં અંતિમ વર્ષોમાં, પ્રમાણમાં યુવાન વયે, તેમણે ગાયિકાનો વ્યવસાય અપનાવ્યો. થોડા સમયમાં જ એમના કંઠની અને ગાનકલાની ચોતરફ તારીફ થવા લાગી. સારા એવા પૈસા, અલંકારાદિ ભેટરૂપે મળવા લાગ્યાં. બનારસથી ઈશાનમાં સારનાથ જવાના માર્ગે એમણે એક કોઠી ખરીદી અને ત્યાં તેમનો સૂર્ય મધ્યાહ્‌ને તપવા લાગ્યો. પણ સમૃદ્ધિનો આ સમય આખરે પૂરો થયો. પડતીની શરૂઆત થઈ એમના રસોઈયાથી. એમનાં ચાંદીનાં તમામ ઠામ-વાસણોની, અને કેટલીક અન્ય કીમતી જણસોની ચોરી કરી એ ભાગી ગયો. આ ઘટનાથી કેટલોક સમય વીત્યા બાદ એક દિવસ ધાડપાડુઓની ટોળી ત્રાટકી અને તેમનું તમામ - એ કાળની ગણતરી અનુસાર આઠેક લાખનું (આજના

ભાવે દોઢેક કરોડનું) - જરઝવેરાત અને રોકડ ઉઠાવી ગયા. આથી દુઃખી થઈ તેમણે મકાન વેચી નાખ્યું. હવે ગોઠણમાં સંધિવાના દરદની પણ થોડીથોડી શરૂઆત થઈ. સંગીતની મહેફિલો, અને સાથે જ આવક પણ, બંધ થઈ. બચેલો પૈસો પણ પછીનાં વર્ષોમાં ખવાઈ-ચવાઈ ગયો. છેવટે કબીર ચોરાના, અત્યારે રહે છે તે બિસ્માર અને સસ્તા ભાડાના મકાનમાં, રહેવાનું શરૂ કર્યું. પડતી દશા અને દરિદ્રતાએ તેમને સંસાર અને જીવનલીલાનું અસલી રહસ્ય સમજાવ્યું. અને આમ, જીવનના અંતિમ ચરણને સાર્થક બનાવવા છેલ્લાં કેટલાંક વર્ષોથી દેવદર્શન, વ્રત, જપ, તપમાં સમય ગાળવા લાગ્યાં. એમાં એમને શાંતિ મળવા લાગી. એમને હવે કોઈ મળવા આવતું નહીં; તેનો એમને રંજ પણ નહોતો.

આ મુલાકાત પછી એક દિવસ સાંજે એમને મારે ઘેર જમવા તેડી લાવ્યો. મોટી થાળીમાં શીરો-પૂરી સાથે વિવિધ ગુજરાતી વાનગીઓ પીરસી પ્રેમપૂર્વક જમાડ્યાં. એમની આંખો સ્નેહ અને સદ્‌ભાવથી આર્દ્ર બની ગઈ. જમ્યા પછી સંગીતની વાતો થઈ. બનારસની બે અન્ય મહાન ગાયિકાઓ - રસૂલનબાઈ અને સિદ્ધેશ્વરીદેવી - અને તેમની ગાયકીની મેં પ્રશંસા કરેલી. તેમણે શિર ધુણાવી હકારમાં પ્રતિભાવ આપ્યો. 'રસૂલન મૂઝસે છોટી હૈ! સિદ્ધેશ્વરી ગાંધર્વ હૈ.' એટલું ઉમેર્યું. (એક દિવસે સિદ્ધેશ્વરીદેવીને મળવાનું થતાં મેં તેમની પાસે મોતીબાઈના કંઠની પ્રશંસા કરેલી. એમણે પણ એમાં સહમતી દર્શાવી. 'વહ મોજ્જુદીનખાં સે સીખી થીં. હમારી ઔર ઉનકી ગાયકી મેં ફર્ક હૈ.') પછી મોતીબાઈએ મને ગાવાનું કહ્યું. મેં એક ભજન ગાયાનું સ્મરણ છે.

થોડાં અઠવાડિયાં પછી અમેરિકાથી ડૉ. પ્રમોદચંદ્ર આવ્યા. તેમની ઇચ્છા બનારસના જૂના ગાન-કલાકારોને મળવાની હતી. મેં તેમને બડી મોતીબાઈ વિષે વાત કરી. તેઓ કહે: 'ચાલો એક દિ મળવા જઈએ.' અને એક રવિવારની સવારે નવેક વાગે એમને ઘેર પહોંચ્યા. સાથે એમને દેવા ફળો લઈ ગયેલા. એમના ઘરની દશા અને એમની સ્થિતિ જોઈ પ્રમોદજીનું દિલ ભરાઈ આવ્યું. બહાર નીકળ્યા બાદ એમણે કહ્યું કે, એમના પગના વાનો ઇલાજ કરવીએ, જે ખર્ચ થાય તે. મેં તરત જ હા પાડી અને એક રજાના દિવસે એમને સમજાવી અમારા પરિચિત અને બનારસના ખ્યાતનામ, સૌજન્યશીલ, અને સહૃદયી ડૉક્ટર ગંગાસહાય પાંડે પાસે લઈ ગયો. ડૉક્ટર સાહેબની દરદીઓ પરત્વે અપાર સહાનુભૂતિ રહે છે. દરદીને કાળજીપૂર્વક, પૂરતો સમય લઈ તપાસ્યા પછી નિદાન કરી, દરદીને તેના દરદ વિષે, દરદની ઉત્પત્તિનાં કારણો દર્શાવી એની અસરો વિષે, અને ખોરાકમાં પથ્યાપથ્ય વિષે વિગતવાર, ધૈર્યપૂર્વક, સ્નેહપૂર્વક સમજાવે. એમનાં ગૌરવશીલ અને પ્રશાન્ત વ્યક્તિત્વ અને આત્મીયતાપૂર્વક કહેવાની એમની રીતથી જ દરદી અર્ધો તો સાજો થઈ જાય. એમની ભલામણ કરેલી દવાઓ મોંઘી, પણ અસરકારક; અને નિદાન પણ સચોટ, અફર. તે સવારે તેમણે બડી મોતીના પગને ધ્યાનથી તપાસ્યા. સાંધાઓની ખાસ પ્રકારની અને સહેલાઈથી થઈ શકે તેવાં શેકની વિધિ સમજાવી. (જૂનું દરદ હોવાથી તાત્કાલિક મટી ન શકે. બીજી દવાઓની આવશ્યકતા નથી એમ પણ તેમણે કહેલું.) પછી મેં ફી બદલ રૂ. સોની નોટ ટેબલ પર મૂકી. ડૉક્ટર સાહેબે શાંતિ, ગૌરવ અને ભાવપૂર્વક મોતીબાઈની સામે જોઈ, સહેજ નમી, હાથ જોડીને 'આપ કાશી કી વિભૂતિ હૈં' કહી પૈસા સામેથી નજર ફેરવી લીધી. એમની મહાનુભાવિતાથી હું ગદ્‌ગદ થઈ ગયો.

વસ્તુતયા એ દિવસોમાં હું વિચારી રહ્યો હતો કે એમને આર્થિક મદદ શી રીતે કરી શકું. બનારસમાં હું ગુજરાત સરકાર તરફથી American Institute of Indian Studiesમાં સન ૧૯૬૬થી ડેપ્યૂટેશન પર હતો. આ આંતરરાષ્ટ્રિય સંસ્થામાંથી તેમના ધોરણે પગાર તો સરકારે (એમના કાનૂન અનુસાર) લેવા દીધેલો નહીં, પણ એમના તરફથી જેટલાં વર્ષ ત્યાં રહેલો તે વર્ષોમાં વાર્ષિક ઇજાફો (increment) પણ લેવાની પરવાનગી નહોતી આપી. આથી પગાર પણ હું જોડાયો તે સમયે જે મુકરર થયેલો તે જ છેવટના સાતમા વર્ષ સુધી એ જ સ્તરે સ્થિર રહેલો. એટલું જ નહીં, મળતા પગારમાંથી અમુક હિસ્સો સરકારના નિવૃત્તિવેતન નિધિમાં અને છુટ્ટીના મહિનાઓમાં સરકાર તરફથી મળનાર પગારના નિધિમાં પ્રતિમાસ અમદાવાદની સરકારી તિજોરીમાં જમા કરાવવો પડતો હતો. બીજી બાજુ સંગીત શીખવા પાછળ માસિક ટ્યૂશન ફી પણ આપવાની રહેતી હતી. શોધકાર્ય માટે પુસ્તકોની ખરીદી પાછળ પણ કેટલોક ખર્ચ થતો હતો. આથી મારી ઘણી ઇચ્છા છતાં વિશેષ કંઈ કરી શકેલો નહીં. પછી એક દિવસે વિચાર કર્યો કે તેમની પાસે તેમની શૈલીનું સંગીત શીખું અને ફી પેટે તેઓ જે માગે તે ગમે તેમ કરીને પૈસા બચાવી તેમને આપું. પં. છન્નુલાલજીને આ સંબંધમાં વાત કરી તો તેમણે સાફ મનાઈ કરી. 'તમારા જેવા માતબર સંસ્થાના અધિકારીથી ગાયિકા પાસે સંગીત શીખવા ન જવાય. હું પણ બનારસી છું, અને પૂરવ અંગની ઠૂમરી, ટપ્પા, દાદરા, તેમ જ હોરી, ચૈતી, કજરી, ભજન, ગઝલ વગેરેનું જ્ઞાન ધરાવું છું. આ બધું શીખતાં પહેલાં ખ્યાલ ગાયકીનો પાયો પાકો કરી લેવો જરૂરી છે. (તે વર્ષોમાં તેમણે મને યમન, માલકોસ, કેદાર, લલિત, મિયાંમલ્હાર, વસંતકેદાર, તથા પૂરિયા અને શ્રી· રાગ શીખવેલા.) હવે હું તમને ઠૂમરી અને ટપ્પા શિખવીશ.

એ પછી તેમણે ખમાજમાં 'કોન ગલી ગયો શ્યામ', ભૈરવીમાં 'તક નિગાહેં યાર દીં' બોલવાળો ટપ્પો, 'ચૈત માસ બોલે રે કોયલિયાં હો રામા'થી શરૂ થતી ચૈતી, પં. ડી. વી. પલુસ્કરે ગાયેલાં તુલસીદાસનાં બે ભજનો, અને ગાલિબની એક ગઝલ શિખવાડેલાં.

રાયકૃષ્ણદાસ દ્વારા પ્રસ્થાપિત 'ભારત કલા ભવન'ના સુવર્ણ જયંતી મહોત્સવ પ્રસંગે એક સંગીત મહેફિલ યોજાયેલી. ઉત્તર પ્રદેશના તે વખતના રાજ્યપાલ ગોપાલ રેડ્ડી મુખ્ય અતિથિરૂપે આવેલા. તે દિવસના દાયરામાં બિસ્મિલ્લાખાં અને કિસન મહારાજ સહિત બનારસના અનેક નામી કલાકારો પણ ઉપસ્થિત હતા. મુખ્ય કલાકારે ગાઈ લીધા પછી રાયસાહેબે બડી મોતીબાઈને ગાવાનું કહ્યું. એમણે સુરદાસી મલ્હાર અને ત્યાર બાદ ટપ્પા તાનો અને મુરકીઓ મિશ્રિત ઠૂમરી ગાઈ. ગાયક મિત્ર એમ. આર. ગૌતમ પાસે મેં અગાઉ બડી મોતીબાઈની ગાનશૈલીની પ્રશંસા કરેલી ત્યારે એમણે ટકોર કરેલી કે 'It is a music of the past'. પણ તે દિવસે જ્યારે મોતીબાઈએ કણદાર ચમકયુક્ત તાનોનો સપાટો બોલાવ્યો ત્યારે એ ભૂતકાલીન સંગીતના પ્રકાશપુંજમાં આગલા કલાકારે ગાયેલું ઝંખવાઈ ગયાનું શ્રોતાજનોએ મહેસુસ કરેલું તેવું સ્મરણ છે.

એ વર્ષોમાં મેં જૂનાગઢ નિવાસી, સંગીત મરમી, મુરબ્બી સ્નેહી અને શુભેચ્છક બચુભાઈ રાજા(ચિત્તરંજન રાજા) તથા તેમના મુંબઈવાસી, એટલા જ સંગીતપ્રેમી અને કલામર્મજ્ઞ બાબુભાઈ રાજાને બનારસની મુલાકાતે આવવાનું આમંત્રણ આપી રાખેલું. ક્યારેક જૂનાગઢ કે મુંબઈમાં બાબુભાઈને ત્યાં ઊતરવાનું થતું ત્યારે એ વિષે યાદ દેવડાવતો. એક દિવસ બચુભાઈનો એકાએક પત્ર આવ્યો, કે બાબુભાઈને બનારસની જૂની ગાયકી, જો ક્યાંયે શેષ રહી હોય, તો તેનું રેકૉર્ડિંગ કરવું છે. મેં વળતી ટપાલે બડી મોતીબાઈનું નામ આપ્યું. અને બન્ને ભાઈઓ (તેમજ બાબુભાઈનાં પત્ની) બનારસ આવ્યાં. કલાર્ક હોટેલમાં ઊતરેલાં. બીજે દિવસે તેમને બડી મોતીભાઈ પાસે લઈ ગયો. પછીના દિવસે સાંજે મારે ઘેર, થોડા મિત્રોને આમંત્રી, મોતીબાઈના ગાયનની એક નાની સરખી મહેફિલ રેકૉર્ડિંગ માટે ગોઠવી. મોતીબાઈએ મને કહેલું કે એમના યુગની ગાયકીના તાલોનો જાણકાર કોઈ તબલચી હોય, જે તેમને જોઈએ તેવા ઠેકા આપી શકે તેમ હોય તો જ તેમને ગાવું ફાવે. મેં મારા પરિચિત, (સ્વ.) અનોખેલાલના શિષ્ય, છોટાલાલ મિશ્રને વાત કરી. તેમણે કહ્યું કે જુઓ, જૂની પદ્ધતિ પ્રમાણેના બાજને આજે તો કોઈ જ અનુસરતું નથી; પણ હું તેમની પાસે ગણતરીઓ સમજી લઈ સંગત ચોક્કસ કરી શકીશ. બડી મોતીબાઈએ તે સંધ્યાએ પહેલાં રાગ બાગેશ્રીનો ખ્યાલ, પછી એક ઠૂમરી અને ત્યાર બાદ એક ટપ્પો મળી લગભગ સવા-દોઢ કલાક જેટલું ગાયેલું. બચુભાઈએ એમના સુમધુર ગાનમાં આસાનીથી વહેતા સફાઈદાર ગમકો અને સુરીલી તાનો સાંભળી પ્રશંસાપૂર્વક કબૂલ કર્યું કે, બાઈ ટપ્પાની પ્રથમ દરજ્જાની ગાયિકા છે.

સન ૧૯૭૭થી ભારતીય દેવાલય સ્થાપત્યના મહાકોશના દળદાર ખંડોની ક્રમશઃ મુદ્રણયોગ્ય નકલો તૈયાર કરવામાં પડ્યો. સમયાભાવે સંગીત શીખવાનું તેમ જ સંગીતકારોને મળવાનું પણ છોડી દેવું પડ્યું. સાંભળ્યું હતું કે, બડી મોતી વચ્ચે વચ્ચે પ્રભા અગ્રવાલને ત્યાં રહેતાં અને એમને પોતાની શૈલીનું શિક્ષણ આપતાં હતાં. પણ એમને તે પછી મળી શકાયું નહીં. સન ૧૯૮૪ના અરસામાં તેમના અવસાનના સમાચાર સાંભળ્યા. ઘણો રંજ અનુભવ્યો. છેલ્લાં વર્ષોમાં તેમને મળી શક્યો નહીં તેનો વસવસો રહી ગયો છે.

આજે મેં સાંભળેલી એમની ગાયકી સંબંધમાં વિચાર કરું છું ત્યારે મારી સામે તેમની એક કેસેટ પણ પડી છે. તેમણે AIR પર ગાયેલી કેટલીક ચીજોનો એમાં નાનકડો સંગ્રહ છે. પાછલાં વર્ષોમાં તેઓ કેવું ગાતાં તેનો અંદાજ તેના પરથી આવી શકે છે. એમના માર્દવપૂર્ણ, ધ્વનિમંજુલ, રક્તિમય કંઠમાં, જરાયે ધક્કો દીધા સિવાય સ્વરો આરોહી-અવરોહી સંચારો અને ગમકો તેમ જ તાનોમાં આસાનીથી રમતાં રમતાં, સ્વરમૈત્રીપૂર્વક અને સાચા શ્રુતિસ્થાનોએ લગાવ થતો હોવાથી રોચક અને રંજક અસરો ઉપજાવતા હોવાનો અનુભવ થાય છે. પરંતુ દાયકાઓથી શાસ્ત્રીય સંગીત સાંભળતાં રહેવાથી એક વાતનો નિશ્ચય થઈ ગયો છે કે પ્રત્યેક ઘરાનાની ગાયકીની અને ગાયક-ગાયિકાઓની ગાનશૈલીમાં કેટલીક શૈલીગત, રૂઢીગત અપ્રસન્નકર બાજુ - ખૂબીઓ સાથે ખામીભરી ખાસિયતો - પણ હોય છે. અંગ્રેજીમાં જેને mannerist અને mannerism કહે છે, તેનાથી બડી મોતીબાઈનું સંગીત પણ મુક્ત નહોતું. પુરાણી ગાયકીઓમાં ટુકડેટુકડા પાડી ગાવાની પદ્ધતિ, તાર સપ્તકમાં સ્વરોનું સંકીર્ણ બની દબાઈને વિકૃત થઈ જવું, અને ચાલીસીથી રાગના જોવા મળતા વિસ્તારનો અભાવ તેમના સંગીતમાં પણ વરતાય છે; અને છતાં ભૈરવીમાં ગવાયેલી તેમની ઠૂમરીઓમાં ડોલાયમાન કરી દેતાં કેટલાંયે તત્ત્વો તરી આવે છે. ઉત્તરાપથની પુરાણા યુગની મહાન સંગીત કલાધરિત્રીઓમાં બડી મોતીબાઈનું પણ સ્થાન અવશ્ય છે. હિંદુસ્તાની સંગીતની તવારીખ પૂર્ણરૂપે લખાશે ત્યારે તેમનું નામ પણ ઉત્તમ કંઠ અને અભિજાત ગાનની સાધિકારૂપે અંકિત થયેલું જોવા મળશે. □

ફૂમો

રમેશ ત્રિવેદી

ગંગાબાની ઊંડી ઊતરેલી આંખો ઠાકુરજીના ગોખ પર સ્થિર થઈ ગઈ હતી, ને એ પૂજાપાઠ કરવાના પાટલા પર એકદમ સ્ટેચ્યૂવત્ બેઠાં હતાં. એમના કમ્પતા હાથમાંની ગોમુખી, આંગળીઓ વચ્ચે થંભી ગયેલો માળાનો મણકો, પૂજાપાત્રી, ફૂલ-માળા, તુલસીદલ, અગરબત્તી, ધૂમ્રસેર, તરભાણું, આચમની, ચાંદીનો પ્યાલો, દૂધ, તાસકમાંનો સાકરનો પ્રસાદ, જળભરેલો ત્રાંબાનો લોટો, ચંદન-કાજનો ઘસાઈ ગયેલો છપતરા જેવો ટુકડો, ઓરસિયો, દીવીઓ, આડી ઊભી દીવેટો, શગનું હાલક-ડોકલ થતું અજવાળું, પાલખાની જમણી બાજુએ પડેલો 'શ્રીમદ્ ભગવદ્‌ગીતા'નો રાતા રેશમી કાપડથી બંધાયેલો ગુટકો, ને આંખો દ્વારા ઠાકુરજીના સ્વરૂપને હૃદયમાં પધરાવી રહ્યાં હોય તેવી તન્મયતાથી તાકતાં બેસી રહેલાં ગંગાબા.

માળાના થંભી ગયેલા મણકા પુનઃ ફરવા માંડ્યા. ને સુક્કા ફફડતા હોઠ પર 'શ્રીકૃષ્ણ શરણમ્ મમ'નું રટણ શરૂ થઈ ગયું. ઠાકુરજી પરથી ધીમેથી ખસેલી નજર દીવાલ પર ટીંગાડેલી દેવ-દેવીઓની છબિ પર ભાવવિભોર બનીને ફરતી રહી, ને બે હાથ જોડી, માથું ઝુકાવી એ એક પછી એક છબિને વંદી રહ્યાં. નજર એકાએક એક છબિ પર સ્થિર થઈ ગઈ : છબિમાંનો આધેડવયનો પ્રસન્ન લાગતો ચહેરો, કાશ્મીરી ભરત ભરેલી ટોપી, વિશાળ ભાલ પરનું ત્રિપુંડ, કરચલીઓ, અક્ષત, પુષ્પ-પાંદડી... અને....

ગંગાબાના હાથમાંનો મણકો ફરી પાછો થંભી ગયો. ને નજર છબિ પરના કાચની જેમ ચોંટી ગઈ ચપોચપ. પાલખા પર પડેલી આરતીની જ્યોત બુઝાઈ જવા આવી હતી. દીવાનું તેજ ધીમેધીમે ક્ષીણ થઈ રહ્યું હતું.

'કઉં છું સાંભળો છો કે?...' ચિરપરિચિત અવાજનો જાણે સ્પર્શ થયો હોય તેમ ગંગાબાની સ્તબ્ધ બનેલી નજર એકાએક ચમકી ઊઠી.

છબિમાંનો હસતો ચહેરો સૂચકપણે પૂછી રહ્યો હતો: 'કઉં છું ગવરીની બા, તમે સાંભળો છો ને?'

અવાક્ બની તાકી રહેલાં ગંગાબાએ હકારમાં માથું હલાવ્યું, 'ને મનોમન બોલ્યાં : 'અરેરે! પ્રભુ! વરસો પછી આ તે વળી કેવી ભ્રમણા?...'

છબિમાંની તેજસ્વી આંખો એમના ભણી તાકી રહી હતી એ જોઈને એમનું અચરજ વધી ગયું હતું. હાથમાંની માળા ને આંગળીઓનાં ટેરવાં કમ્પી રહ્યાં હતાં. હોઠ ધ્રૂજતા હતા.

પૂજાની ઓરડીમાંનું આછું ઝરમર અંધારુ કમ્પી રહ્યું હતું. ઓરડીની અડોઅડ આવેલા રસોડામાંથી સાણસી-ચીપિયાનો ખખડવાનો અવાજ સંભળાતો હતો. ને રાંધવા બેઠેલી મોટી વહુના મોંઢેથી ગુંજતું કોઈ ગીતનું ગુંજન.... ઓસરીમાં રમતાં છોકરાં કલબલાટ કરી રહ્યાં હતાં.... ફળિયામાં કોઈકને ત્યાં વાગતા ટેપરેકોર્ડરનો બખારા જેવો અવાજ સંભળાતો હતો. પાલખામાંના દીવાઓના દીવા બધા રામ થઈ ગયા હતા. કમ્પતી આંગળીઓ વચ્ચે મણકા ફરી રહ્યા હતા. અગરબત્તીની ધૂમ્રસેર વળ ખાતી હતી.

'કઉં છું સાંભળો છો ને ગવરીની બા!?...' ગંગાબાની નજર ચમકીને હાથમાંની ગોમુખ પરથી ઊંચકાઈને છબિ પર છવાઈ ગયેલા આછા અંધારા પર સ્થિર થઈ ગઈ.

બાથરૂમ ગાજી ઊઠ્યું : નાની વહુ લૂગડાં ધીબાવી રહી હતી, ને આમેય હાથ એનો ભારે હતો, ને કદાચ વળી જેઠાણીએ બે બોલ કહ્યા હશે તે...

ઓરડીના જાળિયામાંથી તેજના લિસોટા જેવું અજવાળું પ્રવેશ્યું. એકદમ અપાર્થિવ લાગતા છબિમાંના ઘેરા અવાજ જેવા તેજે અકળાવી મૂક્યાં એમને.

શ્રાવણિયા આકાશનો ટુકડો, વાદળોનો તડકો-છાંયો, સૂરજની સંતાકૂકડી ને જાળિયા પાસેથી ઊડેલું કબૂતર, પાંખોનો શમી ગયેલો ફફડાટ.... રસોડામાં કૂકરની લાંબી વ્હીસલ વાગી. થોડીક વારમાં જ ફરી પાછું જાળિયા પર અંધારું છવાઈ જતાં ઓરડીમાં અંધકાર છવાઈ ગયો.

ગંગાબાએ માળામાં ચિત્ત પરોવ્યું. પાલખામાંનો ઝીરોનો બલ્બ કેટલાય દહાડાઓથી ઊડી ગયો હતો, પણ બીજો લાવી આપે કોણ?.. રઘવાટિયા છોકરા નોકરી-ધંધા પાછળ ઊંધું ઘાલીને પડ્યા હતા. શ્વાસ લેવાની ય નવરાશ ન હોય ત્યાં માની તીતૂડી કાને પડે જ શાની?... હા, એમની હગલીઓ કે' તો આભના તારા ય હાજર થઈ જાય અબી ને અબી...

'ગવરીની બા, કેમનું ચાલે છે બધું!?'

'હોવ... તમે ય મારો હવે દાઝ્યા પર ડામ!...'

ગંગાબા ઠપકાભરી નજરે છબિ સામે તાકી રહ્યાં.

'-ખરેખર તમે કે'તાંતાં એ સાવ સાચું પડ્યું હોં!...'

'ઘરની માયા બહુ સારી નઈ, મારું ઘર... ને મારાં છોકરાં-છૈયાં. મારો વાડી-વજીફો ચારેય ધામની બધી જાત્રા મારે તો ઇમાં જ આઈ ગઈ!... દેવદર્શન ને પૂજાપાઠ બધું જ આઘું મૂકીને 'મારું..મારું' કરીને રાત-દા'ડો મરી હેડી'તી તે હવે જ્યાં તમારી આંખો મીંચાઈ કે બધી ખરી ખબરો પડી ગઈ હોં! હવે તો આ બધી ય જળોજથા મૂકીને આ મારો ઠાકોરજી...'

છબિ પરથી ખસીને ગંગાબાની નજર, પલાખા પર સ્થિર થઈ ગઈ. ભીંજાયેલી આંખોમાં ઓરડીનો સૂનકાર જાણે એકદમ ઊંડો ઊતરી ગયો હતો.

થોડી વાર પછી ફરી ખખડતી ડોલ. ટેપરોકોર્ડરનો બખાળો

અને ગંગાબાએ આંખોના ખૂણાને લૂછી નાખ્યા. છબિ સામે જોયું. છબિમાંનો મ્લાન ચહેરો ફિક્કું હસ્યોઃ

'કઉં છું... કબૂતરને ચણ કેમ નથી નાખતાં હવે?.. હેં!?'

'ખરા છે મારા વા'લા!.. કેવું સરસ બહાનું ગોતી નાખ્યું તમારા ડાહ્યા દીકરાઓએ!? તમને કહેઃ 'બા, ચણ નાખવાથી તો ઊલટાનું પાપ થાય છે હોં!.. આંતરે દા'ડે પેંધેલી બિલાડી કબૂતરને મોંમાં ઘાલીને મેડી પરના ભંડકિયામાં ભરાઈ જાય છે. ને એ ગંદવાડ થાય, ને કશો રોગદોગ'. ગવરીની બા, મારી હયાતીમાં તો મારી હારી આ બિલાડી કુણ જોણે ક્યાં સંતાઈ ગઈ'તી હેં!?... તમને તો કદાચ બધું યાદ નઈ હોય. પણ મારા દાદા વિશ્વનાથ મા'સુખરામ જોષી હતા. તે એ તો ભૈ, વહેલી સવારે ઊઠતા, ને પછી ગામ-તળાવે નહાવા જતા. સાથે પંખી માટે જાર ને કીડીઓનાં નઘરાં પૂરવા માટે લોટ ય લઈ જતા. મંદિર-મા'દેવ કર્યા કેડે પૂજાપાઠ કરે ને પછી ફળિયામાંથી કૂતરાં માટે રોટલા ઉઘરાવવાના, એ પછી રોટલા લઈને વગડે જવાનું. ભૂખ્યાં કૂતરાંને ધરવ થાય એટલે મોડેથી ઘેર આવીને જમવાનું. બોલો, આ બધું ઘૈડિયાંનાં પુણ્યે જ ભોગવી રહ્યા છે તમારા આ પુત્તર, સમજ્યાં કે નઈ!?'

ગંગાબાએ છબિ સામે જોતાં જોતાં હકારમાં માથું હલાવ્યું: 'હું તો બધું સમજીને બેઠી સુ.. પણ તમારા આ લાડવાયા ને એમની બૈયરો સમજે તો ને!?.. અરે! હવે તો ઘરમાં કો'ક દા'ડો કીડિયારું ઉભરાય કે મકોડા નીકળી આવે તોય કોઈને ના ગમે, હું કહું કે એ તો ભાગ્યશાળીને ઘેર... પણ મારી તીતૂડી કોઈ હોંભળે તો ને!?... મા તો જાણે સાવ વેવલી... અરે! ગઈ અગિયારસના દા'ડે જ દવા ભભરાવીને તમારા મોટાની વહુએ એં... નઈ નઈ તો એક લાખ કીડીઓનો દાટ વાળી દીધો.. મેં તો ઠાકોરજીના પાલખા કને જઈને ખોળો પાથરીને કાલાંવાલાં કર્યાં.. પોસ પોસ આંસુડાં પાડ્યાં ને આખો દા'ડો નકોરડો ઉપવાસ કર્યો, તો ય ઘરમાં તો કોઈ કે'તાં કોઈના ય પેટનું પાણી હાલ્યું નઈ હોં...ઉપરથી નાનકો શું બોલ્યો ખબર છે?.. કહે, ઓહો! થોડી કીડીઓ મરી ગૈ એમાં શું થઈ ગ્યું!?... પગ તળે દા'ડાની કેટલીય કીડીઓ...'

ગંગાબાની નજર છબિ પર સ્થિર હતી. મણકા ફરતા હતા. હોઠ ફફડતા હતા. ઘણા બધા દહાડાનું ભેગું થએલું બધું રહી રહીને ઘૂંટાઈ રહ્યું હતું જાણે - 'તમને ખબર છે?... બારીએ ટીંગાતી જળકુંડીય ગઈ!.. આંગણે પડી રહેતી ચાટ ને તુલસીક્યારો ય ગ્યો... આ તો બધું નડતર... ઈમનાં સ્કૂટરોની અડફેટમાં આવે ખરાંને!... હોય, હવે તો જૂનું એટલું બધું ય 'નડતર' સમજ્યા ને.'

જાળિયામાંથી ફરી પાછું અજવાળું રેલાયું. ગંગાબા સૂનમૂન બનીને એ તરફ તાકી રહ્યાં. બપોરનો સૂનકાર ઘર-ફળિયામાં છવાઈ ગયો હતો. છોકરાં નિશાળે પહોંચી ગયાં હતાં. રસોડામાં ય કદાચ ઢાંકો-ઢૂબો થઈ ગયો હતો. લૂગડાં વળગણીએ નંખાઈ ગયાં હતાં. ગંગાબાએ પાલખા સામે જોયું, પાલવ વડે મોં અને આંખોના ખૂણા લૂછી નાખ્યા. નજર વળીવળીને છબિ તરફ જતી હતી. ફરી પાછાં એ છબિમય બની ગયાં.

'ગવરીની બા, કેમ ખાવું નથી આજે!?... એક વાગવા આવ્યો!...,

ગંગાબાએ નકારમાં માથું હલાવ્યું: 'આજે સોમવતી અમાસ છે એક ન.. ને ઓમય બહુ દા'ડા ખાધું-પીધું ન રાજ કીધું... હવે તો શું કઉં તમને!?... એં... મોંમાં કોળિયો મેલતાં કાળજું મારું વઢે જાય છ!... ઘર-ગૃહસ્થીના બધાય આચાર -વિચાર હવે તો નેવે મૂકયા છે ભણેશરી વહુઓએ તો... અંધારુંધબ્બ થઈ ગયું હોં બધું.. એં,.. તમે હતા ત્યાં લગી તો બધું જેમ તેમ કરતું જળવાતું.. પણ હવે તો?.. જે ઘરમાં સૌથી પહેલું કાગડા-કૂતરાં ન ગાય માટે રોટલો-રોટલી કઢાતાં'તાં.. ત્યાં સમ ખાવાને ય... અરે! અગ્નિદેવને આહુતિ ય ક્યાંથી આલવી? ઘરમાં હવે ચૂલો ય ગૅસનો બળ્યો છે!'

ગંગાબાની નજર એકદમ ત્રાટકની જેમ છબિ પર મંડાઈ ગઈ હતી. એમનું એકવડું શરીર આખેઆખું ધ્રૂજી રહ્યું હતું જાણે. કમ્પતા હાથે પોતાના જ ગાલ પર એમણે ચીમટો ભરી લીધો, ને એ સાથે જ એમનો સાદ ફાટી ગયો: 'બળ્યું આ જીવવું ને બળ્યું આ બે ટંક ડોઝાં ભરવાનું. હું તો હવે મારા આ ઠાકોરજીને એટલી જ અરજી કરું છું કે મને કોઈનાય હાથનો પોણીનો લોટો... એ પે'લાં જ આવી ન આવી હરતી-ફરતી જ બોલાઈ લે...'

'કેમ? કેમ? આટલો બધો વલોપાત ગવરીની બા!?' છબિમાંથી ખળભળી ઊઠેલો ઘેરો અવાજ બહાર આવ્યો. ને એ અવાજે ઠાકોરજી તરફ સ્થિર થયેલી ગંગાબાની નજરને એકદમ હચમચાવી મૂકી જાણે. છબિ સામે જોતાં જોતાં ગંગાબાએ ફરી આંખોના ખૂણા લૂછ્યાઃ 'તમે જ કો' ત્યાર શું કરું!... નથી જોવાતું આ બધું, ને નથી સે'વાતું... તમે ગ્યા ને પાછળ બધાંય ધરમ ને કરમ ય ગ્યાં... એં,... ઘર તો મારું ઘરને ઠેકાણે ઘંઘોલિયું કરી મૂક્યું છ મારા રોયાઓએ... તમે હતા ત્યારે તો રૂપાળા વે'લા ઊઠી, નહાઈ-ધોઈને ઘરનાં બધાં ય પૂજાપાઠ કરે, માળા કરે, ને પછી દૂધ... પણ હવે તો મારા હારા નઘરોળ, ગમે ત્યારે ઊંઘે, ને ગમે ત્યારે ઊઠે,... ને ઊઠતાંની હારે મોં વીંછળશે ઈમનો ભા, મૂવાં, ઈમનાં ચા-પોણી ને નાસ્તા, ન મૂવાં ઈમનાં પેટ!... એક વૈષ્ણવનું ઘર ઊઠી ન લછણ-ડુંગરી!?... હું તો લાજી મરી બાપ!...'

'બા, દોઢ વાગવા આયો,.. ચા-કૉફી લેશો કૈં!?'

ઓરડીના બારણા પાસે આવી ઊભેલી મોટી વહુના અવાજે થોડાં ચમકાવી મૂક્યાં એમને. એમણે એની સામે જોયું. થોડુંક મૌન જાળવ્યું. ને પછી ધીમેથી કહ્યું: 'ના રે ના, કૈં નથી

લેવું, મારે તો અમાસ ય નકોરડી...' - ને વાકય પૂરું થાય એ પહેલાં જ વહુ બારણામાંથી અલોપ થઈ ગઈ હતી.

ગંગાબાએ ઊંડો શ્વાસ ખેંચી છબિ સામે જોયું, ને તૂટતા સ્વરે કહ્યું: 'જોયું ને!?' - છબિમાંથી એમનો જ સાદ પડઘાયો જાણે : 'જોયું ને!?...'

ઓરડીમાં ફરી પાછો સૂનકાર છવાઈ ગયો. જાળિયામાંથી ઠંડો પવન ફૂંકાઈ રહ્યો હતો. દૂર ક્યાંક વાદળી વરસી ગઈ હતી કદાચ. ગંગાબા હાથમાંની ગોમુખી, માળા પાટલા પર મૂકીને ધીમેથી ઊભાં થયાં. ખૂણામાં મૂકેલી માટલી પાસે ગયાં. થોડું પાણી પીધું. ફરી પૂજાના પાટલે આવીને બેઠાં. ફરી આડી-ઊભી દીવેટો મૂકીને દીવી પ્રગટાવી. ફરી ગોમુખી, માળા, મણકા, ટેરવાનો કમ્પ, છબિ પર મંડાઈ ગયેલી નજર ને ફરી મનમાં ઊઠેલી એની જ ચર્વણા:

'છેવટના દા'ડામાં જેમ તમારી આંખોમાં ઝામરનું પૉણી ઊતર્યું ન આંખો ગઈ, એમ મને શીદને થતું નથી!?... આવા ન આવા વિચારો રાત ને દા'ડો આયા કરે છ બોલો?! તમે કોઈ કોઈ વાર મશ્કરીમાં મને 'ગાંધારી' કહીન બોલાવાતા'તા ન?.. લ્યો, મું તો હવે હાચમાચની... હોવ, દેખું તોય હાવ ઑંધળી તમારા હમ, આ બધું જોવાનું ચ્યોં મારા લમણામાં!? ઈના કરતાં તો...'

'ગવરીની બા, ગવરી સાંભરે છે કે નઈ કોઈ દા'ડો?'

ગંગાબાએ છબિ સામે જોતાં જોતાં જ આંખો મીંચી દીધી, ને ક્યાંય સુધી એ ગૂમસૂમ બનીને બેસી રહ્યાં. ઊંડો શ્વાસ લઈને કંઠની ખખરી દૂર કરતાં એ છબિ સામે જોઈને બોલ્યાં : 'આ તે તમે કેવો સવાલ કર્યો?... ગવરી તે વળી ભુલાય ખરી કે?.. કઉ સુ, ગવરીની હેડની માણકા લવારની ચંપી ખરીને.. ઈણે રાંડે તો બાપનું નાક કપાયું હોં બર્યું. સાખ પાડોસી રહ્યા એટલે જીવ બળે છે.. મૂઈ એ અભાગણી લગન દા'ડે જ પીઠી ચોળેલી ન ચોળેલી, હઉની આંખોમાં ધૂળ નોંખીન પ્હેર્યે લૂગડે જ... ઈના બાપે કરેલા દહ તોલાના દાગીના લઈને - ઈની બૅન્કના પટાવાળાને... બોલો, અવ કે'વું સ કૈં!?.. મું તો કઉ સુ કે આપડી ગવરીય મૂઈ મરી ગૈ તે!... જીવતી હોત ન કદાચ છન ઈને ય આ રાંડ ચંપલીનો સંગ લાગ્યો હોત, ન..., એં,... બાપ મું તો જીભ કચડી ન મરી જઉં હોં...'

ગંગાબા એકદમ મનોમન બોલતાં અટકી ગયાં, નજર એમની છબિ સામે અનિમેષ થઈ ગઈ હતી. પાલખામાંનો દીવો રાણો થઈ ગયો હતો. જાળિયું ફરી અંધારામાં ગરકાવ થઈ ગયું હતું. બહાર ફળિયામાં વરસાદનું ઝાપટું ત્રાટક્યું હતું ને પૂજાની ઓરડીમાં ફરી પાછું અંધારું ધબ્બ... ગંગાબાનું અંગેઅંગ કમ્પી રહ્યું હતું. ધ્રૂજતા હાથે એમણે પેટી ફંફોસી, હાથમાં લીધી, સળી કાઢી, બેત્રણ ઘસરકા, ને ઝબકારો થયો.

બહાર વીજના કાટકા સાથે વાદળ ગરજી ઊઠ્યું. દીવાસળી સાથેનો કમ્પતો હાથ છબિની નજીક ગયો. ગંગાબાની ચૂંચળી આંખો છબિ પર સ્થિર થવા મથી રહી, એકાએક એમનું ચિત્ત ખળભળી ઊઠયું. જાણે કાળજાને ચીરતો ટાઢો હીમ શેરડો પડ્યો.

'હાય, હાય! આ શું?... ફ્રેમમાં તો કેવળ કાચ જ હતો કે શું?... ને કાચ પર કરેલો ચંદનનો ચાંદલો અક્ષત, પુષ્પ... પણ અંદરની છબિ ક્યાં???..' અને ગંગાબાના રૂંધાઈ ગયેલા ડૂમાતા કંઠમાંથી રડમસ સાદ નીકળી પડ્યો: 'અરેરે!... મને અંધારે અથડાતી-કૂટાતી મેલી ન તમે તો!?...' □

અનુસંધાન] માનવ થાઉંતો ઘણું [પૃ. ૫૦૮થી

ચરમ સીમા કહેવાય. માની લો કે કોઈ મજૂરના હાથમાં આ આવી જાય તો એના કુટુંબનો તો એ દિવસનો રોટલો છીનવાઈ જાય. એનું કુટુંબ તો જમ્યા વગરનું રહે. તમે આ રૂપિયાને જેટલો ઊંડો જમીનમાં દાટી શકાય એટલે ઊંડે દાટી દો.'

સારો માણસ આવું કરે. આપણે આ માટે પ્રશ્ન આપણી જાતને પૂછીએ. આપણે હોઈએ તો શું કરીએ ? તરત જવાબ મળી જશે. અને એ જ જવાબ આપણા દેશમાં ઊભરાતા નાલાયક માણસો કયા એને માટેનો પણ મળી જશે.

આજે આપણે ખોટો રૂપિયો કોઈકને પધરાવીએ છીએ. કાલે આપણાં ચપ્પલ કોઈ ચોરી જાય તો આપણે કોઈકનાં ચપ્પલ ચોરીશું. પરમ દિવસે કોઈકનું પાકીટ મારીશું. પછીના દિવસે કોઈકને મારીને લૂંટવામાં પણ વાંધો નહીં આવે પછી. આપણે આપણાં બાળકોને કે કોઈને આવા સંસ્કાર તો નથી આપતાને? એ જોવાની આપણી ફરજ છે.

આપણે જો સારા માણસ હોઈએ તો આપણાથી તો આવું ન જ થાય. આટલી સમજ જેનામાં છે એ જ માણસ. કૂતરું આપણને બચકું ભરે એટલે આપણાથી એને બચકું ના ભરાય. કોઈ આપણને છેતરે એટલાથી આપણને કોઈને છેતરવાનો હક નથી મળતો. એ પશુવૃત્તિ છે.

બીજાની ચિંતા છોડી આપણે માણસ બનવાનો પ્રયત્ન કરીશું તો પણ ધીમે ધીમે આપણી આજુબાજુ માણસોની સંખ્યા ચોક્કસ વધી જશે. ગાંધીજીએ ઉત્તમ માનવી બનવાનો પ્રયત્ન કર્યો અને એમની આજુબાજુ ઉત્તમ માણસો એકત્રિત થઈ ગયા. - નક્કી આપણે કરવાનું છે. લોકોની ટીકા કર્યા કરવાથી કંઈ વળવાનું નથી. આપણામાંથી કો'ક તો જાગે - કહીને બેસી રહેવાનું નથી. આપણે જ જાગવાનું છે સૌથી પહેલાં.

જે નાનાં નાનાં કાર્યોમાં ચોખ્ખો રહી શકે એ જ મોટાં કાર્યોમાં ચોખ્ખો રહી શકે. □

પરમાણુ પરીક્ષણો

પ્રહ્લાદ છ. પટેલ

રાજસ્થાનની પશ્ચિમે પોકરણથી ૨૦ કિલોમીટર દૂરનો વિસ્તાર 'એટમિક રેંજ' તરીકે ઓળખાતો થયો છે. ત્યાં થર્મોન્યૂક્લિયર એટલે કે ફ્યુઝન અથવા હાઈડ્રોજન બૉમ્બનો વિસ્ફોટ કરીને ભારત અમેરિકા અને રશિયાની હરોળમાં આવ્યું છે. ઉપરાંત ભારતના પરમાણુ-ઊર્જા કાર્યક્રમમાં એક નવું પરિમાણ ઉમેરાયું છે. અમેરિકા, રશિયા, બ્રિટન, ફ્રાંસ અને ચીન પછી ભારત છઠ્ઠી પરમાણુ સત્તા બને છે. પરમાણુ રિએક્ટર ટેક્નોલૉજીમાં તો ભારતે આ પહેલાં વિકસિત દેશોમાં સ્થાન મેળવી લીધું છે. રિએક્ટર ટેક્નોલૉજીના ક્ષેત્રે ભારત અન્ય દેશોને મદદ તથા માર્ગદર્શન આપવા હવે સક્ષમ બન્યું છે. ન્યૂક્લિયર પાવર માટે ભારત હવે આત્મનિર્ભરતાની દિશામાં ખૂબ આગળ વધી રહ્યું છે. કારણ કે તેની પાસે (૧) વૈજ્ઞાનિક અને ટેક્નોલૉજિકલ આવડત (know-how)છે. (૨) જરૂરી કાચા માલ તરીકે યુરેનિયમ,તેને સમૃદ્ધ કરવાની પ્રણાલી અને યુરેનિયમમાંથી પ્લૂટોનિયમ પકવવાની કાર્યવિધિ. (૩) અને તમામ હેતુઓ સિદ્ધ કરવા માટેનું નિમ્ન-સ્તરીય માળખું તૈયાર છે. ભારતને અડીખમ ન્યૂક્લિયર પાવર બનવા માટે તેનું આર્થિક પાસું થોડુંક ચિંતાજનક છે પણ યોગ્ય અને સમુચિત આયોજનથી તેનો ઉકેલ મળી શકે તેમ છે, તે માટે જરૂર છે પ્રજાના સમર્પિત સહકાર, રાજ્યની ઇચ્છાશક્તિ અને શાસકોના સંનિષ્ઠ અને પ્રામાણિક ઇરાદાસભર પ્રયાસોની.

૧૯૭૪ના મે મહિનામાં આવતી બુદ્ધ પૂર્ણિમાના દિવસે પોકરણ પાસે તત્કાલીન વડાં પ્રધાન ઇન્દિરા ગાંધીના વડપણ નીચે ભારતે પ્રથમ 'શાંતિમય હેતુઓ' માટે પ્રાયોગિક ભૂગર્ભ પરમાણુ બૉમ્બ-ધડાકો કર્યો હતો. અને પરમાણુ-ક્લબમાં પ્રવેશ માટે તેના દરવાજાનાં બારણાં ખટખટાવ્યાં હતાં. ભાભા પરમાણુ સંશોધન કેન્દ્રના તત્કાલીન નિયામક ડૉ. રાજા રમન્ના આ બૉમ્બના સર્જક હતા. તે વખતના પરમાણુ ઊર્જા પંચના અધ્યક્ષ ડૉ. હોમી શેઠનાનો અને સંરક્ષણ વિભાગના સલાહકાર ડૉ. નાગ ચૌધરીનો તેમને સંપૂર્ણ સહકાર હતો.

પ્રથમ ધડાકામાં ભારતે ઉપયોગમાં લીધેલ પરમાણુ બૉમ્બ સામાન્ય કદનો હતો કારણ કે તે ૧૦ કિલો ટન ટી. એન. ટી. (Tri nitro tolune)ની સમકક્ષ હતો. એટલે કે ૧૦ કિલો ટન રાસાયણિક પદાર્થ ટ્રાયનાઇટ્રોટોલ્યુનના વિસ્ફોટથી જેટલી ઊર્જા પેદા થાય છે તેટલી ઊર્જા આ પરમાણુ બૉમ્બમાંથી પેદા થઈ હતી. પરમાણુ-બૉમ્બથી પેદા થતી ઊર્જાને એક કિલો ટન ટી.એન.ટી.ની ઊર્જાના સંદર્ભમાં વ્યક્ત કરાય છે.

બરાબર ૨૪ વર્ષ બાદ ફરીથી ભારતે બુદ્ધ પૂર્ણિમાના દિવસે જ એટલે કે તા. ૧૧-૫-૯૮ના રોજ ૩ ક.-૪૫ મિનિટે ત્રણ અને ત્યાર બાદ બે દિવસ પછી એટલે કે ૧૩-૫-૯૮ના રોજ ૧૨-૨૧ કલાકે બીજાં બે પરમાણુ-પરીક્ષણો કર્યાં. તેમાં ચાર પરમાણુ-ધડાકા વિખંડન (fission) પ્રકારના અને બુદ્ધ પૂર્ણિમાના દિવસનો એક ધડાકો સંલયન (fusion) પ્રકારનો હતો. સંલયન પ્રકારના બૉમ્બને ન્યૂક્લિયર અથવા ફ્યુઝન અથવા હાઈડ્રોજન બૉમ્બ કહે છે.

યુરેનિયમ જેવા ભારે તત્ત્વની ન્યૂક્લિયસ અસ્થાયી હોય છે તેના ઉપર ન્યુટ્રોન જેવા વિદ્યુતભારવિહીન શક્તિશાળી કણનો મારો કરવાથી યુરેનિયમની ન્યૂક્લિયસનું વિખંડન થાય છે. સામાન્ય રીતે તેનું બે ટુકડામાં વિભાજન થાય છે. તેની સાથે કેટલાક ઝડપી ન્યુટ્રોન અને ઊર્જા મુક્ત થાય છે. આવા ઝડપી ન્યુટ્રોનને યોગ્ય વિયંદક (moderator)માંથી પસાર કરી ધીમા પાડીને તેનો યુરેનિયમની બીજી ન્યુક્લિયસનું વિખંડન કરવા ઉપયોગમાં લઈ શકાય છે. આ રીતે શૃંખલા પ્રક્રિયા (chain reaction) સતત ચાલુ રહેતાં ઊર્જા સતત પેદા થતી રહે છે. સફળ શૃંખલા પ્રક્રિયા માટે વિખંડનશીલ દ્રવ્યનો નિશ્ચિત જથ્થો જરૂરી છે. આ જથ્થાને ક્રાંતિક-કદ કહે છે. વિખંડનશીલ દ્રવ્યનો જથ્થો ક્રાંતિક-કદ કરતાં ઓછો હોય તો ઓછા ન્યુટ્રોન મળતાં શૃંખલા પ્રક્રિયા ઘણી ધીમે થાય છે અને અંતે તે અટકી પડે છે. દ્રવ્યના આવા જથ્થાને ઉપક્રાંતિક-કદ કહે છે. વિખંડનશીલ દ્રવ્યનો જથ્થો ક્રાંતિક-કદ કરતાં વધારે હોય તો શૃંખલા પ્રક્રિયા અત્યંત ઝડપથી થતાં અલ્પ સમયમાં ધડાકો થાય છે. દ્રવ્યના આ જથ્થાને અતિક્રાંતિક-કદ કહે છે. વિખંડનશીલ દ્રવ્યનો જથ્થો ક્રાંતિક-કદ જેટલો હોય ત્યારે તે ન્યૂક્લિયર રિએક્ટર તરીકે અને વધારે હોય ત્યારે તે ન્યૂક્લિયર બૉમ્બ તરીકે કાર્ય કરે છે. યુરેનિયમની એક ન્યૂક્લિયસનું એક સફળ વિખંડન કરતાં તેમાંથી ૨૦૦ Mev ઊર્જા મુક્ત થાય છે. બીજી રીતે કહીએ તો આશરે ૫૦૦ ગ્રામ યુરેનિયમ - ૨૩૫ની બધી જ ન્યૂક્લિયસનું વિખંડન કરવામાં આવે તો પેદા થતી ઊર્જા ૩૦,૦૦,૦૦૦ ટન કોલસાના દહનથી મળતી ઊર્જા જેટલી હોય છે. એમ પણ કહી શકાય કે એક કિલોગ્રામ યુરેનિયમનું વિખંડન કરતાં પેદા થતી ઊર્જા ૧૬૦૦૦ ટન ટી.એન.ટી.ના વિસ્ફોટથી મળતી ઊર્જા જેટલી હોય છે.

પ્રચંડ ઊર્જાનું બીજું સ્રોત છે સંલયન (fusion) બે પ્રોટોન (હાઈડ્રોજન પરમાણુની ન્યૂક્લિયસ) અને બે ન્યૂટ્રોનનું અતિ ઊંચા તાપમાને (આશરે 10^7°સે.) સંયોજન કરવાથી હિલિયમની ન્યૂક્લિયસ બને છે. તેમ કરતાં કુલ દળમાં ઘટ પડે છે જેને દળની ક્ષતિ (mass defect)કહે છે. આ રીતે એક ગ્રામ

હિલિયમ બનાવતાં ૦.૦૦૭૫ ગ્રામની ઘટ પડે છે. દળમાં થતી આ ઘટનું આઈન્સ્ટાઈનના સિદ્ધાંત $E=mc^2$ મુજબ શક્તિમાં રૂપાંતર થાય છે. આ રીતે મળતી ઊર્જા વડે ૨૫ વૉટના ૮ લાખ વિદ્યુતગોળા ૧૦ કલાક સુધી બળી શકે છે. સૂર્યમાંથી અવિરતપણે ઉત્સર્જિત થતી ઊર્જાનું રહસ્ય સંલયન (ફ્યુઝન) અથવા થર્મોન્યૂક્લિયર પ્રક્રિયા છે. આ સંલયન-પ્રક્રિયા હાઈડ્રોજન બૉમ્બનો પાયાનો સિદ્ધાંત છે.


ભારતે 'પૂર્ણિમા' ઝડપી પ્રજનક (fast breeder) રિએક્ટર તૈયાર કર્યું છે જે પરમાણુ બૉમ્બ માટે જરૂરી રેડિયો એક્ટિવ પ્લૂટોનિયમ-૨૩૯ તૈયાર કરે છે.

વર્તમાન પરમાણુ-પરીક્ષણ શ્રેણીનો પ્રથમ ધડાકો વિખંડન (ફિશન) પ્રકારનો હતો. અને તે ૧૨ કિલો ટન ટી.એન.ટી. જેટલો શક્તિશાળી હતો. તેમાં પ્લૂટોનિયમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. બીજો ધડાકો ઓછી ઊર્જાનો હતો એટલે કે કમ-ઊર્જા પેદાશ (law yield) પ્રકારનો હતો. ત્રીજો પ્રચંડ ધડાકો તો સંલયન (ફ્યુઝન) પ્રકારનો હતો. આ ધડાકો ૪૬ કિલો ટન ટી. એન. ટી. જેટલો શક્તિશાળી હતો. તેમાં ટ્રિટિયમ લિથિયમની હલકી ન્યૂક્લિયસનો ઉપયોગ કરીને સંલયન કરવામાં આવેલ. છેલ્લા બે ધડાકા નાના કદના પણ લશ્કરી દૃષ્ટિએ મહત્ત્વના છે.

માંડ પચાસ-પંચાવન દિવસની ઉંમર ધરાવતી વર્તમાન બાજપેયીની સરકારે પાંચ પરમાણુ-પરીક્ષણો કરી પોતાની વચનબદ્ધતા પૂર્ણ કરીને તાકાત અને નિષ્ઠાનો પરચો બતાવ્યો છે. આથી જ તો અમેરિકા અને તેના પ્યાદાઓના પેટમાં ઊકળતું તેલ રેડાયું છે. જે અમેરિકાએ બીજા વિશ્વયુદ્ધમાં જાપાનનાં બે નગરો - હિરોશીમા અને નાગાસાકીનો પરમાણુબૉમ્બ વડે સંપૂર્ણ નાશ કર્યો હતો, તે જાપાન આજે અમેરિકાના વાદે ભારત સામે ચાળે ચડ્યું છે. ચીન અને પાકિસ્તાનના ડોળા ફાટી ગયા છે.

વર્તમાન પરમાણુ-પરીક્ષણો પણ પોકરણ ખાતે કરવામાં આવ્યા. ધૂળની ડમરીઓથી આચ્છાદિત આકાશવાળું પોકરણ એટમિક રેંજ તરીકે આદર્શ સ્થળ છે. આ નિર્જન અને નિર્જળ પ્રદેશ છે. અહીં લગભગ ૧૦૦ મીટરની ઊંડાઈ સુધી પાણી નથી માટે પાણીના પ્રદૂષણનો પ્રશ્ન પેદા થતો નથી. આ વખતે ધડાકા કર્યા તે પહેલાં બે-ત્રણ દિવસ રાજસ્થાન અને ગુજરાત ઉપરનું ઘણુંખરું આકાશ ધૂળની ડમરીઓથી છવાયેલું હતું. એટલે પોકરણમાં થયેલી ચહલપહલ નોંધવામાં અમેરિકાના ચાડિયા-ઉપગ્રહો થાપ ખાઈ ગયા અને કુદરતે તે રીતે ભારતને સહકાર આપ્યો.

પાંચે પાંચ પરમાણુ-પરીક્ષણો ભૂગર્ભમાં કરવામાં આવ્યાં હતાં. રેડિયો એક્ટિવ વિકિરણો જમીનમાંથી બહાર નીકળી




આકૃતિ ૧ : ન્યૂક્લિયર વિખંડનની પ્રક્રિયા

હવામાં ભળી ન જાય તે માટે તમામ તકેદારીઓ રાખવામાં આવી હતી. ભૂગર્ભમાં કરેલા ધડાકાથી આઘાત તરંગો (Shock Waves)પેદા થતાં જમીનની સપાટી ઉપરની ધૂળની ડમરીઓ થોડાક કલાક માટે પોકરણની આસપાસ જોવા મળી હતી. ધડાકાના સ્થળ ઉપરની જમીન ઉપર ફાટો પડી હતી અને નજીકનાં મકાનોમાં દીવાલો ઉપર તિરાડો પડી હતી. વાતાવરણને રેડિયો એક્ટિવ બનાવી પ્રદૂષણ કરે તેવી કોઈ શક્યતા નથી.

હિરોશીમા ઉપર જે કદનો પરમાણુ-બૉમ્બ નાખવામાં આવેલો તેટલા કદનો બૉમ્બ માત્ર પાંચ લાખ રૂપિયામાં તૈયાર કરવા માટે ડૉ. હોમી ભાભાએ તત્કાલીન વડાપ્રધાન નેહરુ સમક્ષ દરખાસ્ત રજૂ કરી હતી. તે સમયે વિશ્વનેતા અને શાંતિદૂત બનવાનું ભૂત નેહરુના મગજ ઉપર સવાર થઈ બેઠું હતું. વિશ્વપ્રતિષ્ઠાનાં શમણાં જોનાર નેહરુએ તેમના અભરખા પૂરા કરવા માટે સૂચિત દરખાસ્તને સંમતિ આપી નહીં. ડૉ. ભાભાની દરખાસ્ત સ્વીકારાઈ હોત તો અમેરિકા, પાકિસ્તાન અને ચીનનાં વલણો આજના જેટલાં આક્રમક અને કડવાશભર્યાં નહોત, કારણ કે ભારતની શક્તિનો તે સમયે સ્વીકાર કરવો પડ્યો હોત. ભારતની પૂર્વ-પશ્ચિમ સરહદોના વિવાદ આજે છે તેટલા વિકરાળ નહોત; સરળતાથી વિદેશી લોનો ન મળતાં દેશ ભારે દેવામાં ડૂબેલો ન હોત; ચીન પરના અતિવિશ્વાસમાં રાચતા નેહરુને ચીનના ડાબા હાથની લપડાક ખાવી પડી નહોત.

૧૯૬૮ સુધીમાં પરમાણુ શસ્ત્રો બનાવનાર અમેરિકા, તત્કાલીન સોવિયેત સંઘ, બ્રિટન, ફ્રાંસ અને ચીને 'અણુ-કલબ' બનાવી. આ કલબના સભ્યો પરમાણુ શસ્ત્રો બનાવવા, પરીક્ષણો કરવા અને વેચવાનો પરવાનો ધરાવતા થયા. જાતે



આ. ૨ : ન્યૂક્લિયર શૃંખલા પ્રક્રિયા

ને જાતે ઇજારો લઈ બેઠા અને કોઈ આ કલબમાં પ્રવેશે નહીં તે માટે પરમાણુ-પ્રસારણબંધી સંધિ (nuclear non-protoferation- NPT) અને સર્વગ્રાહી પરમાણુ વિસ્ફોટ સંધિ (comprehensive test ban treaty - CTBT) ના ફતવા બહાર પાડી વિકાસશીલ દેશો ઉપર જાતજાતનાં અને ભાતભાતનાં દબાણો કરીને તેના ઉપર હસ્તાક્ષરો કરાવી લીધા.

વિશ્વવ્યાપાર સંસ્થા (World Trade Organisation - WTO) દ્વારા વિકસિત રાષ્ટ્રો વિકસતાં રાષ્ટ્રોનું આર્થિક શોષણ કરવાનું અને સી.ટી.બી.ટી દ્વારા વિકસતા દેશોને પરમાણુ શસ્ત્રોથી વંચિત રાખવાનું એક વ્યવસ્થિત કાવત્રુ છે. યુદ્ધ માટે શસ્ત્રો જરૂરી હોય છે પણ હવે તો એવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે કે શાંતિ માટે શસ્ત્રોની જરૂર પડતી લાગે છે. ગરીબને ઇચ્છાશક્તિ અને ગરિમા હોતાં નથી, માટે જ તે હોવા શક્તિશાળી બનવું જ રહ્યું. આ હકીકત જેટલી વ્યક્તિ માટે સાચી છે તેટલી રાષ્ટ્ર માટે પણ. બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન ૧૯૪૫માં જાપાન પાસે પરમાણુ બૉમ્બ હોત તો અમેરિકા એટલી આસાનીથી હિરોશીમા અને નાગાસાકી ઉપર બૉમ્બ ઝીંકવાની હિંમત કરી શક્યું હોત ખરું ? બુદ્ધ, મહાવીર અને ગાંધીના દેશમાં અહિંસા અને શાંતિનો વારસો ટકાવી રાખવા ભારતે પરમાણુ-સત્તા બનવું જરૂરી છે. ભારત પાસે સી.ટી.બી.ટી ઉપર હસ્તાક્ષરો કરાવવા માટે અમેરિકા ધમપછાડા કરી રહ્યું છે. પરમાણુ-પરીક્ષણો પરત્વે નહીં પણ સી.ટી.બી.ટી. ઉપર હસ્તાક્ષર કરાવવાની અમેરિકાને ઉતાવળ છે. વિકસિત દેશો પાસે જે પરમાણુ શસ્ત્રોનો પુરવઠો છે તે તમામનો નાશ કરવામાં આવે તો જ ભારત સી.ટી.બી.ટી. ઉપર હસ્તાક્ષર કરવાનું વિચારે, એવો અભિગમ શરૂઆતમાં રહ્યો છે, પણ આર્થિક પ્રતિબંધોની ધમકીના અમલ સામે તો નહીં જ. નિઃશસ્ત્રીકરણ માટે પરમાણુ-સત્તાઓ તેમનાં મોજૂદાં તમામ શસ્ત્રોનો નાશ કરે તે જરૂરી છે. આ રીતે નિઃશસ્ત્રીકરણ અને વિશ્વશાંતિ માટે વર્તમાન બાજપેયી સરકાર વચનબદ્ધ અને કટિબદ્ધ છે.

પરમાણુ-પરીક્ષણોમાં ભારતે કોઈ આંતરરાષ્ટ્રિય નીતિ-નિયમોનો ભંગ કર્યો નથી. સમગ્ર ઘટના કાનૂન સાથે સુસંગત છે. સંયુક્ત રાષ્ટ્ર પરમાણુ-ઊર્જા દેખરેખ સંસ્થાએ જાહેર કર્યું છે કે પરમાણુ શસ્ત્રો વિકસાવવા અને પરમાણુ-પરીક્ષણ કરવા માટે ભારતને અધિકાર છે. વિયેનાસ્થિત આઈ.એ.ઈ.એ. (International Atomic Energy Agency) સંસ્થાએ પણ જણાવ્યું છે કે ભારતે કરેલાં પરમાણુ-પરીક્ષણો તેના અધિકાર મુજબ છે. ભારતે તેની ગરિમા તથા આત્મસન્માન સાચવવા માટે તેના અધિકારનો ઉપયોગ કર્યો છે. પાડોશી દેશો જ્યારે ડાચાં ફાડીને બેઠા હોય ત્યારે નેહરુની નીતિને દફનાવીને દેશમાં નવા પરમાણુયુગનું નિર્માણ કરવું તે સમયની માંગ છે. પડોશી દેશો સખણા ન રહે ત્યારે દેશની સુરક્ષા અને સલામતી માટે બાજપેયી સરકારનું પરમાણુ-પરીક્ષણનું પગલું ન્યાયસંગત છે. ભારતે સાચા અર્થમાં પરમાણુ-કાર્યક્રમથી સજ્જ બનીને તેના સાર્વભૌમત્વ, અખંડિતતા, અહિંસા અને શાંતિનું જતન કરવાનું છે અને નહીં કે નિર્માલ્ય બનીને.


અણુ કલબના સભ્યો - અમેરિકા, રશિયા, ફ્રાંસ, બ્રિટન અને ચીને આજ સુધીમાં આશરે ૨૦૪૩ પરમાણુ-પરીક્ષણો કર્યાં છે. બીજા વિશ્વયુદ્ધમાં તો અમેરિકાએ પરમાણુ બૉમ્બનો લશ્કરી ઉપયોગ કર્યો હતો. અમેરિકાએ પોતે એક હજારથી વધુ પરમાણુ-પરીક્ષણો કર્યાં છે. ચીન-પાક વચ્ચે ચાલતી પરમાણુ જુગલબંધી સામે અમેરિકા સતત આંખમિચામણાં કરે છે અને ભારત સામે ઘૂરકિયાં કરે છે. આ તો ચોર કોટવાળને દંડે તેવી વાત થઈ. ૪૫ ચૂહા (૪૫ પરમાણુ-પરીક્ષણો) મારીને ચીન પણ શાંતિનો દંભ કરતું હોય ત્યારે ભારતને શાંત બેસી રહેવાનું પાલવે જ નહીં. હકીકતમાં તો ભારતે ત્રીસ ધડાકા કરીને પાડોશીઓથી ત્રીસ ડગલાં આગળ નીકળવાની જરૂર છે.

દેશની સુરક્ષા અને સલામતી માટે વડાપ્રધાન બાજપેયીનું પરમાણુ-પરીક્ષણનું સાહસ અપ્રતિમ છે. આ સાથે ૧૫૦૦-૨૫૦૦ કિલોમીટરની પ્રહાર ક્ષમતાવાળાં 'અગ્નિ' મિસાઈલને પરમાણુ-વિસ્ફોટ માટે સજ્જ કરી શકાશે. ખાસ કરીને ઈશાન ભારતની સુરક્ષા માટે આ પગલું જરૂરી છે. હજરતબાલ મસ્જિદ જેવા કેટલાક કિસ્સાઓમાં અગાઉની સરકારોએ મુસ્લિમોનું તુષ્ટિકરણ કરીને સશસ્ત્ર દળોના જવાનોનો નૈતિક જુસ્સો તોડવાનું કાર્ય કર્યું છે, જ્યારે બાજપેયી સરકારે કરેલા પરમાણુ-પરીક્ષણથી લશ્કરનો આત્મવિશ્વાસ આસમાને પહોંચ્યો છે, સાથે સાથે વિજ્ઞાનીઓ અને ઇજનેરોનો પણ.

વર્તમાન પાંચ ભૂગર્ભ પરમાણુ-પરીક્ષણોનાં પરિણામો કેવાં હશે? અમેરિકા, જાપાન અને જર્મનીએ ભારતને ભીંસમાં લેવા આર્થિક પ્રતિબંધો લાદવાની ધમકીનો અમલ કર્યો છે. ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેંડે પોતાના રાજદૂતો પાછા બોલાવી રાજકીય સંબંધો સમાપ્ત કરવાની દિશામાં ડગલું ભર્યું છે. ચીન અત્યારે સક્ષમ છે. અને પાકિસ્તાને ૨૮-૫-૯૮ના રોજ પાંચ પરમાણુ-પરીક્ષણો કરી ભારત સાથે હિસાબ સરભર કર્યાનો દાવો કર્યો છે. અમેરિકન પ્રમુખ ક્લિનટનના કોટના ગજવામાંથી ડોકું બહાર કાઢીને રાષ્ટ્રસંઘના મહામંત્રી કોફી અનાને આ ઘટનાને deep regret ગણાવી છે. સી.ટી.બી.ટી. ઉપર હસ્તાક્ષરો કર્યા બાદ તરત જ ચીને કરેલા પરમાણુ-વિસ્ફોટ પરત્વે રાષ્ટ્ર સંઘે કોઈ પ્રતિક્રિયા આપી ન હતી. પાકિસ્તાનના પાંચ પરમાણુ ધડાકા પરત્વે કોફી અનાન ૩૦-૫-૯૮ સુધી મૌન રહ્યા છે. રશિયાના પ્રમુખ યેલ્તસિને અમેરિકાએ લાદેલા આર્થિક પ્રતિબંધોનો વિરોધ કર્યો છે. ખુદ અમેરિકન પ્રજા અને તેની કોન્ગ્રેસે પણ આર્થિક પ્રતિબંધોનો વિરોધ કર્યો છે. વિદેશોની વર્તણૂક તો ધાર્યા મુજબની જ છે.

કાયમ માટે અવળચંડાઈ કરનારા ભારતના સામ્યવાદીઓ સિવાય બધા જ રાજકીય પક્ષોએ પરમાણુ-પરીક્ષણની ઘટનાને બિરદાવી છે; વિજ્ઞાનીઓ અને ઇજનેરોને સૌએ અંતઃકરણપૂર્વક અભિનંદન આપ્યાં છે. પરમાણુ-પરીક્ષણનો નિર્ણય કરવા બદલ બાજપેયી સરકાર અને તેની સો ટકા સફળતા માટે વિજ્ઞાનીઓ અને ઇજનેરોને દેશની ૯૦% પ્રજાએ ભાવ, ઉમંગ અને અનેરા ઉત્સાહથી બિરદાવ્યા છે, વિરોધ કરવાનું ન ચૂકવું તે તો વિરોધ પક્ષોનો ધર્મ છે. વિરોધ પક્ષોએ પરમાણુ-પરીક્ષણની ઘટના પરત્વે જે શંકા-કુશંકાઓ વ્યક્ત કરી છે તેથી તેમની બુદ્ધિનું પ્રદર્શન થયું છે, તેમના બદઇરાદા છતા થતા જાય છે. આર્થિક પ્રતિબંધો સામે ઉદ્યોગપતિઓ અને અર્થશાસ્ત્રીઓનું વલણ ઉત્સાહપ્રેરક રહ્યું છે જ્યારે કેટલાંક સામયિકોના તંત્રીઓ અને પત્રકારોનું વલણ નિરાશાજનક જણાયું છે.

અખાતી યુદ્ધ વખતે અમેરિકા અને તેના પ્યાદાઓએ આટલો બધો ઉઝમાત અને હોબાળો કર્યો ન હતો. આથી દેશની પ્રજા વડાપ્રધાન અને વિજ્ઞાનીઓની પડખે ચડી છે. હવે પછી પ્રજાએ કઠોર પરિશ્રમ કરી, ઉત્પાદન વધારીને તેમના જુસ્સાને બુલંદ બનાવવાનો સમય આવ્યો છે. બાજપેયી સરકારે આંતરિક વિરોધો સામે સાવધ અને સજ્જ બનવાની જરૂર છે. બાહ્ય પરિબળો ભારત ઉપર કોઈ પણ પ્રકારના પ્રતિબંધો લાદશે તો દેશની પ્રજાને એક બનવાનો અવસર મળશે; ને સાથે આંતરિક વિખવાદો - મતભેદો ભૂલવાની ફરજ પડશે. તે રીતે ભારતના આત્મસન્માનનું રક્ષણ થશે. શક્તિને સૌ કોઈ



આ. ૩ : ન્યૂક્લિયર સંલયન પ્રક્રિયા

પૂજે છે એટલે ભારતે સર્વથા શક્તિશાળી બનવું જ રહ્યું. ત્યારે જ સાચા અર્થમાં ભારત મહાન બનશે.

પરમાણુ-ઊર્જાપંચના પૂર્વ અધ્યક્ષ ડૉ. એમ. આર. શ્રીનિવાસને વર્તમાન પરમાણુ-પરીક્ષણની ઘટનાને Polical Courage અને Strategical Wisdom તરીકે મૂલવી વડાપ્રધાન અટલ બિહારી બાજપેયીની સરકારને બધાઈ આપી છે. વિજ્ઞાન અને ટેક્નોલૉજીના ક્ષેત્રે ભારતે આત્મનિર્ભરતા સહજ કરી છે. બાહ્ય પરિબળોના કોઈ પણ પ્રતિબંધોની ઐસીતૈસી કરીને તેમના પડકારો ઝીલવા માટે પ્રજાની પ્રબળ ઇચ્છાશક્તિ અને શાસકોના સંનિષ્ઠ વ્યવહારનો સમન્વય કરવો પડશે..પ્રજા અને પ્રશાસકો પ્રામાણિકપણે કટિબદ્ધ થશે તો આર્થિક પ્રતિબંધોને આશીર્વાદમાં ફેરવી શકાશે.□

ભારતનો અણુક્ષેત્રે પ્રવેશ

આપણા વર્તમાન મહાન વૈજ્ઞાનિકો રાજગોપાળ ચિદમ્બરમ્ અને અવુલ પાકીર જેનુલાબ્દીન અબ્દુલ કલામ તથા ડૉ. કે. સંથાનમ્ અને ડૉ. અનિલ કાકોડકર તથા તેમના અન્ય સહાયક વૈજ્ઞાનિકોએ ભારતને અણુ ક્ષેત્રે સક્ષમ બનાવવામાં ઘણો મોટો યશસ્વી ફાળો આપ્યો છે અને અણુપરીક્ષણમાં સફળતાના યશભાગી થયા છે.

તા. ૧૧-૫-૯૮ ને બુદ્ધપૂર્ણિમાના રોજ બપોરે ૩-૪૫ મિનિટે એકસાથે ત્રણ ભૂગર્ભ અણુ-પરીક્ષણ કર્યાં અને તા. ૧૩-૫-૯૮ના રોજ બપોરના ૧૨-૨૧ મિનિટે બીજાં બે અણુ-પરીક્ષણ કર્યાં. આથી અણુક્ષેત્રે ભારતની અણુક્ષમતાની દુનિયાને - પ્રતિસ્પર્ધીઓને જાણ થઈ અને તેઓએ સમયોચિત ચણભણાટ પણ કર્યો. પણ હાલની વર્તમાન સરકાર આવી કોઈ બાબતથી ગભરાય એવી નથી. આપણા વર્તમાન વડાપ્રધાન શ્રી અટલ બિહારી બાજપેયીએ દુનિયાને સંકેત આપ્યો છે કે, ભારતે હજારો વર્ષના ઈતિહાસમાં સામે ચાલીને કોઈ પણ દેશ પર આક્રમણ કે હુમલો કર્યો નથી અને કરશે પણ નહીં; પરંતુ એનો અર્થ એવો કોઈ ન કરે કે ભારત ડરપોક છે. હવે ભારત પરપોક રહ્યું નથી, ગભરું નથી, તે પોતાનું સંરક્ષણ સ્વબળે કરવાની ક્ષમતા ધરાવે છે, એટલું જ નહીં, અણુશસ્ત્રોની બાબતમાં પણ ભારત આત્મનિર્ભર બનતું રહ્યું છે.

રાજસ્થાનના જેસલમેર શહેર નજીક પોકરણનો રણવિસ્તાર આવેલો છે. એ આખો રણવિસ્તાર ભારતીય લશ્કરની હકૂમત હેઠળ છે. અઢી દાયકા પૂર્વે પોકરણ ગામ ઘણું મોટું હતું પણ અત્યારે ત્યાં થોડાં ઘર ને બસસ્ટેન્ડ છે. પોકરણથી લગભગ ૮૦ કિ.મી.ના અંતરે આ અણુ-પરીક્ષણો કરવામાં આવ્યાં છે.

પોકરણના આ રણના ચાર ભાગ પાડવામાં આવ્યા છે, જેમાં સેક્ટર આલ્ફા (એ) અને ડેલ્ટા (ડી) હવાઈદળના કબજામાં છે; જ્યારે સેક્ટર બી અને સી લશ્કરની હકૂમત હેઠળ છે. ૯૩,૦૦૦ હજાર એકર જેટલા વિસ્તારમાં પથરાએલું ડેલ્ટા સેક્ટર સતત લશ્કરી પ્રવૃત્તિઓથી ધમધમતું રહે છે. આ સેક્ટરમાં ભારતીય વાયુસેનાનાં બોમ્બર વિમાનો સતત



બોમ્બવર્ષાના પ્રયોગ કરતાં રહે છે અને પરિણામોની સમાલોચના કરતાં રહે છે. આ પ્રયોગો દરમ્યાન પ્રજાની માલમિલકતને કોઈ હાનિ ન થાય તેમજ કોઈ જાનહાનિ ન થાય તેની તકેદારી રખાય છે. જો કે પોકરણના આ સમગ્ર વિસ્તારમાં કોઈને પણ પ્રવેશ કરવા દેવામાં આવતો નથી. લશ્કરી હકૂમતવાળા વિસ્તારમાં ભૂસેનાના સૈનિકો વિવિધ પ્રકારનાં મશીનગન, મોર્ટાર તોપો, ટેન્કો તથા નાની-મોટી વિશિષ્ટ તોપોના પ્રયોગો સતત કર્યા કરે છે અને દારૂગોળાના ધડાકા કરવાના પ્રયોગો પણ કરે છે.

ભારતે પ્રથમ અણુવિસ્ફોટ ઈ. ૧૯૭૪ની ૧૮મી મેએ કર્યો હતો ત્યારથી આ પોકરણનો સમસ્ત વિસ્તાર લશ્કરી છાવણીમાં ફેરવાઈ ગયો છે અને ત્યાં અનેક પ્રકારના પ્રયોગો અવારનવાર થતા રહે છે. ભારતનો પ્રથમ પરમાણુ-વિસ્ફોટ ૧૨૦૦૦ ટી.એન.ટી.ની ક્ષમતાવાળો હતો, તાજેતરના પાંચ પરમાણુ-વિસ્ફોટની ક્ષમતા નીચે મુજબ હતી : (૧) થર્મોન્યૂક્લીઅર ડિવાઈસ (૧૧-૫-'૯૮) : ૪૫ કિલો ટન શક્તિ, (૨) ફિશન ડિવાઈસ (૧૧-૫-'૯૮) : ૧૫ કિલો ટન શક્તિ, (૩) લો યીલ્ડ ડિવાઈસ (૧૧-૫-૯૮) : ૦.૨ કિલો ટન શક્તિ, (૪) લો યીલ્ડ ડિવાઈસ (૧૩-૫-'૯૮) : ૦.૫ કિલો ટન શક્તિ, (૫) લો યીલ્ડ ડિવાઈસ (૧૩-૫-'૯૮) : ૦.૩ કિલો ટન શક્તિ. હાલ ભારત ૪૫ કિલો ટન કરતાં વધુ પ્રબળ ફયુઝન-હાઈડ્રોજન બૉમ્બ બનાવવાની ક્ષમતા ધરાવે છે અને વિસ્ફોટ કરી શકે છે. પણ તેથી પોકરણની આજુબાજુના ઘણા વિસ્તારો સુધી પ્રબળ નુકસાન થવાની ભીતિ રહેલી છે.




ચાર વૈજ્ઞાનિકો : ડૉ. કે. સંથાનમ્, ડૉ. આર. ચિદમ્બરમ્, પ્રો. એ. પી. જે. અબ્દુલ કલામ અને ડૉ. અનિલ કાકોડકર

તેથી એવું સાહસ વૈજ્ઞાનિકો કરી શકે નહીં.

ભારતનો આ અણુ-વિસ્ફોટ ભૂગર્ભમાં કરવામાં આવ્યો છે એ માટે લગભગ ૧૦૦ મીટર ઊંડો લંબચોરસ ખાડો કરીને તેમાં અણુ-વિસ્ફોટ કરાયો છે, જેથી આજુબાજુના પ્રદેશો સુધી વિસ્ફોટની કોઈ માઠી અસર પહોંચી શકે નહીં.

પોકરણમાં અણુવિસ્ફોટ વખતે વિજ્ઞાનીઓ જોઈ શક્યા કે અણુધડાકા વખતે જેટલી ઊર્જા ઉત્પન્ન થવાની અપેક્ષા હતી તે વાસ્તવમાં પૂરી થઈ શકી છે. ૧૦૦ કિલો ટનની ક્ષમતા કેટલી હોય તે સમજી લેવા જેવું છે. ૧ કિલો ટન = ૧૦૦૦ ટન ટી.એન.ટી. (ટ્રાય નાયટ્રો ટોલ્વિન) જેટલી ઊર્જા હોય છે. જાપાનમાં ૧૯૪૫માં હીરોશીમા પણ જે અણુ બૉમ્બ ફેંકાયેલો તે ફક્ત ૧૩.૫ કિલો ટનનો હતો, તેની સામે ભારતીય હાઈડ્રોજન બૉમ્બ ૧૦૦ કીલો ટનનો છે.



પોકરણમાંનાં પરમાણુ-પરીક્ષણો કરાયા પછીનાં ચાર દશ્યાં

અણુધડાકા કરાયા તે સ્થળ પોકરણ તાલુકાના ખેતોલાઈ ગામથી લગભગ ૪-૫ કિલોમીટર જ દૂર છે. જેસલમેર શહેર ૮૫ કિલોમીટર દૂર છે. લોકોને લાઉડસ્પીકરથી અગાઉથી જાણ કરવામાં આવેલી એથી અણુધડાકા પછી ખેતોલાઈ અને પોકરણની જનતામાં આનંદની લાગણી ફેલાઈ હતી. કોઈ જાતનો ભય ફેલાયો નહોતો. મકાનોને સામાન્ય નુકસાન થયું હતું. અણુધડાકાને કારણે ધૂળની જે ડમરી ઊડેલી એ ૩૦૦ ફીટથી પણ વધુ ઊંચે ઊડેલી. ધરતીકંપ થયો હોય એમ જમીન ધ્રૂજેલી. ગામના લોકોનાં ઘરોમાં વાસણો નીચે પડી ગએલાં. ક્યાંક મકાનોને તિરાડો પડી ગઈ હતી. આ ધડાકાઓથી ક્યાંય કોઈ જ મોટું નુકસાન પહોંચ્યું નથી. સર્વત્ર શાન્તિ છે.

જોકે પરમાણુ બૉમ્બની ભયાનકતા અને વિનાશકતાની પ્રતીતિ તો બીજા વિશ્વયુદ્ધ વખતે દુનિયાને થઈ જ હતી. ૧૯૪૫ના ઑગસ્ટની ૬ઠ્ઠી તારીખે સવારે ૮-૧૬ મિનિટે અમેરિકાએ જાપાનના હિરોશીમા પર અને તા. ૯મી ઑગસ્ટે નાગાસાકી શહેર પર બૉમ્બ નાખ્યો. અને અંદાજે સવા લાખ માણસો મૃત્યુ પામ્યા હતાં. આ બૉમ્બ ૫૦૦ મીટરની ઊંચાઈથી નાખવામાં આવેલા અને નીચે ૬-૭ કિલોમીટરના વિસ્તારમાં ભીષણ આગ લાગેલી. - આ પરમાણુ બૉમ્બની ભયાનક શક્તિ છે.

આમ, ભારતે પોતાના અણુ-વિસ્ફોટ ઘણા સફળ રીતે પાર પાડ્યા છે અને દુનિયાના બધા દેશોને ચોંકાવી દીધા છે. આશ્ચર્ય તો એ છે કે, અમેરિકાના બબ્બે જાસૂસી ઉપગ્રહો તો ભારતના આકાશ ઉપરથી આપણી રજેરજની ચોવીસે કલાક જાસૂસી કરતા હોવા છતાં.... અમેરિકા, ફ્રાન્સ, સ્વટ્ઝરલેન્ડ, ચીન, બ્રિટન કોઈને પણ કશી જાણ કેમ ન થઈ ?! આપણું લશ્કરી ખાતું ઘણું જાગૃત છે, એ નિ:શંક છે.

આપણા વૈજ્ઞાનિકોની અણુ ક્ષેત્રની તેમની ક્ષમતા આપણી વર્તમાન સરકારે તથા વડાપ્રધાન શ્રી અટલ બિહારી બાજપેયીએ પિછાણીને વૈજ્ઞાનિકોને અણુ-પરીક્ષણ કરવાની લીલી ઝંડી આપી, સાથે સાથે આપણા લશ્કરી વડાઓને પણ આ બાબતે ઘણું પ્રોત્સાહન પૂરું પાડીને તેમને પણ અણુ-પરીક્ષણની આ ખૂબ જ મહત્ત્વની અને ગૂઢ કામગીરી સોંપીને વડાપ્રધાને એક વિરલ સાહસ પૂર્ણ કર્યું છે. એ માટે આપણા વૈજ્ઞાનિકો, લશ્કરી વડાઓ અને વડા પ્રધાન અભિનંદનના અધિકારી છે

- કા. વ. રામી

પોખરણનું સ્થાન દર્શાવતો નકશો



સંગીતશાસ્ત્ર - ૧૬

ડૉ. હસુ યાજ્ઞિક

મેળ અને થાટ : અભ્યાસનો ઇતિહાસ

જે લોકઢાળો સર્વસામાન્ય એવા ભારતીય જનજીવનના ઉત્સવ અને ધાર્મિક પ્રસંગોમાં જાતિગાન તરીકે ગવાતાં હતાં, જાતિગાન તરીકે ઓળખાતાં હતાં તે ઢાળમાં પ્રયોજાતા સ્વરોની સંખ્યાને આધારે થયેલા ઓડવ, ષાડવ અને સંપૂર્ણ એવા પ્રકારના અભ્યાસની પરંપરા આગળ ચાલતાં એ સ્પષ્ટ થયું જ હશે કે સમાન જાતિના ઢાળમાં સ્વરસંખ્યાની સમાનતા છે, પરંતુ તેના સ્વરસ્વરૂપમાં ભિન્નતા છે. આવી ભિન્નતાનું કારણ સ્વરો એક જ હોય પરંતુ એનું શુદ્ધ કે વિકૃત સ્વરૂપ હોય તેમાં જણાય તેમ જ બે જુદા ઢાળમાં સ્વરના પ્રકાર સમાન હોય પરંતુ તેમાં તેના અમુક સ્વરો વિશેષ પ્રમાણમાં હોય ને અમુક અલ્પ પ્રમાણમાં હોય તો તે કારણે પણ બદલાય છે, આવું ધ્યાનમાં આવે જ. આથી આવા ઢાળોમાં પ્રયોજાતા સ્વરજૂથના વિશેષ અભ્યાસ હાથ ધરીને તેવા ઢાળમાં પ્રયોજાતા સ્વરોમાંથી ક્યા સ્વરો શુદ્ધ છે, કયા સ્વરો કોમળ કે તીવ્ર છે, કયા સ્વરો બીજા નજીકના કે દૂરના અન્ય સ્વર કે સ્વરો સાથે પ્રયોજાયા છે, કયા સ્વરો સીધા કે વક્ર રીતે લેવાયા છે, કયા સ્વરજૂથોનું એમાં પ્રાબલ્ય છે, કયા સ્વરનો પ્રયોગ વિશેષ થાય છે અને નવું વ્યક્તિત્વ આપે છે, કયા સ્વરો ખૂબ અલ્પ પ્રમાણમાં લેવાય છે - આ બધાં જ પાસાંનું સઘન અધ્યયન થયા પછી જ મુખ્ય મુખ્ય ઢાળોની વિવિધ અનેક ગાનરચનાઓને અંતે એવી સ્વરજૂથવાળી રચનાને વિશિષ્ટ રાગ તરીકેની સંજ્ઞા મળી હશે. આ કયા વેદોત્તર તબક્કે થયું તેનો નિશ્ચય કરવા માટેનાં વિશેષ સાધનો નથી. પરંતુ રાગનાં જે વિવિધ નામ છે, તેમ જ મુખ્ય રાગથી થોડો ભેદ દર્શાવતા સામ્યમૂલક કે સમપ્રકૃતિક રાગની સંજ્ઞામાં જે પ્રદેશનામ છે, તે સૂચક છે. મારુ, માલવ, ગૂર્જર, સિંધ, ગૌડ જેવાં પ્રદેશનામો જે રાગમાં છે તે રાગ તે તે પ્રદેશમાં તે રીતે ગવાતો હોવાનું, વિશેષ પ્રચલિત હોવાનું અથવા તો તે પ્રદેશની વિવિધ કર્ણમધુર લોકઢાળોમાંથી જન્મ્યાનું નક્કી કરી શકાય.

મેળમાંથી થાટ થયા અને થાટમાંથી રાગ થયા, એમ કહેવાથી એક મોટી ગેરસમજ એ થાય છે કે જાણે સ્વરસપ્તક શોધાયા હશે અને તે પછી સપ્તકના સ્વરોની પરમ્યુટેશન અને કોમ્બિનેશન પદ્ધતિએ 'મેળ'રૂપે રચના કરી હશે, ને એમ કરતાં જેમાંથી કર્ણમધુર સ્વરજૂથ મળ્યાં, એમાંથી રાગ બનાવાયા. આ વાત શબ્દકોશ પરથી જાણે શબ્દો બન્યા હોય, એવી ભૂલભરેલી છે. શબ્દો પ્રચારમાં હોય એ સંકલિત બનતાં શબ્દકોશ થાય. એ રીતે શબ્દકોશ થયા પછી એ શબ્દકોશની સહાય લઈને બીજા નવા જરૂરી શબ્દો બનાવવા હોય તો સામાસિક રીતે કે અન્ય રીતે નવા શબ્દો બનાવી શકાય. આ વાત થાટ અને રાગની છે. વિવિધ પ્રકારના રાગ અસ્તિત્વમાં હતા, હજારોની સંખ્યામાં. આટલા વિપુલસંખ્ય રાગોને કેમ જાણવા? કેમ ઓળખવા-સમજવા? આ માટે એક બીજું ધોરણ કામે લગાડ્યું વર્ગીકરણનું. વિવિધ રાગોને જોતાં એ પ્રગટ થયું કે કેટલાક એવા રાગ છે જેમાં બધા સ્વરો શુદ્ધ છે, કેટલાક એવા છે જેમાં રે - ધ કોમળ છે, કેટલાક એવા છે જેમાં ગ - નિ કોમળ છે, કેટલાક એવા છે જેમાં રે - ધ બન્ને કોમળ છે સાથે શુદ્ધ 'મ'ને બદલે તીવ્ર 'મા' છે; તો કોઈમાં રે કોમળ, ધ શુદ્ધ છે અને તીવ્ર'મા' છે; કોઈમાં વળી રે, ગ, ધ, નિ, ચારે કોમળ છે, ક્યાંક પંચમ નથી, ક્યાંક મધ્યમ નથી, 'મ' અને 'પ' બન્ને ન હોય એવું તો ક્યાંય નથી! વિવિધ સામ્યમૂલક રાગોના જૂથમાં આ બધી સમાનતા જોઈ, એ જૂથના, એ વર્ગના રાગને માટે 'થાટ' નિશ્ચિત થયા. અને આ રીતે ભિન્ન ભિન્ન એવા થાટ પછી, એને લક્ષમાં રાખીને, અન્ય સંયોજને-સંમિશ્રણે મિશ્રરાગ પણ બન્યા. નવા રાગ પણ બન્યા. જેમ છંદમાં બે છંદના મિશ્રણે મિશ્રછંદ બને, એવું રાગમાં પણ મળે. પૂર્વાર્ધ-ઉત્તરાર્ધને સાંધો કે રેણ ન લાગે એ રીતે મિશ્ર કરી નવો રાગ બનાવી શકાય.

સંગીતશાસ્ત્રમાં શ્રુતિ-સ્વર અને તાલનું જ્ઞાન વિકસ્યું એ સાથે જ એમાં ગણિતશાસ્ત્રનો સાહજિક પ્રવેશ થયો. સંગીત એટલે જ સ્વરનું કાલસાપેક્ષ સ્વરૂપ. એના લયની ગતિ એટલે જાણે ઘડિયાળ-યંત્ર. લય જો નિશ્ચિત, સ્થિર; ઘૂંટેલો હોય તો એને આધારે જ સેકંડ, મિનિટ, કલાક માપી શકો. તારની લંબાઈ અને સ્વરની ઉત્કટતા - એના નાદગત્ ઊંચાનીચાપણાનો સંબંધ પ્રગટ થયો અને બાર સ્વરની આ સૃષ્ટિ એના પરમ્યુટેશન-કોમ્બિનેશન દ્વારા હજારો ધ્વનિઘટકો આપે છે, એની પ્રતીતિ થતાં જ સપ્તકના સ્વરને કેવી-કેવી રીતે લઈ શકાય, એની સંભાવનાઓ પ્રકટી ને એમાંથી મેળ જન્મ્યા.

બાર સ્વરોનો જે સમૂહ-એકમ છે તેના સ્વરોની નિશ્ચિત ગોઠવણીને સંસ્કૃત ગ્રંથકાર સંગીતશાસ્ત્રકારોએ 'મેળ' તરીકે ઓળખાવી છે :

મેલઃ સ્વરસમૂહ સ્યાદ્રાગવ્યંજનશક્તિમાન.

અર્થાત્ જે સ્વરસમૂહ રાગવ્યંજકશક્તિ ધરાવતો હોય તેને મેળ કહેવાય. રાગ વ્યંજકશક્તિ એટલે શું? મધુરતા ? ના, માત્ર મધુરતા જ નહીં. સાગ, સાગ, સામ સ્વરસમૂહ મધુર લાગે પરંતુ એ બેથી રાગ બને નહીં, કેમ કે કોઈ પણ બે સ્વર

મધુર બને, રાગવ્યંજક ન બને. રાગવ્યંજક બનવા માટે એમાં ઓછામાં ઓછા પાંચ સ્વર તો જોઈએ જ. અને 'મ' બાદ થઈ શકે 'પ' હોય તો, કે 'પ' પણ બાદ થઈ શકે. જો 'મ' હોય તો પરંતુ 'મ' અને 'પ' બન્ને એકસાથે બાદ થઈ ન શકે ષડ્જ જો એનો આધાર છે, પ્રારંભિક સ્વર છે, પાયો છે, એથી એ તો અનિવાર્ય છે. 'ભરતનાટ્યશાસ્ત્ર'માં જાતિગાનનો ઉલ્લેખ છે અને તેનો પ્રચાર હતો. પરંતુ ત્યાં રાગ એવો ઉલ્લેખ નથી. ભરતના પૂરોગામી તરીકે 'નારદિય શિક્ષા' ગ્રન્થકાર નારદ ઈ.પૂ. ૧૦૦૦માં થયા. 'કોહલમતમ્' નામે કોહલકૃત સંગીતવિષયક ગ્રન્થની ખંડિત પ્રત મળે છે, જેમાં પુષ્પાંજલિના સિદ્ધાન્તનું પ્રતિપાદન છે. 'કોહલરહસ્ય' નામે કૃતિ મળે છે તે કોહલના કોઈ અનુગામીની હોઈ શકે. 'દત્તિલમ્'ના રચયિતા દત્તિલને કોઈ ભરતનો પુત્ર તો કોઈ કોહલનો શિષ્ય માને છે. અર્જુને અજ્ઞાતવાસના સમયે ઉત્તરાને નૃત્યનું શિક્ષણ આપતાં 'સપ્તતાલદીપિકા' નામે ગ્રન્થ રચ્યાનું કહેવાય છે. 'યાષ્ટિકસંહિતા' યાષ્ટિકની રચેલી મનાય છે. આંજનેય કે હનુમાનને નામે 'આંજનેયસંહિતા' રચાઈ, જે 'હનુમત્સંહિતા' કે 'ભરતરત્નાકર'નામે પણ ઓળખાય છે. વૃદ્ધ કાશ્યપને નામે 'કાશ્યપસંહિતા' લખાયેલી છે. 'ભરતવાર્તિક' એવા નામે પાંચમી સદીના બૌદ્ધ આચાર્યે ભરતના નાટ્યશાસ્ત્ર પર વાર્તિક રચ્યું. એ પછી ૮મી સદીના મતંગમુનિકૃત 'બૃહદ્દેશી' ગ્રન્થ લખાયો છે. ભારતીય શાસ્ત્રીય સંગીતના રાગના ઉત્પત્તિ-વિકાસ માટે આ ગ્રન્થો આધારરૂપ છે. 'બૃહદ્દેશી'માં મતંગમુનિ કહે છે કે રાગ વિશે ભરતમુનિએ કે બીજાએ કશું કહ્યું નથી, એથી પોતે રાગનું લક્ષણ આપે છે. આ સમયે રાગનો પૂર્ણ વિકાસ થઈ ચૂક્યો હતો. મેં સંભાવના દર્શાવી છે કે ભારતીય શાસ્ત્રીયસંગીતમાં રાગનો જન્મ થયો છે તે વિવિધ પ્રદેશના વિવિધ લોકગાનના ઢાળોને આધારે બંધાયેલા અને પ્રગટ થયેલા સ્વરસ્વરૂપના લક્ષણને આધારે, તેને મતંગમુનિની કૃતિનું ગ્રન્થનામ ટેકો આપે છે – બૃહદ્દેશી. આજે પણ મધ્યકાળથી આજ સુધી જે કેટલીક પરંપરાગત ગેય ઢાળો ચાલી આવે છે, તેને દેશી કહેવામાં આવે છે. કોઈ એક રચનાનું ગાન-સ્વરૂપ, તેનું ગેય રૂપ લોકપ્રચલિત બને અને એ ઢાળમાં જ બીજી દેશીઓની રચના થાય ત્યારે જે રચના પરંપરાગત જૂની હોય, જેના ઢાળની બધાને જાણકારી હોય તે દેશીનો મુખડો, ઢાળ તરીકે દર્શાવવામાં આવે છે. આમ ગેય દેશી, તેના ઢાળ અને કેટલાક રાગ વચ્ચે જન્ય-જનક સંબંધ છે. આવા પ્રચલિત ઢાળોના સ્વરના બંધારણ નિશ્ચિત થયા, એમાંથી રાગ બન્યા. અને પછીના તબકકે, આવા રાગો પ્રચલિત બન્યા પછી ગેય ઢાળની શબ્દરચનાને બદલે તે રાગના તાલ સમેત સૂચનો થવા લાગ્યાં. ઉ.ત. 'સુખદુઃખ મનમાં ન આણીએ' એ ઢાળ - એવું સૂચન હોય તો તે રચનાના પરંપરાગત પ્રચલિત ઢાળમાં રચના ગાવાની છે, એ હેતુ છે. રાગ કદારા, જયજયવંતી, માંઢ વગેરે લખી જત, ઝપ, દાદરો વગેરે લખ્યું હોય તો તે સંબંધિત રચના તે રાગમાં નિર્દિષ્ટ તાલમાં ગાવાનું સૂચવવાનો હેતુ છે. છંદના વિકાસ અને છંદન ગાન, માત્રામેળ છંદો, દેશીઓ અને તેનાં ઢાળ - આને રાગ સાથે સંબંધ છે. મતંગમુનિ નિર્દિષ્ટ રાગો 'દેશી' છે, ગેય દેશીના માધ્યમે પરંપરાગત અને સર્વપ્રિય છે. મતંગ દર્શાવે છે કે જાતિગાનમાંથી ષડજગ્રામ તથા અન્ય ગ્રામજન્ય રાગોની ઉત્પત્તિ થઈ અને રાગ, સ્વર, શ્રુતિ જન્મ્યાં. રાગની સંભવતઃ પ્રથમ વ્યાખ્યા મતંગ આપે છે. એ પહેલાં રાગની વ્યાખ્યા કોઈએ આપી હોય તો શોધવા જેવું છે. ઈ. ચોથી સદીના 'નારદીય શિક્ષા'માં શ્રુતિનો પ્રથમ ઉલ્લેખ છે, પરંતુ ત્યાં 'શ્રુતિ એટલે સ્વરનો ભાગ' એવો અર્થ છે. શ્રુતિ એ સ્વરસ્થાન હોવાનું પ્રથમ ભરતનાટ્યશાસ્ત્રમાં સ્પષ્ટ થાય છે. 'નારદીય શિક્ષા'માં રાગનો નિર્દેશ છે પરંતુ તે ગ્રામ-રાગના અર્થમાં પ્રયોજાય છે. 'સંગીત મકરંદ' એ નામના નારદ જે મધ્યકાળના પાછળના સમયના છે તે તાલ; સ્વર, મૂર્ચ્છના સાથે રાગનાં નામ આપે છે અને તે નામ મુસ્લિમ પરંપરાનાં છે. 'રાગ'નો સ્પષ્ટ ઉલ્લેખ તો ૧૦મી સદીનો ગણાય. પ્રથમ જાતિથી, પછીથી ગ્રામથી ઓળખાતાં સ્વરૂપભિન્નગાન ૧૦મી સદી સુધીમાં રાગ તરીકે ઓળખાતા થઈ ચૂક્યા હતા. તેરમી સદીના 'સંગીત રત્નાકર'માં રાગનો વિભાવ સુસ્પષ્ટ થાય છે તેમ લોકસંગીત અને શાસ્ત્રીય સંગીતનો વિભાવ પણ :

રંજકઃ સ્વરસંદર્ભો ગીતમિત્યભિધીયતે,
ગાંધર્વ ગાનમિત્યસ્ય ભેદદ્વયમુદીરિતં.

એ શ્લોકમાં જોઈ શકાશે. અહીં ગાનના ગીત અને ગાંધર્વગાન એવા બે ભેદ પાડ્યા છે. ગીતને રંજક સ્વરના સંદર્ભથી ગીત બને છે, એનો અર્થ એ કે રાગના કે એવા કોઈ નિયમ નહીં પરંતુ રંજકતાને ધોરણે જેમાં સ્વર યોજાયા છે તેવું ગીત, તેવી ગાન પદ્ધતિ. 'રત્નાકર'માં ગાંધર્વગાનની વિભાવના :

અનાદિસંપ્રદાય યદ્ગંધર્વૈઃ સંપ્રયુજ્યતે,
નિયતં શ્રેયસો હેતુઃ તદ્ગાંધર્વ જગુર્બુઃ ધા.

એ શ્લોકમાં વ્યક્ત થાય છે જેમાં જે ગંધર્વ દ્વારા આનાદિસંપ્રદાય એટલે કે વેદની પરંપરાથી પ્રયોજાય છે અને શ્રેયસ એટલે કે મોક્ષપ્રાપ્તિ માટે જેનો પ્રયોગ થાય છે તે ગન્ધર્વગાનનું લક્ષણ છે. અહીં ગીત એટલે કે દેશી કે લોકસંગીતથી ગન્ધર્વગાનને જુદું પાડીને 'રત્નાકર'કાર દેશીમાંથી જન્મેલા રાગનું લક્ષણ બાંધતાં કહે છે :

યત્તુ વાગ્ગેયકારેણ રચિતં લક્ષણાન્વિતમ્,
દેશીરાગાદિષુ પ્રોકતં તદ્ગાન જનરંજનમ્.

જેની રચના વાગ્ગેયકારે કરેલી છે અને જે દેશી રાગાદિમાં ગવાય છે તે જનરંજનગાન છે. અહીં (૧) કોઈ રાગનું બંધન

નથી પરંતુ રંજકતાથી જ જેમાં સ્વરો પ્રયોજાય છે તેવું ગીત; (૨) જેની પરંપરા વેદકાલીન અનાદિ છે અને મોક્ષપ્રાપ્તિ માટે પ્રયોજાય છે તે; અને (૩) સાહિત્ય અને સંગીત ઉભય કલાના જાણકાર એવા વાગ્ગેયકારે જેની રચના કરેલી છે. દેશી એટલે કે પરંપરાગત ગેય ઢાળ અને રાગ વગેરેમાં ગવાય છે, તેવી રચનાઓ અને તેનું જ્ઞાન એવી એવી સ્પષ્ટ વિભાવના જોઈ શકાય છે. અહીં જનરંજનગાનમાં ગીત એટલે કે લોકગીત અને તેનાં ગેય ઢાળ, રાસ, આખ્યાન આદિ જેવા સાહિત્યસ્વરૂપમાં ગવાતી દેશી ઢાળની રચના તથા કોઈ રાગ વિશેષમાં ગવાતી રચના એમ ત્રણ પ્રવાહ અને પ્રકારનો સમાવેશ થાય છે. અહી 'દેશીરાગાદિષુ પ્રોક્તં' કહ્યું છે તેનો અર્થ 'દેશી રાગોમાં ગવાયેલું/કહેવાયેલું' એવો અર્થ ન થાય કેમ કે 'દેશી, રાગ, આદિષુ પ્રોક્તં' અર્થાત્ દેશીઓમાં, રાગોમાં, વગેરેમાં ગવાય છે તેવી રચના, એવું તાત્પર્ય છે. દેશી અહીં રાગનું વિશેષણ નથી, રાગ સાથે સંકળાયેલો વર્ગ છે. એવું ન હોત અને 'દેશીરાગમાં ગવાતું'એમ જ જો કહેવાનું હોત તો તે 'આદિષુ' વગેરેમાં - એવું મૂક્યું ન હોત. આમ લોકપરંપરાઓમાં રચનાઓ ગવાતી હતી, વેદગાનમાં વેદના ગેય સૂક્તોના ગાનની પરંપરા આવી અને સાહિત્યની પરંપરાઓમાં દેશી ઢાળોમાં ગવાતી રચનાઓ અને કોઈ નિશ્ચિત એવા રાગમાં ગવાતી રચનાઓની પરંપરા ચાલી. અહીં જ ભારતીય સંગીતમાં રાગસંગીતનો જન્મ અને વિકાસ કેવી રીતે થયો તે જોઈ શકાય છે.

સંગીત - રત્નાકરમાં : દેશેદેશે જનાનાં યદ્રુચ્યા હૃદયરંજકં,
ગાનં ચ વાદનં નૃત્યં તદ્દેશીત્યભિથીયતે. - કહ્યું છે.

ત્યાં દેશી અર્થાત્ લોકની, પરંપરાનાં ગાયન, વાદન અને નૃત્ય એવી સ્પષ્ટ વિભાવના જોવા મળે છે. 'દેશેદેશે' અર્થ છે વિવિધ દેશમાં, એટલે કે મહારાષ્ટ્રમાં, બંગાળમાં, બિહારમાં, રાજસ્થાનમાં, મધ્યદેશમાં, ગુજરાત-સૌરાષ્ટ્ર વગેરેમાં લોકરુચિની દૃષ્ટિએ જે હૃદયનું રંજન કરનારી છે, અર્થાત્ લોકપ્રિય છે, પરંપરાની છે તેવી ગાયન, વાદન અને નૃત્યની કલાઓ 'દેશી' કહેવામાં આવે છે.

આવી લોકપરંપરા અને ગન્ધર્વ અર્થાત્ શિષ્ટ કે વિદગ્ધ એવી વેદગાનની પરંપરાઓના અભ્યાસના પરિણામે ભારતીય સંગીતશાસ્ત્રમાં શ્રુતિ, સ્વર, સપ્તક, મૂર્ચ્છના, ગ્રામ, જાતિની વિભાવના જન્મી અને વિકસી. આવા પ્રકારના ગાનની રચનાઓમાં પ્રયોજાતા સ્વરોમાં ક્યાંક સપ્તકના બધા જ શુદ્ધ મનાતા સ્વરો હોય, ક્યાંક કોઈ એક-બે સ્વર બાદ થયા હોય તો ક્યાંક કોઈ રે, ગ, ધ, નિ જેવા સ્વરના વિકૃત અર્થાત્ કોમળ કે 'મ'ના 'મા' જેવા તીવ્ર સ્વરો પ્રયોજાયા હોય છે એની જાણકારી વધતી ચાલી અને સ્વરના સ્વરૂપાન્તર અને લગાવથી ભિન્ન ભિન્ન રાગ જન્મે છે, તે ધ્યાનમાં આવ્યું સમાન એવા સ્વરસ્વરૂપનું બંધારણ ધરાવતી રચનાઓને રાગ તરીકે ઓળખવામાં આવી. પાઠ્ય એવા અક્ષરગત લયના બંધારણે ગણ આપ્યા અને તે ગણના આધારે વિવિધ પ્રકારના છંદો ગાયત્રિ, ત્રિતૃષ્ટ, અનુષ્ટુપ, જગતિ જેવા છંદો વેદકાળે જ સિદ્ધ થયા એ સાથે જ અનુગામી પરંપરાઓએ મંદાક્રાન્તા, શાર્દૂલવિક્રીડિત, રથોદ્ધતાદિ છંદો અને મિશ્રરૂપ છંદો સર્જ્યા-એ ગવાતાં ગયાં, દરેક છંદના સંભવતઃ પ્રદેશભેદે, જાતિભેદે, સમયભેદે ગેયઢાળ અસ્તિત્વમાં આવ્યા, આની સાથે જ ગીત, મધ્યમકદની કથનાત્મક ગેયરચનાની દેશી અને ઢાળ આવ્યાં અને એનું અંતિમ પરિણામ કે એની સંસિદ્ધિ તે રાગસંગીત. ઈરાન, અફઘાનીસ્તાન, કાબુલ, કંદહાર જેવા મધ્યપૂર્વના દેશોની વિવિધ જાતિઓ સિંધ, પંજાબ, રાજસ્થાન, કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાતમાં આવી અને ભારતમાં પ્રસરતી ગઈ, મુસ્લિમોનું પાંચમી-છઠ્ઠી પછી આગમન થયું, મુગલ, અફઘાન વગેરેનાં આક્રમણો થયાં અને એ લોકો સત્તાધીશ બની સ્થાયી થયા, આઠથી દશ સદીમાં હિમાલય-પંજાબ-સિંધ-રાજસ્થાન-મારવાડ-ગુજરાત-સૌરાષ્ટ્ર વગેરે માર્ગે તથા જલમાર્ગે પણ વ્યાપારાર્થે કે અન્ય કારણે વિવિધ પ્રજાઓ આવી અને મુગલકાળમાં રાગસંગીતને વિશેષ રાજ્યાશ્રય મળ્યો. આ બધાં જ સંપર્કોની અસર ભારતીય શાસ્ત્રીય સંગીત પર પડી અને વિવિધ શાસ્ત્રીય રાગોના પ્રચાર-પ્રસાર-મિશ્રણ અને અભિનવનિર્માણમાં પરિણમી.

આ પરિસ્થિતિને દૃષ્ટિમાં લેતાં કયો રાગ મૂળ ભારતીય સંગીતપરંપરાનો, એનું મૂળ પ્રાચીન રૂપ અત્યારે પ્રચલિત છે એવું કે એથી જુદું, ક્યા રાગો પશ્ચિમોત્તર અસરે ભારતીય શાસ્ત્રીય સંગીતમાં આવ્યા. આ બધા પ્રશ્નોનું નિરાકરણ કરવાનું કે રાગસંગીતના શુદ્ધ ઇતિહાસને આપવાનું શક્ય નથી. ઋષિનાં કુળ અને નદીનાં મૂળ જેવી પરિસ્થિતિ છે. પરંતુ જે વિવિધ રાગ અને તેનાં પ્રવર્તમાન રૂપ છે તેમાં કેટલાંક પ્રાચીન ભારતીય મૂળનાં છે અને તે દસ-બાર સદી સુધી પૂર્ણ સિદ્ધ થઈ ચૂક્યા હતા. પછીના ગાળાના મધ્યકાલીન મુગલકાલીન સંગીતમાં પશ્ચિમોત્તર પ્રભાવ છે, પરંતુ જે રાગ છે તેનાં મૂળ તો ભારતીય જ છે. મૂર્ચ્છના અને ગ્રામ તથા મેળની પદ્ધતિ જ એવી છે, જે સાત કે બાર સ્વરોમાંથી હજારો રાગનું સર્જન કરી શકે. હિમાલય, અર્બુદાચળ કે વિંધ્ય એવાં નામ પડ્યાં એ પહેલાં પણ તે પહાડો તો જન્મી જ ચૂક્યા હતા, એવું રાગનું છે. યમન કે એવા કોઈ રાગ પશ્ચિમોત્તર હોય પરંતુ નિરેગમાપધનિ જેવો ક્રમ, એના સ્વરજૂથના જન્મતા લાક્ષણિક ધ્વનિઘટક એકમો તો વિવિધ મૂર્ચ્છનામાં, ગવાતી દેશીઓમાં, ક્યાંક ગીતમાં પણ હોવાનાં જ. એનું નામ 'યમન' પડ્યું કે એ પરંપરાગત મૂર્ચ્છના પણ એમાં સંકળાઈ.

પ્રશ્ન એ થાય કે હજારો રાગોમાંથી મુખ્ય રાગો ક્યા અને કેટલા? રાગ-રાગિણી વચ્ચે શો ભેદ? કુલ સંખ્યા કેટલી? - આગામી અંકે જાણીએ. (ક્રમશઃ)

આવો, શીખીએ અંગ્રેજી (૧૧)

ધનુભાઈ મહેતા

અંગ્રેજીના આજના પાઠનો પ્રારંભ એક સંસ્કૃત સુભાષિતથી કરીએ:

न जार जातस्य ललाट शृंगम्, न कुलजातस्य च पाणि पद्मम्।
यदा यदा मुन्चति वाक्यबाणम्, तदा तदा जाति कुलप्रमाणम्॥
વેશ્યા તણા ભાલ પરે ન શિંગ, કુલિનતા, ના કર પદ્મભૂષિત;
વાચા ઝરે જે દ્વય ઓષ્ઠ દ્વાર, તે જાતિ ને કુળ તણું પ્રમાણ.

ભાષા વ્યક્તિત્વ અને સંસ્કારિતાની દ્યોતક છે. ચારિત્ર શુદ્ધિ જેટલો જ આગ્રહ ભાષાશુદ્ધિ માટે હોવો જરૂરી છે; પછી ભલે તે વાણીમાં હોય કે લેખિનીમાં. અશુદ્ધ ભાષા કાનને કઠે - ખૂંચે. આપણી વાણી આપણી સંસ્કારિતાનું પ્રતિબિંબ છે.

ગયા પાઠમાં 'કૃદંત' વિષે શીખ્યા. આ 'કૃદંત'નો અશુદ્ધ વ્યાકરણ પ્રયોગ કેટલાક કરે છે તેથી જ આટલું 'લાલબત્તી' રૂપે. I got passing Marks, કે We travelled by a sleeping coach. આ પ્રકારની વાક્યરચના વ્યાકરણશુદ્ધ નથી. 'Passing Marks'નો અર્થ કરવા જઈએ તો 'પાસ થતાં ગુણ' કે 'Sleeping Coach'નો અર્થ 'ઊંઘતો કે સૂતો ડબો' એમ થાય. વ્યાકરણશુદ્ધ રચના આ પ્રમાણે થાય: I got pass marks. We travelled by a sleep coach.

હવે મૂળકૃદંતને પણ સમજી લઈએ. ક્રિયાપદના 'to'વાળા રૂપને મૂળકૃદંત કહેવાય. એક વાતનો ખ્યાલ રાખજો કે મુખ્ય ક્રિયાપદ એટલે કે 'the finite verb' (ફાઈનાઈટ વર્બ)ને કાળ અને પુરુષનાં બંધન છે, જ્યારે નામ કૃદંત કે મૂળ કૃદંતને કાળનાં બંધન નથી. નીચેનાં વાક્યોથી આ નિયમ સ્પષ્ટ થશે.

I see a flying bird. He sees a flying bird. I saw a flying bird. We go to school to study. He goes to school to study. He went to school to study. કર્તાનો પુરુષ કે વચન કે વાક્યનો કાળ બદલાતાં 'flying' કે 'to study'માં કોઈ ફેરફાર થતો નથી. જ્યારે 'to see', 'to go' એ મુખ્ય ક્રિયાપદમાં ફેરફાર થાય છે.

'મૂળકૃદંત', ક્રિયાસૂચક કે ક્રિયાદર્શક પદ તરીકે, કર્તા, કર્મપૂરક કે નામયોગી અવ્યય તરીકે વાક્યમાં આવે છે. દાખલા તરીકે :

(૧) કર્તાસ્થાને -

અસત્ય બોલવું પાપ છે.
to tell a lie is a sin. (a sin - સિન - પાપ.)
મનુષ્યમાત્ર ભૂલને પાત્ર.
to err is human. (to err - એર - ભૂલ કરવી.)

(૨) કર્મસ્થાને -

અમે વધુ અને સારું શીખવા માગીએ છીએ.
We want to learn more and well.
સંતોને સહન કરવું ગમે છે. Saints like to suffer. (a saint - સેંટ - સંત. to suffer - સફર - સહન કરવું.)

(૩) નામયોગી અવ્યયના કર્મસ્થાને -

ગાડી ઊપડવાની તૈયારીમાં છે;
The train is about to leave.
સ્વીકારી લેવા સિવાય ભિખારીને પસંદગી હોતી નથી.
Beggar have no choice but, to accept. (a choice - ચોઈસ - પસંદગી. to accept - એક્સેપ્ટ - સ્વીકારવું.)

(૪) કર્મપૂરક સ્થાને -

મારી પત્ની હું તે કરું તેમ ઇચ્છે છે.
My wife wants me to do it.
તમે મને મદદ કરો તેવી પ્રિન્સિપાલની ઇચ્છા હતી.
The Principal wanted you to help me.
ઉપદેશાત્મક તરીકે -
પથ્થર સામે ગુલાબની અપેક્ષા રાખવી વ્યર્થ છે.
It is useless to hope roses against stones.
(against - અગેન્સ્ટ - ની સામે.)

(૫) આશ્ચર્ય અભિવ્યક્તિને સ્થાને -

અરે સેતાન! નરકમાં સુખ મેળવવા માટે શીદને વ્યર્થ ફાંફાં મારે છે!

Oh Satan ! Why try in vain to find happiness in hell ! (in vain - ઇન વેઇન - વ્યર્થ, hell - હેલ - નરક.)

ક્રિયાનો હેતુ, કારણ કે પરિણામ દર્શાવવા માટે પણ મૂળ કૃદંત વપરાય છે.

(૧) હેતુ - આપણે કમાવા માટે ભણીએ છીએ.
We learn to earn. (to earn - અર્ન - કમાવું.)

(૨) કારણ - ડેનિયલ મને ન્યાય કરવા આવ્યો છે.
Danial has come to do me Justice.
(Justice - જસ્ટિસ - ન્યાય.)

(૩) પરિણામ - તમે વિનાશ નોતરો તેટલા ઘમંડી છો.

You are too proud to invite a fall.

(Proud - પ્રાઉડ - ઘમંડી, અભિમાની. a fall - ફોલ - વિનાશ, પતન.)

(૪) વળી મૂળકૃદંતનો પ્રયોગ નામનો હેતુ દર્શાવવા માટે ક્રિયાપદના પૂરક તરીકે કે વિશેષણના સંદર્ભમાં પણ થાય છે. જેમ કે -

આ બંગલો ભાડે આપવાનો છે.

This bungalow is to let.

(To be let - ટુ બી લેટ - ભાડે આપવું.)

ધૂમ્રપાન કરવું હાનિકારક છે.

It is harmful to smoke.

કેરી ખાવા માટે સારી છે.

Mangoes are good to eat.

ગુજરાતીમાં જે ક્રિયા છ કૃદંતો દ્વારા દર્શાવવામાં આવે છે તે ક્રિયાઓ અંગ્રેજીમાં વર્તમાન કૃદંત, ભૂતકૃદંત, નામ કૃદંત અને મૂળ કૃદંત વડે દર્શાવાય છે. તો હવે अलम् अति कृदंतेण। કૃદંતની વાત પૂરી થઈ.

'to be' તથા 'to have' નાં ત્રણે કાળનાં રૂપો તથા 'વર્તમાન કૃદંત' અને 'ભૂતકૃદંત' વિષે આપણે શીખ્યા એટલે હવે ત્રણે ચાલુ અને પૂર્ણ કાળ સમજવાનું આપણને સુગમ થઈ પડશે. અહીં પ્રથમ ત્રણે ચાલુ કાળનો વિચાર કરીએ.

ચાલુ વર્તમાન કાળને અંગ્રેજીમાં 'The continuous present tense' (કન્ટિન્યુઅસ પ્રેઝન્ટ ટેન્સ) કહેવામાં આવે છે. વર્તમાનમાં એટલે કે હાલ, હમણાં 'Now' (નાવ - હમણાં, અત્યારે) 'Just now' (જસ્ટ નાવ - અત્યારે જ) ક્રિયા ચાલુ છે એમ દર્શાવાયું હોય ત્યારે ચાલુ વર્તમાન કાળ બને. ચાલુ વર્તમાનકાળનું વિધાન વાક્ય બનાવવા માટે કર્તા પછી 'To be' ક્રિયાપદનું વર્તમાન કાળનું કર્તા પ્રમાણેનું યોગ્ય રૂપ મૂકીને ક્રિયાપદનું વર્તમાનકૃદંત વાપરવું.

બાળકો હમણાં નિશાળે જઈ રહ્યાં છે.

Children are going to School now.

હું અત્યારે ચા પીઉં છું. I am taking tea now.

આકાશમાં તારાઓ ઝબૂકી રહ્યા છે.

Stars are twinkling in the sky now.

અમે ક્રિકેટ ખેલી રહ્યા છીએ.

We are playing Cricket.

તમે અમને અંગ્રેજી શીખવી રહ્યા છો.

You are teaching us English.

જુઓ, બિલાડી ઉંદરની પાછળ દોડી રહી છે.

Look, a cat is running after a rat.

ચાંલુ વર્તમાનકાળના વિધાન વાક્યનું નકાર કરવા માટે 'to be' ના રૂપ પછી 'not' મૂકીને પછી ક્રિયાપદનું વર્તમાન કૃદંત વાપરવું. જેમ કે -

હું તમારી સાથે વાત કરી રહ્યો નથી.

I am not talking to you.

રીટા હમણાં ટાઇપ કરી રહી નથી.

Rita is not typing now.

ચાલુ વર્તમાનકાળના વિધાન વાક્યને પ્રશ્ન વાક્યમાં ફેરવવા માટે વાકયના પ્રારંભે 'to be' ક્રિયાપદનું યોગ્ય રૂપ મૂકીને કર્તા મૂકવો અને પછી ક્રિયાપદનું વર્તમાન કૃદંત વાપરવું. નીચે પ્રમાણે :

તમે મને સાંભળી રહ્યા છો ? Are you listening to me?

શું તેઓ ઘેર જઈ રહ્યા છે? Are they going home?

ચાલુ વર્તમાનકાળ બરાબર સમજ્યા પછી ચાલુ ભૂતકાળ અને ચાલુ ભવિષ્યકાળ શીખવા સુગમ છે.

ચાલુ ભૂતકાળ એટલે ભૂતકાળમાં અમુક સમયે કોઈ ચોક્કસ ક્રિયા ચાલુ હતી. અંગ્રેજીમાં ચાલુ ભૂતકાળનું વિધાન વાક્ય બનાવવા માટે 'to be' ક્રિયાપદનું કર્તા પ્રમાણેનું ભૂતકાળનું યોગ્ય રૂપ એટલે કે 'was' કે 'were' મૂકીને પછી ક્રિયાપદનું વર્તમાન કૃદંત મૂકવું. નકાર કરવા માટે કર્તા પછી 'was' કે 'were' માંથી જે યોગ્ય રૂપ હોય તે મૂકીને 'not' વાપરવું અને પછી ક્રિયાપદનું વર્તમાન કૃદંત મૂકવું. પ્રશ્ન વાક્ય બનાવવા માટે પ્રારંભે 'was' કે 'were' મૂકીને કર્તા મૂક્યા બાદ ક્રિયાપદનું વર્તમાન કૃદંત વાપરવું, જેમ કે -

સવારે નવ વાગે વરસાદ વરસી રહ્યો હતો.

(ચાલુ ભૂતકાળ, વિધાન)

It was raining at 9-00 in the morning.

સવારે નવ વાગે વરસાદ વરસતો ન હતો.

(ચાલુ ભૂતકાળ, નકાર)

It was not raining at 9-00 in the morning.

સવારે નવ વાગે વરસાદ વરસતો હતો ?

(ચાલુ ભૂતકાળ, પ્રશ્ન)

Was it raining at 9-00 in the morning?

ચાલુ ભૂતકાળમાં વિધાન, નકાર અને પ્રશ્ન વાક્ય કેમ બને તે માટે ઉપર આપેલ ઉદાહરણ પૂરતું છે. ચાલુ ભૂતકાળને અંગ્રેજીમાં 'the continuous past tense' (કન્ટિન્યુઅસ પાસ્ટ ટેન્સ) કહેવામાં આવે છે. તો ચાલુ ભવિષ્યકાળને the continuous future tense' (કન્ટિન્યુઅસ ફ્યુચર ટેન્સ)

કહેવાય છે. ભવિષ્યકાળમાં અમુક ક્રિયા ચાલુ હશે એમ વાક્યમાં કહેવાયું હોય ત્યારે તે વાક્ય ચાલુ ભવિષ્યકાળનું બને. ચાલુ ભવિષ્યકાળનું વિધાન વાકય બનાવવા માટે 'to be' ક્રિયાપદનું કર્તાના સંદર્ભ પ્રમાણેનું ભવિષ્યકાળનું યોગ્ય રૂપ વાપરવું અને પછી ક્રિયાપદનું વર્તમાન કૃદંત મૂકવું. ચાલુ ભવિષ્યકાળમાં વાકયને નકારાત્મક બતાવવા માટે 'to be' ના ભવિષ્યકાળનાં રૂપ 'shall' કે 'will' વાપરીને 'not' મૂકીને 'be' પછી ક્રિયાપદનું વર્તમાન કૃદંત વાપરવું. અને પ્રશ્ન બનાવવા માટે વાક્યને પ્રારંભે 'shall' કે 'will' મૂકીને પછી કર્તા મૂક્યા બાદ 'be' વાપરીને ક્રિયાપદનું વર્તમાન કૃદંતનું રૂપ વાપરવું.

પૂર્ણિમાની રાત્રીએ ચંદ્ર આકાશમાં પૂર્ણ કળાએ પ્રકાશી રહ્યો હશે. The moon will be shining with all her glory in the sky on a full-moon night. (with all her glory - વિથ ઓલ હર ગ્લોરી - પૂર્ણ કળાએ, a full-moon night - ફૂલ મૂન નાઈટ - પૂર્ણિમાની રાત્રી.)

દરિયામાં મોજાં ઊંચે સુધી ઊછળતાં હશે.

The waves will be rising high in the sea.

(a wave - વેવ - દરિયાનાં પાણીનું મોજું, to rise high - રાઈઝ - ઊંચે સુધી ઊછળવું.)

ચાલુ ભવિષ્યકાળના નકાર વાક્યના નમૂના જોઈએ:

રવિવારે ટપાલી ટપાલ વહેંચતો હશે નહિ. The post-man will not be delivering post on Sunday.

ઉનાળામાં વરસાદ વરસતો હશે નહિ.

It will not be raining in summer.

ચાલુ ભવિષ્યકાળમાં પ્રશ્ન વાક્ય નીચે પ્રમાણે બને :

આજે રાત્રે તમે તમારું કામ કરતા હશો?

Will you be doing your work to-night.

ટૂંકમાં, અંગ્રેજીમાં ચાલુ કાળ બનાવવાના નિયમોનું તારણ નીચે પ્રમાણે કાઢી શકાય:

૧. વિધાન વાક્ય - કર્તા + કર્તા અને કાળ પ્રમાણેનું 'to be' નું યોગ્ય રૂપ + ક્રિયાપદનું વર્તમાન કૃદંત.

૨. નકાર વાક્ય - (ચાલુ વર્તમાન, ચાલુ ભૂતકાળ)

કર્તા + કર્તા અને કાળ પ્રમાણેનું 'to be' ક્રિયાપદનું યોગ્ય રૂપ + not + ક્રિયાપદનું વર્તમાન કૃદંત.

૩. નકાર વાક્ય - (ભવિષ્યકાળ)

કર્તા + કર્તા પ્રમાણે 'shall' કે 'will' + not + be + ક્રિયાપદનું વર્તમાન કૃદંત.

૪. પ્રશ્નાર્થ વાક્ય - (ચાલુ વર્તમાન + ચાલુ ભૂતકાળ)

કાળ અને કર્તા પ્રમાણેનું 'to be'નું યોગ્ય રૂપ + કર્તા + ક્રિયાપદનું વર્તમાન કૃદંત.

૫. પ્રશ્નાર્થ વાક્ય - (ચાલુ ભવિષ્યકાળ)

કર્તા પ્રમાણે 'shall' કે 'will' + કર્તા + be + ક્રિયાપદનું વર્તમાન કૃદંત. (ક્રમશઃ)

લઘુકથા] **કીડો** [પંકજ ત્રિવેદી

પ્રા. વ્યાસ ખૂબ ઊંડાણપૂર્વક ભણાવે છે. તેથી એમના પિરિયડમાં મોટી સંખ્યામાં હાજરી જોવા મળે છે. વળી આ મહિલા કોલેજ છે. વિદ્યાર્થિનીઓ ખૂબ જ ધ્યાનપૂર્વક સાંભળે છે, સમજે છે.

પ્રા. વ્યાસ છેલ્લા સાત-આઠ પિરિયડથી સતત એક બાબતને મનોમન નોંધે છે. વિદ્યાર્થિનીઓની શિસ્ત તથા પ્રિલિમિનરી પરીક્ષાનું પરિણામ જોતાં પોતાના જ અધ્યાપકકાર્ય વિશે કશી શંકા ન રહી. વિદ્યાર્થિનીઓની આંખોમાં રહેલો સંતોષ પોતીકો બન્યો હોય એવું પ્રાધ્યાપકને અનુભવાયું.

હા, એક છોકરી નિયમિત રીતે ચાલુ પિરિયડે પોતાની પાસે રહેલું જેન્ટ્સ પર્સ બહાર કાઢે છે, એને ડાયરીની જેમ ખોલે છે, એને ચૂમે છે, પછી આંસુ સારે છે. હીબકાને ગળે ટૂંપો દે છે. ભીનું થયેલું પર્સ પોતાની સાડીના પાલવથી લૂછી નાખે છે, તો ક્યારેક એ જ છેડાથી મોં આગળ ડૂચો દે છે! અવાજ અંદર જ ગૂંગળાય છે. અવાજ, અવાજ કરી શકતો નથી.

પ્રાધ્યાપક છેલ્લા અઠવાડિયાથી આ પ્રક્રિયા જોઈને સતત દ્વિધા અનુભવે છે. એવું તે શું છે, એ જેન્ટસ્ પર્સમાં ? એક કૉલેજની છોકરી પાસે જેન્ટસ્ પર્સ હોય અને એને વારંવાર ચૂમવું એ બાબત શું સૂચવે છે?

એક દિવસ પ્રાધ્યાપકે એ છોકરીને બોલાવીને કહ્યું: 'તારી પાસે જેન્ટસ્ પર્સ છે એ મારે જોવું છે, આપીશ?'

એ છોકરીએ પોતાના મોટા પર્સમાંથી પેલું જેન્ટસ્ પર્સ કાઢીને પ્રાધ્યાપકના હાથમાં મૂક્યું. પર્સ ખોલતાં જ રાજકુમાર જેવા યુવાનનો ફોટો દેખાયો. અધ્યાપકે છોકરીની આંખો વાંચવાનો પ્રયત્ન કર્યો પણ એ તો ઢળેલી પાંપણે ઊભી હતી.

પ્રાધ્યાપકે પૂછ્યું; 'તને વાંધો ન હોય તો આ ફોટો પર્સની બહાર કાઢું?'

છોકરીએ હકારમાં માથું હલાવ્યું.

પ્રાધ્યાપકે ફોટો બહાર કાઢ્યો. પાછળ લખ્યું હતું :

'અવસાન તારીખ.....

નામ.......

પૂ. ભાઈ,

હવે તો હું તારા વગર સાવ એકલી જ ને?'

પ્રાધ્યાપકે ફોટાને પર્સમાં મૂકી એ છોકરીને પરત કર્યો. ત્યાં જ એ છોકરી એમને વળગી પડી.

એ વખતે થોડે દૂર ઊભેલી એની બહેનપણી બોલી: 'સર, તમને જોઈને વર્ષા હંમેશાં કહેતી હતી કે એ મારા ભાઈ જેવા લાગે છે...!'

પ્રાધ્યાપકે વર્ષાના માથા પર હાથ ફેરવ્યો ત્યારે આસપાસમાં ઊભેલાં કેટલાંકનાં મનમાં શંકાનો કીડો સળવળતો હતો.□

જ્યોતિર્ધર કનૈયાલાલ મુનશી (૧૨)



—જયન્તીલાલ મહેતા

મુનશીની આત્મકથાનો પ્રથમ ગ્રંથ 'અડધે રસ્તે' તો ઠેઠ ૧૯૪૩માં પ્રસિદ્ધ થયો. તેમાં અધિકૃત હકીકતો છે. તો ૧૯૨૪માં પ્રસિદ્ધ કરેલ 'સ્વપ્નદ્રષ્ટા' નામની નવલકથા પણ આમ તો મુનશીની આત્મકથા જેવી જ છે; અલબત્ત, તેમાં વાસ્તવિક હકીકતોને કલ્પનાશીલતા ભાવનામયતા અને ઊર્મિરંગોથી વિકસાવી છે, ફોરમવંતી બતાવી છે અને ચિત્રાત્મક ચીતરી છે. પરિણામે તેમાં નવલકથાના જેવું વસ્તુગુંફન ચુસ્ત રહ્યું નથી. નવલકથાકળાને શિથિલ બનાવતી ઘણી આગન્તુક વાતો તેમાં વારંવાર ઘૂસી જઈ વાર્તારસને આડેપાટે ચડાવી દે છે. પરંતુ મુનશીના જીવનને પ્રમાણતી વખતે 'સ્વપ્નદ્રષ્ટા' નામની આ આત્મકથનાત્મક નવલકથા અનિવાર્ય અભ્યાસ માગી લ્યે છે.

અરવિંદ ઘોષ 'સ્વપ્નદ્રષ્ટા'નો નાયક સુદર્શન એટલે ખુલ્લંખુલ્લા કનૈયાલાલ મુનશી જ છે. અને તે સ્પષ્ટ કરવા મુનશીના વડોદરા કૉલેજકાળ વખતના પ્રોફેસર શ્રી અરવિંદ ઘોષ સદેહે સુદર્શનના જીવન સંગ્રામમાં છવાઈ જાય છે. તેવી જ રીતે મુંબઈના બેતાજ બાદશાહ ગણાતા જૂના મવાળ કોન્ગ્રેસી સિંહ સર ફિરોજશાહ મહેતા તથા તેમની સામેની છાવણીના જહાલોના નેતા લોકમાન્ય તિલક, પંજાબ કેસરી લાલા લજપતરાય અને નમ્ર, સુંવાળા, બંધારણવાદી ગોપાળકૃષ્ણ ગોખલે વગેરે પણ મુનશીની નજરે જોવાય છે. અને એ વિશિષ્ટ નજરમાં નિરખાયેલા, મુનશીની તાતી કલમે તરવરાટથી ચીતરાય પણ છે. તો તેમનાં સહપાત્રો તરીકે આવતા બૅરિસ્ટર સર જગમોહનલાલ, તેની અલ્લડ આધુનિક પુત્રી સુલોચના વગેરે સાચુકલી જીવતી વ્યક્તિઓના આધારે, થોડાક વાસ્તવિક ફેરફારો સાથે, કલ્પનાના રંગે ચીતરાયેલાં કથાકીય પાત્રો પણ છે. તેવી જ રીતે મુનશીના કૉલેજકાળના મિત્રો પ્રાણલાલ દેસાઈ, મોહનલાલ દેસાઈ, મોહનલાલ પંડ્યા વગેરે પણ નામફેર સાથે, પ્રવૃત્તિભેદ સાથે 'સ્વપ્નદ્રષ્ટા'માં સુદર્શનના મિત્રો તરીકે પોતપોતાના પાઠો રસિક રીતે ભજવે છે. અને આમ 'સ્વપ્નદ્રષ્ટા' નથી નિર્ભેળ આત્મકથા કે નથી નિર્ભેળ નવલકથા બનતી. અર્ધ આત્મકથનાત્મક નવલ જેવું નવું લેબલ લગાડવું હોય તો લગાડી શકાય. અને તેથી જ સુદર્શન એટલે ક.મા. મુનશી હતા છતાં તેની પ્રતિકૃતિ નહીં. હાડચામનો માનવી ઓછો. કલ્પનાનો દેવ વધુ. તેવું જ પ્રોફેસર કાપડિયા અને ગિરજાશંકર શુકલ વિષે પણ કહી શકાય.

૧૯૧૪થી નવલકથા લેખનના ક્ષેત્રમાં મુનશીની કથાની પ્રવાહિતા ધોધમાર વહેવડાવવાની કળા તો ૧૯૨૪ સુધીમાં પૂરી ઘડાઈ ગઈ હતી તે આપણે સોલંકીયુગની નવલકથાત્રયીમાં અનુભવ્યું હતું. અને ૧૯૨૪માં લખાયેલ 'સ્વપ્નદ્રષ્ટા'માં તેથી જ તો વાર્તાનો રસ આદિથી અંત સુધી વહ્યા કરે છે. મુનશીનું ભાષાકર્મ પણ હવે તો ધારદાર અને સશક્ત બન્યું છે. સાથોસાથ દેશપ્રેમ, એશિયાપ્રેમ, આર્યસંસ્કૃતિની અવિરત આરાધનાની આરતી પણ મુનશી ઉર્ફે સુદર્શન ઉતારતા રહે છે. મા 'ભારતીની આત્મકથા'ના પ્રકરણમાંથી થોડીક કંડિકાઓ વાંચીએ : 'એનાં સ્વપ્નાં તો આર્યવર્તથી જાપાન ને તુર્કસ્તાન સુધી એક પ્રચંડ મહાવિપ્લવ પ્રસારી રાજ્ય, સમાજ ને ધર્મના ભેદો વિસરાવી, એશિયાને નવે અવતારે આણવાની યોજનામાં ગૂંથાયા.. '

'... વંદે માતરમ્‌નું ગીત વાંચ્યું ત્યારે એની આંખ નવો પ્રકાશ સહન કરી શકી નહિ... સ્વદેશ એ દેશ નહોતો, પણ જીવંત વ્યક્તિ હતી. તે માત્ર વ્યક્તિ નહોતી પણ દુખાર્ત માતા હતી. હિંદીઓ માણસો નહોતા, પણ માતાના શરીરના પરમાણુ હતા. 'સ્વદેશી વ્રત' એ વ્રત નહોતું, ને પડકારે નહોતો - એ તો માતાના આત્માનું દર્શન હતું...'

'... સુદર્શનને આજનો પ્રસંગ ઐતિહાસિક લાગ્યો... એક વર્ષમાં બધી યોજના પરિપક્વ કરી, એક મહાન પ્રવૃત્તિ 'મા'ના ઉદ્ધાર માટે આરંભવી એ તેને મન સહેલ વાત લાગી. ધાર્મિક ઝનૂન, અખાડાનો વ્યૂહ, લશ્કર, પૈસો, છાપાં, પરદેશમાં સહચારી સંસ્થાઓ - અને એ બધું એક વ્યવસ્થિત મંડળના કબજામાં; પછી શું જોઈએ? 'મા'ના પ્રાણ પાછા આવવાના પગરવના તેને ભણકારા સંભળાયા...'

અને સુદર્શન મુંબઈ આવી, પિતાના મિત્ર સર જગમોહનલાલની પુત્રી સુલોચના સાથે ત્યારે જગમોહનલાલના અન્ય પરિચિત પ્રોફેસર કાપડિયાને મળવા જાય છે ત્યારે તેમની વિચિત્ર વાતો અને અનેરી વિચારસરણીથી થોડીક વાર તે અંજાઈ જાય છે. મુનશીની કલમમાંથી વર્ણનકળા કેવી ઝરે છે તે વાંચીએ : '... પ્રોફેસરે એક નાનું પંચિયું પહેર્યું હતું અને નામદાર જગમોહનલાલના માનમાં ખભે પહેરણ નાખ્યું હતું. તેનું શરીર નાનું હતું, ને છાતીના પાટિયાનું વગર ફૂટે માપ લઈ શકાય એમ હતું. બેઠેલા ડાચામાંથી દાંત આગળ દેખાતા. ઝીણી ઊંડી આંખો પર મોટાં, જાડાં ચશ્માં બિરાજતાં અને કપાળ જ્ઞાનના ભારથી લચી આવી કાંઈક હાથીના માથાનો ખ્યાલ આપતું. તેનું માથું સાફ હતું - માત્ર

પાછળ ચોટલીના વાળ હાલ્યા કરતા...'

... પ્રો. કાપડિયા બોલવા માંડે છે : '... સંપૂર્ણ રાષ્ટ્રિયતા ભૌગોલિક સુસંબદ્ધતા વગર સંભવતી નથી. ભૌગોલિક વ્યક્તિ થઈ કે રાષ્ટ્રનું હાડપિંજર તૈયાર થયું. બસ એટલું જ. ભૌગોલિક સુસંબદ્ધતા જ્યારે આવે ત્યારે તેની નર્વસ સિસ્ટમ તૈયાર થાય. પછી જ્યારે રાષ્ટ્રિયતાનું ભાન થાય કે પ્રાણ આવે ત્યારે રાષ્ટ્ર ઉદ્‌ભવે... જ્યારે રાજકીય જીવન પ્રગટ્યું ત્યારે પહેલી પ્રગટી નાગરિકતા. એક નગર એ ગામડામાંથી, પહેલી ભૌગોલિક વ્યક્તિ થઈ. એથેન્સ, સ્પાર્ટા જેવાં નાનાં શહેરોમાં ભૌગોલિક સુસંબદ્ધતા તે તો રમત વાત હતી. ઝપ દઈને બધા ભેગા મળી શકતા ને વિચારની આપલે કરતા. આ સુસંબદ્ધતાથી પ્રગટ્યા વિશિષ્ટ સંસ્કાર... એ વિશિષ્ટ સંસ્કારમાં આવી અસ્મિતા એટલે પેદા થઈ નાગરિકતા. આ નાગરિકતા પ્રાચીન ઇતિહાસનું એક મહાબળ... પ્રકૃતિએ ઇંગ્લન્ડને ભૌગોલિક સ્વાસ્થ્ય અને વ્યક્તિત્વ બંને આપેલાં; ભૌગોલિક સુસંબદ્ધતા ઝપ દઈને થાય એટલો નાનો વિસ્તાર... આપણે ભૌગોલિક સ્વાસ્થ્ય આવ્યું છે, છતાં દેશનું કદ પોણા યુરોપ જેવડું. પોણા યુરોપમાં કેટલા રાષ્ટ્રધર્મો છે?... સુસંબદ્ધતા સત્તર લાખ ચોરસ માઈલમાં કેમ આવે? મદ્રાસથી લાહોર તુરત જવાય ત્યારે એ સુસંબદ્ધતા આવે. અને એ પછી એક સંસ્કારનું ભાન આવતાં કેટલાયે યુગો જશે... જ્યાં સુધી ભાવના ખાતર પરભવની પરવા જાય નહિ ને આ ભવમાં ભૂખે મરવાની હિંમત આવે નહિ ત્યાં સુધી વિપ્લવ શક્ય નથી... ગરીબ વર્ગના વિપ્લવ માટે ભૂખમરો ને જુલમ જોઈએ... જાપાનમાં થયું તેમ પાંચ-સાત દીર્ઘદર્શી મુત્સદ્દીઓના હાથમાં રાજ્યતંત્ર આવે તો પચાસ વર્ષમાં રાષ્ટ્રિયતા આવે. જુલમથી, દોરથી જોઈએ તો અન્યાયથી તેઓ રાષ્ટ્રિયતા પ્રસારી શકે... ફિરોજશાહ મહેતા ધારે છે કે પોતે વ્યવસ્થિત ચળવળથી સ્વાતંત્ર્ય મેળવશે. એને નથી ઐતિહાસિક દૃષ્ટિ ને નથી મનુષ્યહૃદય પારખવાની નમ્રતા... રોમમાં પણ મીસર અને ગોલના ભિક્ષુક મહેરબાની માગવા જતા હતા. તમારાથી અંગ્રેજોની દૃષ્ટિ સચોટ છે. તેમને સામ્રાજ્ય રચતાં અને સાચવતાં આવડે છે. તમે નિરાંતે રહો, તેટલી શાંતિ આપશે. સુખે રોટલો ખાઈ વિપ્લવ ન કરો એટલી વ્યવસ્થા આપશે. તમે ઝનૂન ન કેળવો એટલો ન્યાય આપશે. પણ સ્વાતંત્ર્ય તો ઇંગ્લંડમાં જ રહેશે.

પછી મુનશીની કટાક્ષભરપૂર કથાકળા ખીલે છે ૧૯૦૬ની કૉન્ગ્રેસના સુરત અધિવેશન પ્રસંગે. તેમની આરપાર જોતી નિરીક્ષણ શક્તિ લખે છે. '...તે વખતે કૅાન્ગ્રેસ હતી હિંદની નાનકડી પ્રતિમા. તે જ અમેય વિસ્તાર, તે જ અનેક દૃષ્ટિવાળો તરવરાટ, તે જ અલ્પજીવી ઉત્સાહ, તે જ પચરંગી ચિત્રમયતા, તે જ ભવ્યતાનો ભાસ, તે જ સનાતન અનંતતાનું દર્શન, તે જ કાર્યદક્ષતાનો અભાવ, ને તે જ ચુસ્ત એકાગ્રતાનો અણગમો. આ એનું સ્વરૂપ રચાયું તે બે મુદ્દે - એક, પ્રજાનો ઉત્સાહ કેળવવા; બીજું, પોતાનું પ્રતિનિધિત્વ સિદ્ધ કરવા. એણે બંને કર્યાં નિશ્ચયાત્મક કાર્યતત્પરતાને ભોગે. આટલા વર્ષે જન્મ વખતે દેખાતી ખોડો જતી નથી. ઑલ ઇન્ડિયા કૉન્ગ્રેસ તે વર્કિંગ કમિટીઓ વ્યાવહારિકતા આણવા મથે છે - છતાં રંગબેરંગી શંભુમેળાની અસ્થિર મનોદશા જતી નથી...' ૧૯૨૪માં મુનશીનું પૃથક્કરણ આજે ૭૩ વરસો - ત્રણ પેઢી બાદ પણ એટલું જ સાચું લાગે છે ને? કૉન્ગ્રેસ હંમેશાં એક આંદોલન - મૂવમેન્ટ જ હતી અને રહી છે. એટલે સ્વરાજ મળતાં જ ગાંધીજીએ આ આંદોલન સમેટી લેવાની, કૉન્ગ્રેસ વિખેરી નાખવાની સલાહ આપી હતી. કોઈએ તે માની નહીં. તેનાં માઠાં ફળ દેશ આજેય ભોગવે જ છે ને?

કૉન્ગ્રેસમાં પ્રથમ ભાગલા પડ્યા ૧૯૦૬ના સુરત અધિવેશનમાં. મુનશી ઉર્ફે સુદર્શન સ્વયંસેવક હતા. તેમણે શું સાંભળ્યું? શું જોયું? તે 'સ્વપ્નદ્રષ્ટા'માંથી વાંચીએ : '...કલકત્તા કૉન્ગ્રેસે બોયકોટની આખી હિલચાલને અનુમોદન આપ્યું હતું. તિલક મહારાજને મન તો પરદેશી માલનો બોયકોટ અપર્યાપ્ત હતો. જ્યાં સુધી વિદેશી સરકાર, કેળવણી, ન્યાય, વિચાર ને આચાર - એ બધાનો બોયકોટ થાય નહિ ત્યાં સુધી સ્વરાજ્ય કેમ મળે? અને કલકત્તા કૉન્ગ્રેસે તે સ્વીકાર્યા પછી ફિરોજશાહ કોણ કે તેનો અસ્વીકાર કરે?... ફિરોજશાહ આ બાબતમાં મક્કમ હતા કે કૉન્ગ્રેસ અંગ્રેજ હ્યુમે સ્થાપી, તેના જેવાએ પોષી; એનું ધ્યેય બ્રિટિશ સામ્રાજ્યમાં સ્વતંત્ર સ્થાન; એની પદ્ધતિ કાયદેસર, રાજ્યવ્યવસ્થાત્મક ચળવળ. એની પ્રેરણા ઇંગ્લન્ડના સ્વાતંત્ર્યપ્રેમી નરો; એનું મુખ્ય શસ્ત્ર સ્વાતંત્ર્યપ્રેમી·આંગ્લપ્રજામાં રહેલી ન્યાયવૃત્તિ. જો બોયકોટની આખી ચળવળ સ્વીકારે તો એ બધાનું શું? ને એ બધાં જાય તો પછી કૉન્ગ્રેસ ન હોય તોય શું?...

અને પછી ખુલ્લા અધિવેશનમાં રાશબિહારી ઘોષ ચૂંટાયેલા પ્રમુખ નથી એમ નારા ઊઠ્યા. ખુરશીઓ ઊછળી. લાઠીઓ વીંઝાણી. કેટલાક ઘાયલ થયા. ફિરોજશાહ, ગોખલે, વગેરે મવાળો પાછલે બારણેથી નાઠા. શ્રી અરવિંદ, લોકમાન્ય તિલક વગેરેએ પોતાના જહાલ અનુયાયીઓનું ખુલ્લું અધિવેશન ભર્યું. ૧૮૮૫માં સ્થપાયેલ કૉન્ગ્રેસ ૨૧ વર્ષની પુત્રી બને તે અગાઉ ભાગલા પડ્યા. અને જહાલોના પક્ષે રહી સૂત્રોચ્ચાર કરતા સ્વયંસેવકોમાં પણ ભાગલા પડ્યા. સુદર્શનને કૉન્ગ્રેસ આમ તૂટી પડે તે ન ગમ્યું. વડોદરા જઈ ક્રાન્તિકારીઓની પેઠે બૉમ્બ બનાવી અંગ્રેજ સત્તા હઠાવવાની વાતમાં થોડો વખત ભરમાયો. પરંતુ તે માટેની છૂપી મીટિંગમાં આવવા માટે બીજા મિત્રો ફસકી પડ્યા. કોઈકે મદ્રાસ નોકરી સ્વીકારી ઉચાળા ભર્યા. કોઈકે માબાપે શોધી આપેલ છોકરી પરણી કામધંધો સ્વીકારી લીધો. બધું ભાંગી પડ્યું. સહુ વેરવિખેર



શ્રી અરવિંદ ઘોષ



ફિરોજશાહ મહેતા



બાલ ગંગાધર તિલક



લાલા લજપતરાય

થઈ ગયાં. બધાંને માટીપગાં થતાં જોઈ સુદર્શનની હિંમત તૂટી. તે પણ પિતા પ્રમોદરાયને શરણે ગયો. પ્રમોદરાયના મિત્ર સર જગમોહનલાલે પોતાના ખર્ચે સુદર્શનને બેરિસ્ટર થવા ઇંગ્લન્ડ મોકલી દીધો. અને આવીને ઘાંચીના બેલની પેઠે અન્ય મિત્રોની જેમ જ ઘરેડમાં ઘૂસી ગયો.'

પરંતુ હાડચામના આપણા મુનશી 'સ્વપ્નદ્રષ્ટા'ના સુદર્શન કરતાં વધુ વ્યવહારદક્ષ હતા. તેમણે ઇંગ્લન્ડ ગયા વગર મુંબઈની હાઈકોર્ટમાં માંધાતા બેરિસ્ટરોને માત્ર એલએલ.બી. એડ્વોકેટ થઈ મહાત કર્યા. ધીકતી કમાણી કરી. કૉન્ગ્રેસ છોડી ઠેઠ ૧૯૨૨માં, તે અગાઉ ૧૯૧૪માં પ્રથમ વિશ્વયુદ્ધ આરંભાયું, અને રાજકીય પ્રવૃત્તિઓમાં તેજી આવી. ૧૯૧૫માં ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં વિજય મેળવી ભારત આવ્યા. પણ પ્રથમ મુલાકાતમાં ગાંધીજીની કોઈ અસરકારક છાપ મુનશી પર પડી નહિ. સર જહાંગીર પીટીટે ગાંધીજીના માનમાં પાર્ટી આપી ત્યારે મુનશીની બાજુમાં ગાંધીજીને આવકારવા એક અપટુડેઈટ પારસી બાનુ ઊભાં હતાં. કાઠિયાવાડી ફેંટો, ઓખાઈ જોડા, જાડા પાણકોરા જેવા લૂગડામાં આવતા ગાંધીજીને જોઈ તે બાનુ બોલી ઊઠ્યાં: અરે! આ તો મારા ઢના દરજી જેવા ભાળું છ! અને મુનશીએ આ કિસ્સો યાદ રાખી ટાંક્યો પણ ખરો! પરંતુ પછી ધીરેધીરે ગાંધીજીની ભૂરકીમાં મુનશી આવતા ગયા. ૧૯૬૧માં મુનશીએ લખ્યું: 'ગુજરાત એક ભગવાન કૃષ્ણની યોગલીલામાં પાંગરેલ વટવૃક્ષ છે. અને તેની બે મુખ્ય શાખાઓ પ્રસરી છે - એક છે સ્વામી દયાનંદ સરસ્વતી, બીજી છે ગાંધીજી.' ૧૯૧૭માં ડો. એની બીસન્ટે અગાઉ સ્થાપેલ હોમરૂલ લીગને કૉન્ગ્રેસમાં ભેળવી દેવાનો પ્રસ્તાવ ન સ્વીકારાયો એટલે તિલક મહારાજે મુંબઈમાં ઇન્ડિયન હોમરૂલ લીગ સ્થાપી આ સમયમાં ઝીણા હિંદુમુસ્લિમ એકતાના મશાલચી બની ઘૂમતા હતા. મુંબઈમાં કૉન્ગ્રેસ ભવનને ઝીણા હૉલ નામ આપવામાં આવ્યું, જે આજે પણ ઝીણા હૉલ નામે જ ઓળખાય છે. ડૉ. બીસન્ટને પકડવામાં આવ્યાં. ઝીણા હોમરૂલ લીગના પ્રમુખ ચૂંટાયા. અને મુનશી તેની કારોબારીના સભ્ય બન્યા. હોમરૂલ લીગના નેતાઓ કૉન્ગ્રેસમાં મોટા માણસો ગણાતા. મુનશી ડૉ. બીસન્ટના વિશ્વાસુ સાથીદર બન્યા.

પરંતુ આ વરસો દરમ્યાન ગાંધીજી ચૂપચાપ અમદાવાદમાં સાબરમતીના તીરે કોચરબમાં આશ્રમ સ્થાપી પોતાની રીતે નાની મોટી અસહકારની લડતો લડતા રહ્યા. અને દેશને અહિંસક સત્યાગ્રહની બાળપોથી શીખવવા માંડ્યા. ૧૯૧૭માં યુદ્ધમાં મદદ કરવા લોર્ડ વીલિંગ્ડને મુંબઈમાં નેતાઓની મીટિંગ બોલાવી. તિલક મહારાજે મદદ કરતાં અગાઉ શરતો મૂકી. વીલિંગ્ડન સભા તજી ગયા. નેતાઓને અપમાન ખૂંચ્યું. અને મુનશી તથા અન્ય કૉન્ગ્રેસીઓએ મળી વીલિંગ્ડનને માનપત્ર આપવાની બીજી મીટિંગ તોડીફોડી નાખી. અને કૉન્ગ્રેસમાં આમજનતા ભળે તો કેવો ચમત્કાર સરજી શકાય તેનો પહેલો સ્વાદ મુનશી વગેરેએ ચાખ્યો. ત્યાર બાદ રોલેટના કાળા કાયદાના વિરોધનો વાવંટોળ ઊઠ્યો. ગાંધીજીના હાથમાં નેતાગીરી આવી. સાયમન ગો બેક - 'સાયમન પાછો ટળ'ના નારા ગુંજ્યા. મુનશીએ પોતાના ભાષણની નોંધમાં લખ્યુ : '... કેટલાંક લોકો એગ્રેસિવ એક્શનથી દૂર ભાગે છે. પણ તે પાપ ન હોય. પરંતુ રાજકીય ચળવળોમાં પ્રેમથી વાત કરવી વાહિયાત છે. બે રાષ્ટ્રો વચ્ચે ન્યાયની વાત વિચારાય. એકબીજા પ્રત્યે પક્ષપાત પણ થઈ શકે. પણ પ્રેમ પ્રકટે એ અસંભવ છે.. ધિક્કાર પ્રકટે તો ભલે પ્રકટે. તે દીવાસળીનું કામ કરશે. વિદ્રોહનો દીવો પ્રગટશે. નવજાગરણનાં બ્યૂગલો ફૂંકાશે...'

૧૯૧૯માં ગાંધીજીએ પ્રથમ અસહકારની ચળવળ ઉપાડી. પણ મુનશી તેમાં શરીક થયા નહીં. તેમને હજુ બંધારણીય રીતે સ્વરાજ્ય મળી શકે તેવો ખ્યાલ હતો. એટલે જ્યારે ગાંધીજીએ હોમરૂલ લીગના ઉદ્દેશમાં સુધારો કર્યો કે, 'બંધારણીય સત્તા' ને બદલે 'વાજબી અને શાંત રસ્તા' લેવા ત્યારે મુનશી તેમાંથી છૂટા થયા. ગાંધીજીએ મુનશીને મળવા બોલાવ્યા, પણ મુનશી ગયા નહિ. 'સીધાં ચઢાણ'માં મુનશી લખે છે : '...ડિસેમ્બરમાં નાગપુરમાં કૉન્ગ્રેસ મળી, ત્યારે હું ત્યાં ગયો તેને છોડતાં પહેલાં તેનાં દર્શન કરવા. ગાંધીજીએ બે વર્ષમાં એને જુદું સ્વરૂપ આપી દીધું હતું. એનું બાહ્ય અંગ મોટી જાત્રા જેવું થયું હતું. પ્રાન્તેપ્રાન્તથી નવા ખાદીધારી નેતાઓ આવ્યા હતા. રાજકારણના જૂના નિષ્ણાતો ભાગ્યે જ નજરે ચઢતા. જે સમૂહ ભેગો થયો હતો તે ઘણે ભાગે ગાંધીભક્ત ઝનૂનીઓનો હતો. અભિપ્રેત સ્વાતંત્ર્યની ઠેકડી કરવી, તેને દબાવી દેવું, એ બધે દેખાતી મનોદશામાં અહિંસાનો અંશ


ગોપાલકૃષ્ણ ગોખલે


દયાનન્દ સરસ્વતી


એની બીસન્ટ


મહાત્મા ગાંધી

ખાસ તરી આવતો નહોતો. હિંદ જીતવા નીકળેલા વિજયમસ્ત સૈન્યનો આ પડાવ હતો. એક મિત્ર મળ્યા : 'તમે હજુ ખાદી પહેરવાનું શરૂ નથી કર્યું?' તેમણે પૂછ્યું. 'મને હજી તેની સાર્થકતા નથી સમજાઈ' મેં મારી અશક્તિ કબૂલી. 'સ્વદેશી એ વેશ્યા છે. ખાદી એ પતિવ્રતા સ્ત્રી છે. એમાં સાર્થકતા શી સમજવાની?' મારી પાસે આનો ઉત્તર ન હતો. હું ગુજરાત કૅમ્પમાં ગયો. મારા જૂના મિત્રો અને મારી વચ્ચે રાજકીય એકતાનતા તૂટી ગઈ હતી... હું ચાલી આવ્યો. આ સંસ્થા મને ન સમજાય એવી થઈ પડી. મેં એમાંથી રાજીનામું આપી દીધું. પાછળથી એક-બે મિત્રોએ મને કહ્યું કે ગાંધીજી મને મળવા માગે છે. મેં મળવા જવાની ના પાડી. એમના પ્રભાવમાં ઝડપાઈ જવાનો મારો વારો નહોતો આવ્યો....'

કે પછી મુશીના સ્વભાવની એક લાક્ષણિકતા - સામે પૂરે તરવાની ખુમારી ખીલી ઊઠી? અને બીજી લાક્ષણિકતા હતી કર્મયોગીની. મુનશીને કંઈ ને કંઈ જાહેર પ્રવૃત્તિ કર્યા વગર ચેન પડે જ કેમ? એટલે લખે છે : '... કૉન્ગ્રેસ છોડ્યા પછી મેં રાજકારણને તો તિલાંજલિ આપી હતી. ૧૯૨૨થી હું સાહિત્યસેવામાં પડ્યો હતો... મારી સર્જનશક્તિનું મને ભાન આવ્યું એટલે સાહિત્ય સંસદ અને 'ગુજરાત' માસિક દ્વારા ગુજરાતી સાહિત્ય અને સંસ્કારના વિકાસ ને વિસ્તાર સાધવા હું તત્પર બન્યો... ૧૯૨૨ના માર્ચમાં મેં 'સંસદ' સ્થાપી. હું તેનો પ્રમુખ બન્યો. અને મુખપત્ર તરીકે 'ગુજરાત' પ્રકટ કર્યું... 'ગુજરાતનો લેખકવૃંદ રંગબેરંગી હતો. વિજયરાય વૈદ્ય, બટુભાઈ ઉમરવાડિયા ને શંકરપ્રસાદ હંમેશાં કાંઈ ને કાંઈ લખતા. મસ્તફકીર અને રંજનલાલ પંડ્યા પણ અવારનવાર લખતા. દુર્ગાશંકર શાસ્ત્રી ઐતિહાસિક લેખોથી પુરાતન ગૌરવનાં દર્શન કરાવતા. ચંદ્રવદન મહેતાએ પણ એમનાં પહેલાં કાવ્યો 'ગુજરાત'માં જ પ્રકટ કર્યાં. પાછળથી એમનું 'રોમન સ્વરાજ' નામનું નાટક 'ગુજરાત'માં જ પ્રકટ થયું હતું. અમે નવા વિષયો, નવી શૈલી, નવી દૃષ્ટિઓ મહિને મહિને રજૂ કરી ગુજરાતી સાહિત્યની ડાહી રીતિ વિચ્છેદવા લાગ્યા. 'મારી કામચલાઉ ધર્મપત્ની' નામની મારી નવલિકા પ્રકટ થઈ ત્યારે રવિશંકર રાવળે તેનાં પોતે ચીતરેલાં ચિત્રો પર પોતાનું નામ લખવા દેવાની મને મનાઈ કરી. આમ ગુજરાતમાં રોમેન્ટિક સ્કૂલ - વિવિધ રંગપ્રધાન સાહિત્ય સંપ્રદાયનો પ્રારંભ થયો.'

અને 'ગોવર્ધનરામીય' પરંપરાપૂજક સાહિત્યકારોમાં ફફડાટ પ્રસરી ગયો. તેમનાં સર્જનો 'ડાહ્યાં' હતાં. તેમને બધું સુષ્ટુ-સુષ્ટુ જ સદતું હતું. 'કામચલાઉ' તે 'ધર્મપત્ની' હોઈ શકે? છી! છી! છી! ધિક્, ધિક્, ધિક્ - સાહિત્યના પવિત્ર ક્ષેત્રમાં પણ શું ભ્રષ્ટાચાર ફેલાતો જાય છે તેવો શોરબકરો ઊઠ્યો. અને રવિશંકર રાવળ જેવા કલાગુરુ પણ આ માંધાતોઓથી ડરી ગયા. હકીકતમાં તો તેજોદ્વેષ હતો. આ ચોખલિયા લેખકોની જમાત વચ્ચે જાણે કોઈ 'અસ્પૃશ્ય' ઘૂસી ગયો હોય તેમ કાનાફૂસી થવા માંડી. અને તેમાં મુનશી અને લીલાવતીના ખુલ્લેઆમ વિકસતા સ્નેહસંબંધો પર કાળો કૂચડો લગાવી, તેના ચાબૂકથી સાહિત્યક્ષેત્રના આ નવા અને સત્ત્વશાળી આંદોલનને કચડી નાખવા પંડિતયુગી સાક્ષરો મેદાને પડ્યા.

'સ્વપ્રસિદ્ધિની શોધમાં'માં મુનશી વિગતવાર વર્ણવે છે તેમાંથી થોડીક કંડિકાઓ ઉતારીએ : '... જેમ જેમ નરસિંહરાવ જોડે મારો સંબંધ ગાઢ થતો ગયો તેમ તેમ બળવંતરાયને મન હું ઊતરતો ગયો. પણ સંસદના એ શિરછત્ર હતા. હું એમને ગુજરાતી સાહિત્યના ભીષ્મપિતામહ કહેતો... એમનો આત્મા યોદ્ધાનો હતો. નાનપણથી એ વિગ્રહવિલાસી સમાજની સાથે, કુટુંબીઓ સાથે, સાહિત્યના આદર્શો ને સાહિત્યકારો સાથે એ લડ્યા જ ગયા. પુત્રીના લગ્નને લીધે એમણે જગતને બહારવટું દીધું હતું.... ઊછરતા સાહિત્યકારોમાં વિજયરાય, બચુભાઈ, શંકરલાલ બધાથી અમારી નિકટ હતા. વિજયરાય હંમેશના માંદા અને ચીડિયા, પણ એમની વિવેચનદૃષ્ટિ ઘણી સચોટ, વિવેકી ને સંસ્કારાત્મક... ૧૯૨૨ પછી ગુજરાતી વિવેચનમાં આ નવું પણ સત્ય ને સનાતન દૃષ્ટિબિંદુ વિજયરાયે આણ્યું... મસ્તફકીર પણ ઘણી વાર મારે ઘેર કે મારી ચેમ્બરમાં આવતા. એમની વિનોદવૃત્તિ ત્યારે ઉભરાતી. એમાં પ્રશ્નોરા નાગરની સ્વાભાવિક ચેષ્ટાખોરી પણ ખરી - પણ દ્વેષથી પર... ધનસુખલાલ મહેતા અને ગોકળદાસ રાયચુરા પણ અમારા સંઘમાં ખરા... 'લલિત'જી પણ અમારા સંઘમાં દૂરથી પણ મારી સાથે સ્નેહસંબંધે સંકળાયેલા...'

'... ૧લી માર્ચ ૧૯૨૪ને દિને સંસદની વાર્ષિક સભામાં ગુજરાતી સાહિત્યની મારી યોજના સ્વીકારાઈ. દશ ખંડમાં

ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ જુદા જુદા નિષ્ણાતો પાસે લખાવવો એમ નક્કી થયું...'

'૧૮મી એપ્રિલ ૧૯૨૪મીએ મુત્સદ્દીગીરીનું કારખાનું મનાતા ભાવનગરમાં સાતમી સાહિત્ય પરિષદ મળી.' (સાહિત્ય સંસદની ગુજરાતી સાહિત્ય પરિષદ જાણે પ્રતિસ્પર્ધી સંસ્થા બની ગઈ! ૧૯૦૫માં સ્થપાયેલી સાહિત્ય પરિષદની ત્યારે શી પરિસ્થિતિ હતી?) તે વખતની પરિષદના મુખ્ય કાર્યકર્તા હીરાલાલ પારેખ હતા. સુકાની સર રમણભાઈ નીલકંઠ હતા. બળવંતરાય ઠાકોર પરિષદ ભંડોળ રાજકોટમાં ભેગું કરી તે પૂને લઈ ગયા હતા. તેનો કારભાર તે એકલે હાથે કર્યે જતા. પરિષદનું બંધારણ થાય તો રખે ભંડોળની કોઈ માગણી કરે એટલા પૂરતો જ એમને પરિષદમાં રસ હતો. એટલે તેના બંધારણની વાત આવે તો કોઈ ને કોઈ રીતે તે તોડી પાડતા... રાજકોટમાંની પરિષદ ગઈ ત્યારથી બળવંતરાય ઠાકોર અને નાનાલાલ કવિને વેર થયાં. અને કવિએ પરિષદમાંથી બહારવટું લીધું... નરસિંહરાવનો એકડો ન્યારો હતો. આ સિવાય બધા જ ગુજરાતી સાક્ષરો એને ગુજરાતની અગ્રગણ્ય સંસ્થા માનતા અને તેના સંમેલનમાં સામેલ થતા. પણ બે-ચાર વર્ષે સંમેલન ભર્યા સિવાય પરિષદ ભાગ્યે જ બીજું કામ કરતી...'

૧૯૨૪માં મુનશીએ ગુજરાતી સાહિત્યની યોજના ઘડી તે ગુજરાતી સાહિત્ય પરિષદે લગભગ ૬૦ વર્ષો બાદ સક્રિય રીતે હાથ ધરી. વચ્ચે સાહિત્યકારોની બે પેઢી મરી પરવારી. ૧૯૮૪ પછી ગુજરાતી સાહિત્યના ઇતિહાસના ગ્રંથો બહાર પડવા માંડ્યા છે. આપણે આશ્વાસન લેવાનું કે બેટર લેઈટ ધેન નેવર. જો કે હિંદુસ્તાનની અન્ય ભાષાઓના સાહિત્યના ઇતિહાસો ઘણા વહેલા લખાઈને પ્રસિદ્ધ થયા છે. પણ આરંભે શૂરા ગુજરાતીઓને પાયાનાં કામો કરતાં દાયકાઓ નહીં, પેઢીઓ વીતે છે. પરિષદનું બંધારણ પણ એમ બહુ મોડે ઘડાયું. અને છતાં તેમાંય અમુક ગ્રૂપનું વર્ચસ્વ ચાલુ જ રહે તેવી છટક-બારીઓ ગોઠવાણી, જેનાં માઠાં ફળ ૧૯૯૭માં પણ ગુજરાત ભોગવી રહ્યું છે. આજે પણ ગુજરાતી સાહિત્ય અને કળા-સંસ્કારની કેટલીયે એવી નાનીમોટી સંસ્થાઓ છે જ્યાં તેના ખાઈબદેલા સંચાલકો પ્રજા પાસેથી ઉઘરાવેલાં ભંડોળો પર રાફડો રચી ભોરિંગની જેમ ઊંઘે છે. ગુજરાતી સાહિત્ય પરિષદનાં દ્વિવાર્ષિક સંમેલનો આજે માત્ર લોકમેળા બની ગયા છે - જેમાં સાહિત્યની વાત ઓછી અને આડેધડ ખાણીપીણી, હરવાફરવાની મોજ માણવા સેંકડો સહેલાણીઓ ઉત્તર, પૂર્વ, દક્ષિણ હિંદુસ્તાનનાં મસમોટાં શહેરોમાં ઊતરી પડે અને બિચારા સ્થાનિક પ્રજાજનોનાં ખીસ્સાં ખંખેરે છે. એટલે ૧૯૨૪માં જે દુ:ખદાયક પરિસ્થિતિ મુનશી વર્ણવે છે, તે ૭૩ વર્ષો બાદ આજે પણ પ્રવર્તે છે - કદાચ વધુ વકરીને, વધુ સુરુચિભંગ કરીને. ૧૯૨૪ની પરિષદ વિષે 'સીધાં ચઢાણ'માં મુનશી લખે છે. '... પટ્ટણી સાહેબ ભાવનગર પરિષદના સત્કાર મંડળના પ્રમુખ. (પટ્ટણી સાહેબ ભાવનગર રાજ્યના દીવાન. આજે પણ દીવાનો, શેઠિયાવ જ આ સત્કાર-સ્વાગત સમિતિઓના પ્રમુખપદે ચડી બેસે છે. પટ્ટણીસાહેબ કહે : 'હું તો સાહિત્યસાગરનું નાનું માછલું એટલે મારું કામ ઉપપ્રમુખ લલ્લુભાઈ કરશે.' લલ્લુકાકા (લલ્લુભાઈ શામળદાસ નાયબ દીવાન) પણ ભાવનગરી. એ કાંઈ પાછા હઠે? એમણે કહ્યું : 'હું સાહિત્યમાં શું સમજું? આપે મને આ બોજો ઉઠાવવાનું ફરમાવ્યું ત્યારે મેં તો માન્યું નહિ.' 'ન માનવાની ટેવ પડી હોય ત્યાં એમ જ થાય ને?' પટ્ટણીસાહેબે ટકોર કરી. 'આ તો રાજકીય પટ્ટાબાજી ચાલે છે.' સત્યવક્તા કૃષ્ણલાલકાકાએ - કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ - ટીકા કરી...

'... ૨૦મી એપ્રિલ ૧૯૨૪ના દિને પરિષદ પૂરી થઈ. વિજયરાયે 'ગુજરાતી'માં નોંધ્યું: 'સર પ્રભાશંકર પટ્ટણી તરફથી ગાર્ડન પાર્ટી - વાટિકાવિહાર - ને લોકસાહિત્યનો રસાસ્વાદ કરવાનો જલસો. બંને ચીજોનો ખરો સાક્ષાત્કાર અનુભવ વિના થાય તેમ નથી. એટલે ચેવડો ને બદામપુરી સ્વાદિષ્ટ હતાં. અને નાળિયેરપાક અને આઈસ્ક્રીમની લહેજત ઓર હતી. ચારણોનાં કવિત-શૌર્ય સળગાવનારાં હતાં. રાયચૂરાનાં લોકગીત રસાળ ને રમૂજી હતાં. લલિતજીના લલકાર મનમોહક હતા. આવાં નિર્મળ વાક્યોથી જ એના પ્રસંગોને પતાવીને આ ત્રણ દિનની સાહિત્યસેવાનું ચિત્ર સંકેલવું રહ્યું...' ૧૯૯૩ ડિસેમ્બરમાં યોજાયેલ સાહિત્ય પરિષદના અધિવેશનમાં હાય! વિજયરાય વૈદ્ય જેવા કોઈ સાચુકલા વિવેચક હાજર ન હતા! નહિતર...

'સ્વપ્રસિદ્ધિની શોધમાં' મુનશી લખે છે : '... 'સમાલોચન' વૃંદમાંથી છૂટા પડી મેં ગુજરાત કાઢ્યું તે માટે વૃંદમાંના કેટલાક મને ક્ષમા નહોતા આપી શક્યા. નરસિંહરાવે 'ગુજરાતનો નાથ'ની કલા 'સરસ્વતીચંદ્ર'થી ચઢિયાતી માની ત્યારથી મારો 'રાજદ્રોહ' અક્ષમ્ય બન્યો અને સંસદે સંમેલન બોલાવવાની ધૃષ્ટતા કરી તે સામે વૃદ્ધ 'સમાલોચકે' સખત આક્ષેપ કર્યો: 'પરિષદે મુંબઈ જેવા મોટા નગરમાં એની બેઠક ભરવાનું અને તેમાંયે અમુક માણસોની બનેલી ગઈ કાલની જ નાની સરખી સંસ્થાની લાયકાત અને ગુંજાશ વિચારવાં જોઈતાં હતાં. મને કાંઈ જવાબ આપતાં પૂછવું પડે? - 'એક જ સાહિત્યની અમર કીર્તિનાં સ્મરણોની પૂંજીમાં જ એની (સંસદની)લાયકાત વિરામ પામતી નથી એટલે એની લાયકાત શાની?' (આ એક જ સાહિત્યની કૃતિ એટલે 'સરસ્વતીચંદ્ર'?)' આમ સાહિત્યમાં મુનશીદ્વેષી પક્ષની સ્થાપના થઈ... (ક્રમશ:)

નામ રૂપની લીલા

હરિકૃષ્ણ પાઠક

ચહેરા અને નામ મને એકસાથે યાદ રહેતાં નથી, બલકે બને છે એવું કે નામ બરોબર યાદ હોય ત્યારે સામે તાકી રહેલ ચહેરા સાથે તેનો મેળ પડતો નથી એવું લાગ્યા કરે અને ચહેરો જાણીતો લાગે ત્યારે તે ચહેરાને નસીબે લખાયેલું ને તેની ઓળખરૂપ મૂળ - ઓરિજનલ - નામ યાદ આવે જ નહીં. ક્યારેક એવું થાય કે હૈયે છે, પણ હોઠે ચડતું નથી - પછી મૂળ નામની નજીકનાં નામો સ્મરણે ચડવા માંડે. પણ સામે આવી પડેલ ચહેરાનું મૂળ નામ ત્રિકમલાલ હોય અને આપણે ફાંફાં મારતા મારતા ત્રિભુવન સુધી પહોંચીએ પછીયે હજી અંતર કાપવાનું બાકી છે એવો અહેસાસ રહ્યા કરે!

આમ જુઓ તો માણસને નામ તો માણસે જ આપેલું છે. અને તેની મૂળ ઓળખ તો છે એનો ચહેરો. આવી કશી સમજણ મનમાં ઊગી તે પહેલેથી જ માણસના ચહેરામાં રસ પડવા માંડેલો, અને કદાચ તેથી જ વર્ષો પહેલાંના કોઈ પરિચિત જણ વર્ષો પછી મળે અને એના ચહેરા પર કાળનો રથ ક્રૂરતાથી ફરી વળ્યો હોય કે સુખના થર ચડી ગયા હોય તો પણ એ ચહેરાની એકાદ એવી રેખા, એકાદ એવું લક્ષણ નજરે ચડી જાય છે જે એ ચહેરાની અફર ઓળખ હોય. પણ અહીં જ પેલી મુશ્કેલી શરૂ થઈ જાય છે. કોઈ ચહેરો પહેલ પ્રથમ આપણી સામે આવે ત્યારે ય કશુંક નામ લઈને જ આવ્યો હોય, એટલે ચહેરાનું લક્ષણ જડે, રેખા પકડાય, બીજું યે થોડું અલપઝલપ સ્મરણે ચડે પણ એ ચહેરાનું નામ ન જડે ત્યાં સુધી ચેન ન પડે. પછી ચાલે ખાંખાખોળા. હોઠના બંને છેડા ભિડાયેલા છે? ચપોચપ? - તો વળી બીજો પ્રશ્ન થાય : આ હોઠ શું સૂચવે છે - દૃઢતા કે જડતા?

જો દૃઢ લાગે તો કદાચ પેલો - રસિક, રમણ કે કનુ. જો જડ લાગે તો કદાચ... હવે આ ભેદ ઉકેલવા માટે આંખો પર નજર ઠરે, કદાચ કશીક ભાળ મળી જાય કે આ દૃઢભાઈ છે કે જડભાઈ! ક્યારેક આંખમાંથીયે કશું ન જ પકડાય; તો પછી - કાનની બૂટ ચોંટેલી છે કે છુટ્ટી? વાન ગોરો છે કે શ્યામ? અને હા, અવાજ કેવો છે?

માણસનો અવાજ લગભગ એની ચહેરા જેટલી જ ઓળખ આપી જાય છે. અવાજ એ ચહેરાનો અંશ નથી પણ એને ઓળખવામાં ખપ લાગે એવી કશીક બાતમી આપી જતો લાગે; એટલે અવાજને ય તાગી લઈએ. પણ આટલું કર્યા પછી યે નામ તો જડવું હોય તો જડે, ન પણ જડે...

પછી મનને મનાવવું પડે : શું દાટ્યું છે નામમાં? ગમે તે હોય. ચાલશે બધું. પણ ચાલતું નથી, કેમ કે નામનો એ એક મહિમા તો છે જ. અમુક ગુણ-લક્ષણો ધરાવતા ચહેરાને ગમે તે નામ ચિપકાવી દો તો બધું ઉભડક લાગશે.

અમારા એક નવલકથાકાર મિત્ર તેમની કથાનાં પાત્રોનાં નામકરણમાં ખૂબ કાળજી ને શ્રમ લે છે, ખરું કહું તો તેમનાં પાત્રોનાં અને સ્થળનામોનાં યે નામકરણમાં સર્જકતાનો અંશ પડેલો દેખાય. ગામનો ખેપાન તલાટી તો કે ચુનિલાલ, ખટપટી કાકો ને ફઈ તો કે કાળોકાકો ને જમફઈ... આપણે આ પાત્રો માટે બીજાં નામો કલ્પી જ ન શકીએ. અને ખરેખર તો વર્ણનથી ચિતરાયેલો ચહેરો જ્યારે તેનું નામ પડે ત્યારે જ પૂરો ઊકલતો લાગે! આમ નામ વિનાનો ચહેરો કે ચહેરા વિનાનાં નામ આપણને અપૂર્ણ લાગે છે.

જો કે આપણી આસપાસ ફરતા અસંખ્ય ચહેરાઓમાંથી આપણે નામ તો બહુ થોડાનાં જાણતા હોઈએ છીએ. આમાંથી કોઈ કોઈની સાથે મોં મલકાવવાનો કે લટક સલામનો વ્યવહારેય થતો હોય પણ એવા દરેકનું નામ જાણવાની કશી જરૂર પણ ન પડી હોય કે એવો અવકાશ પણ ન મળ્યો હોય - પણ આમ છતાં, જ્યારે કોઈ ચહેરાનું નામ જાણવા મળે ત્યારે ઓળખાણમાં કશોક ઉમેરો થયો હોય એવું અચૂક લાગે.

સાહિત્યમાં, ખાસ કરીને કથા-સાહિત્યમાં આલેખાયેલાં ચરિત્રોના ચહેરા તો અપ્રત્યક્ષ હોય છે; વળી દરેક ચહેરાનું વર્ણન પણ મળતું નથી છતાં આવા ચહેરાઓ આપણે કલ્પના દ્વારા મનોમન પામીએ છીએ, તેમાં સૌથી વધુ ફાળો જે તે ચરિત્ર કે પાત્રનાં નામોનો હોય છે. દરેક નામમાં ચહેરાનો આભાસ આપવા ઉપરાંત બીજા પણ અનેક અધ્યાસો વળગેલા હોય છે, આથી આવા અપ્રત્યક્ષ ચહેરાઓનાં નામમાં યે આપણે હેરફેર કરી શકતા નથી. અહીં એક ગદ્યખંડ (કોઈ કથાસાહિત્યમાં હોઈ શકે એવો) આપ્યો છે. જુઓ, વાંચો:

"શ્રીપતરાય હિંડોળા પરથી ઊઠ્યા. પાનપેટી હળવેથી બંધ કરી અને જરા પણ ખખડાટ ન થાય તેની કાળજી સાથે યથાસ્થાને ગોઠવી. પછી ધીમે ડગલે બહાર વરંડામાં આવ્યા. રસ્તા પરથી ખભે ધારિયું લઈને જતા સેંધાજીએ અવળી હથેળી કપાળે લગાડીને કહ્યું : 'સલામ શાયેબ, આ બાગનું વાડોલિયું કરાવવું સ કે નંઈ! આ ચોમાહું તો આઈ જ્યું...'

શ્રીપતરાય સહેજ હસ્યા. કહે : 'ઠાકોર, આ વર્ષે તો હવે તારની પાકી વાડ કરાવી લેવી છે.' સેંધાજી યે હસ્યા. કહે : 'ઠીક તાણં,' હરખાઈ હોય તો વાડ્ય કરાવી દ્યો.... બાકી આ શેંધોજી તો છ જ ને...!' શ્રીપતરાય સહેજ મલક્યા. એમાં સેંધાજીની સમજણની કદર પણ વ્યક્ત થઈ..."

ઉપરના ફકરામાં શ્રીપતરાય ને સેંધાજીના નામની અદલાબદલી કરી જુઓ, બધું અપ્રતીતિકર લાગશે.

કોઈ પણ સમાજમાં સરખાં નામ ઘણાં મળશે. પોપટલાલ, રતિલાલ, કનુભાઈ, મણિભાઈ નામ ધારણ કરનાર એકાધિક

સજ્જનો એક ગામમાં મળી આવશે; પણ એકસરખા ચહેરાવાળા જવલ્લે જ મળશે. આનું કારણ સ્પષ્ટ છે. નામોના સર્જક માણસ કરતાં ચહેરાઓને ઘડનારો ઈશ્વર ઘણો મોટો સર્જક છે! જો કે આવો મોટો સર્જક પણ ક્યારેક ભૂલ કરતો હશે એવું લાગે છે - આમ કહું છું ત્યારે મને એક એવો

એલ્યુમિના - ALUMINA

.......................હેમેન્દ્ર એ. શાહ

એલ્યુમિનાના દર્દીના હાથ-પગ તથા શરીરના અન્ય ભાગો અત્યંત નબળા પડી ગયા હોય છે. શરીરમાં નબળાઈ તથા શિથિલતા આવી જાય છે. વિશેષ કરીને મળદ્વાર તથા મૂત્રાશય ઉપર નબળાઈની વિશેષ અસર દેખાય છે. એલ્યુમિનાનો દર્દી વારંવાર વિચારો બદલે છે અને ઘણી વાર વગર કારણે ગભરાયેલો તથા સ્તબ્ધ થયેલો જોવા મળે છે. પોતે કોઈ ખોટું કામ કર્યું છે તેવા વિચારો તથા પોતે ગાંડો થઈ જશે તેવી અનુચિત વિચારસરણી ધરાવતો હોય છે. ઘણી વાર અકારણ ઉદાસીનતા તથા ચિડિયો સ્વભાવ થઈ જાય છે.

આ દર્દી લાકડાનો કોલસો, રાખ, મેંદો, ચોક, લવિંગ, કપડાના ગાભા ખાવા માટે તલસતો હોય છે. તે બટાકા ખાઈ શકતો નથી અને ખાય તો બીમાર પડી જાય છે. તેના નખ બટકણા થઈ ગયા હોય છે અને પગમાં વારંવાર ખાલી ચઢી જાય છે. પગની નબળાઈને લીધે ચાલતી વખતે પગ દારૂડિયાની જેમ લડખડાય છે અને ઘણી વાર ચાલતાં ચાલતાં બેસી જવું પડે છે, થાક અને નબળાઈનો ઘણો અનુભવ થાય છે. આ પ્રકારના દર્દી માટે એલ્યુમિના ઘણી સારી દવા છે.

જે દર્દીને કબજિયાત રહેતી હોય, મળનો વધારે જથ્થો ભેગો થાય પછી જ ઝાડો ઊતરતો હોય, જોર કરવું પડતું હોય, મળ ગાંઠાવાળો, સૂકો હોય અને ઝાડો ઉતારતી વખતે દુ:ખાવો થતો હોય, પેશાબ કરવામાં પણ શ્રમ કરવો પડતો હોય તો તે માટે એલ્યુમિના અસરકારક દવા છે. આવા દર્દીને એલ્યુમિના વ્યવસ્થિતપણે આપવામાં ન આવે તો વીર્યનો નાશ થાય છે. અને દર્દી નામર્દીનો અનુભવ કરે છે.

જે સ્ત્રીઓને માસિક સ્રાવ વહેલો આવે, ટૂંકા સમય માટે આવે અથવા પ્રદરનો સ્રાવ એટલો બધો હોય કે તેનો રેલો પગની પાની સુધી પહોંચે તેના માટે એલ્યુમિના એક અકસીર દવા છે. ઋતુસ્રાવ પછી એટલી બધી નબળાઈ અવી જાય કે તેને થોડી વાત કરવામાં પણ અત્યંત થાક લાગે. ઉપરનાં લક્ષણો ઉપરાંત સ્ત્રી દુબળી, પાતળી અને દેખાવમાં હંમેશા બીમાર જેવી લાગતી હોય તો એલ્યુમિનાનો પ્રયોગ કરવો જ જોઈએ. એલ્યુમિનાનો દર્દી, બટાકા ખાવાથી, નોન-વેજ સૂપ પીવાથી માંદો પડી જાય છે. અમાસ અને પૂર્ણિમા દરમ્યાન પણ બેચેન અને અશક્ત રહેતો હોય છે. શિયાળામાં તથા ઠંડી હવાથી દર્દ વધતું હોય, ગરમ પીણું પીવાથી, ગરમ ખોરાક લેવાથી સારું લાગતું હોય, વર્ષાઋતુમાં દર્દ ઘટતું હોય તો એલ્યુમિના આપવી જોઈએ.

લોહી ઓછું થઈ ગયું હોય, લોહી અને ચપ્પુ જોવાથી આપઘાતના વિચારો આવતા હોય, પથારીની ગરમીથી અસહ્ય ચળ અને ખંજવાળ આવતી હોય, પગમાં વારંવાર ખાલી ચડતી હોય અથવા ઝણઝણાટી અનુભવાતી હોય, નાકના ટેરવામાં ચીરા હોય તેવાં ચિહ્નોમાં એલ્યુમિના અસરકારક માલૂમ પડી છે. જે લોકોનો અવાજ બેસી ગયો હોય, ગીત ગાનારને શ્રમ પડતો હોય, લાંબા સમય સુધી ગાઈ શકતો ન હોય, અવાજ ઘોઘરો તથા અત્યંત નબળો પડી ગયો હોય તેવા માટે પણ એલ્યુમિના એક સારું ઔષધ છે. □

ચહેરો યાદ આવે છે જેનાં આંખ-કાન-નાક-હોઠ-ગાલ-હડપચી-દાઢી બધું જુદા જુદા ચહેરા માટે બનાવેલું હશે પણ ભૂલથી કે પછી વધેલા માલરૂપે એક જ ચહેરામાં બેસાડી દીધું હશે એવું લાગે છે. આ સજ્જન જ્યારે મળે છે ત્યારે તેમને અનેક નામે સંબોધવાનો ઉમળકો જાગે છે; પણ તેમનું તો સાદું સીધું એક જ નામ છે!

આમે ય સરેરાશ સજ્જનો અને સન્નારીઓ એકેક નામ ધારણ કરનારાં હોય છે. ક્યારેક કોઈનું એકાદ વધારાનું હુલામણું કે લાડકું નામ હોય જે ઘણું કરીને ઘરમાં કે સ્વજનોમાં જ ચલણમાં હોય. આ સિવાય જેમને પોતાનાં નામ-ઠામ, ચહેરા અને બીજું ઘણું બધું છુપાવવાનું હોય એવા મહાનુભાવો એકાધિક નામ ધરાવે છે જે અખબારોમાં ઘણું કરીને પોલીસ-સમાચારોમાં વાંચવા મળે છે : સલીમ ઉર્ફે લંગડો ઉર્ફે ટેણી ઉર્ફે લાલો ઉર્ફે બટકો.... ને એવું બધું.

ચહેરાને વાર્ધક્ય લાગે છે ને તેમાં ઉઝરડાય પડે છે; ચહેરો ભૂંસાઈ પણ જાય કે વિલાઈ પણ જાય જ્યારે નામ તો જેવું શૈશવમાં તેવું જ જિંદગીના અંત સુધી. અરે!મૃત્યુ પછીયે 'નામ રહંતા ઠક્કરાં' એવી જે ઊક્તિ છે તેમાં કીર્તિના પર્યાય રૂપે નામ જ મહિમા રળ્યું છે ને!

મહિમા કોનો મોટો? નામનો કે ચહેરાનો? આ પ્રશ્ન મને કૂટપ્રશ્ન જેવો લાગે છે, અને આનો કોઈ સીધો-સરળ ઉત્તર પણ શોધવો મુશ્કેલ છે.

આપણે ઈશ્વરને અનેક નામે સ્મરીએ છીએ; એનાં સહસ્રનામના જપ અને પાઠ પણ કરીએ છીએ, એનું કારણ કદાચ એવું યે હોય કે એના ચહેરાને આપણે ઓળખતા નથી; કે પછી અનેક ચહેરામાં એને પામવાની અને ઓળખવાની ઝંખના અનેક નામના રટણથી અભિવ્યક્ત કરીએ છીએ. જે હોય તે; નામ-રૂપની આ લીલા યે ઓછી રસપ્રદ તો નથી જ. □

સ્ટેચ્યૂ ઑફ લિબર્ટી

૧૯મી સદીનું એક મહાન સર્જન

જયા મહેતા

અમેરિકા ગયા હોય કે ન ગયા હોય, સ્ટેચ્યૂ ઑફ લિબર્ટી - સ્વાતંત્ર્યની દેવીની પ્રતિમા - વિશે અનેક લોકો જાણે છે. આ વિશાળકાય પ્રતિમાની રચના કેવી છે અને તેની રચના-પ્રક્રિયા કેવી હતી એ વિશે કોઈકોઈને જિજ્ઞાસા થતી જ હશે. ફૂલનાં સૌંદર્યનું કે એની સુગંધનું પગેરું તો શોધી શકાતું નથી, પણ આ પ્રતિમા વિશે માહિતી મળી શકે છે.

ઍટલાંટિક મહાસાગર ઓળંગીને અમેરિકાના પૂર્વ કિનારે આવો એટલે હડસનનદીના મુખ પાસે પાંચ ટાપુઓનો સમૂહ દેખાય તે જ ન્યૂ યૉર્ક નામનું મહાનગર. અમેરિકાના પ્રવેશદ્વારસમા આ મહાનગરના જ એક નાનકડા ટાપુ પર આંતરરાષ્ટ્રિય મૈત્રી અને સ્વતંત્રતાના પ્રતીક સમાન સ્ટેચ્યૂ ઑફ લિબર્ટી પ્રવાસીઓનું અભિવાદન કરે છે.

ગુલામીની જંજીર તોડીને આઝાદીનું અજવાળુ પાથર્યાનો સંકેત આ પ્રતિમા દ્વારા કરાયો છે. એક સો અગિયાર ફૂટ ઊંચી આ વિશાળકાળ પ્રતિમાના પગ પાસે અત્યાચારી અમલની તૂટેલી સાંકળ છે, તેની પ્રતીકાત્મકતા સ્વયંસ્પષ્ટ છે. એના ડાબા હાથમાં અમેરિકાની સ્વતંત્રતાની જાહેરાત કરતી તકતી છે, તેમાં કોતરેલું છે : જુલાઈ ૪ ૧૭૭૬. અમેરિકા આવતા દરેક માણસને એ જાણે કહે છે : 'બધા જ માણસો સમાન સર્જાયા છે.' પ્રતિમાના ઊંચા કરેલા જમણા હાથમાં મુક્તિ અને સ્વતંત્રતાના માર્ગ પર અજવાળું પાથરતી મશાલ છે; સ્વતંત્રતા : સૌને સમાન તકની સ્વતંત્રતા, વિચારની સ્વતંત્રતા, ધર્મપાલનની સ્વતંત્રતા, અર્થાત્ જીવવાની સ્વતંત્રતા.

ફ્રાન્સના લોકોએ સન ૧૮૮૬માં અમેરિકનોને આ પ્રતિમા ભેટ આપી છે : બે દેશોની દીર્ઘ મૈત્રી ઊજવવા માટે! વિશ્વમાં એક પ્રજા તરફથી બીજી પ્રજાને અપાયેલી આ સર્વોત્તમ ભેટ છે!

અમેરિકામાં સિવિલ વૉર થઈ, પછી તરત રાષ્ટ્રપ્રમુખ અબ્રાહમ લિંકનની હત્યા થઈ. આ હત્યાના પડઘા મિત્ર રાજ્ય ફ્રાન્સની પ્રજાના હૃદયમાં પણ પડ્યા. પ્રજાએ ફંડ ભેગું કર્યું અને લિંકનનાં પત્નીને એક ગોલ્ડ મેડલ મોકલ્યું, તેની પર લખેલું હતું: 'અમેરિકાના પ્રમુખ તરીકે બે વખત ચૂંટાઈ આવનાર, ગુલામી નાબૂદ કરનાર, યુનિયનને ફરી પ્રસ્થાપિત કરીને લોકશાહીને બચાવનાર અબ્રાહમ લિંકનને ફ્રેંચ લોકશાહી તરફથી અર્પણ.' આ સાથે એક સંદેશો પણ હતો : 'શ્રીમતી લિંકનને કહેજો કે આ નાની દાબડીમાં ફ્રાન્સનું હૃદય છે.'

ફ્રાન્સ અને અમેરિકાની મૈત્રીના પ્રતીકરૂપ એક પ્રતિમા ભેટ આપવાનો વિચાર સન ૧૮૬૫માં એક ભોજન -સમારંભમાં એડવર્ડ દ બોવલને સ્ફૂર્યો. ફ્રાન્સના મહાન કલાકારો, સાહિત્યકારો, રાજકારણીઓ આ ભોજન સમારંભમાં ઉપસ્થિત હતા. ફ્રેડરિક ઑગસ્ટ બર્થોલ્ડી નામના એક યુવાન શિલ્પીએ આંતરરાષ્ટ્રિય સ્મૃતિચિહ્નની વિભાવના રજૂ કરી અને સૌએ તે વધાવી લીધી. તે પછી દશ વર્ષે સન ૧૮૭૫માં,



આ વિચારને સાકાર કરવા માટે ફંડ ભેગુ કરવા, સ્મૃતિચિહ્ન તૈયાર કરવાની યોજના ઘડવા અને તે યોજનાનો અમલ કરવા ફ્રાન્કો-અમેરિકન યુનિયનની સ્થાપના થઈ ને ત્યાર પછી અગિયાર વર્ષે સન ૧૮૮૬માં ફ્રાન્સનાં પ્રજાજનો તરફથી અમેરિકાનાં પ્રજાજનોને સ્ટેચ્યૂ ઑફ લિબર્ટી ભેટ અપાયું.

વિચાર કર્યો, પૈસા ભેગા કર્યા, એટલે કામ ફત્તેહ - એવું કોઈ મોટા કામમાં નથી હોતું. આ પ્રતિમા બનાવવાની પ્રક્રિયા પણ એટલી જ અટપટી છે. પ્રતિમા બનાવવાની તૈયારી કરવાનો આરંભ કર્યો ત્યારથી માંડીને એટલાન્ટિક મહાસાગર ઓળંગીને હડસન નદીને કિનારે ન્યૂ યૉર્કના ટાપુ પર તેને પ્રસ્થાપિત કરવામાં આવી ત્યાં સુધીમાં અનેક સમસ્યાઓનો મહાસાગર પણ પાર કરવો પડ્યો.

પ્રતિમા બનાવવાની તૈયારી કરવા માંડી ત્યારે શિલ્પી સમક્ષ સૌથી પહેલાં તો એ પ્રશ્ન ખડો થયો કે પ્રતિમા કયા પદાર્થમાંથી બનાવવી? પ્રતિમા બનાવવા માટેની સામગ્રી વજનમાં શક્ય તેટલી હળવી હોવી જોઈએ. એની પર સરળતાથી કામ કરી શકાય એવી તે હોવી જોઈએ. દેખવામાં તો સરસ જોઈએ જ; વળી, ફ્રાન્સથી અમેરિકા સુધીની લાંબી દરિયાઈ મુસાફરી કરી શકે તેવી મજબૂત અને ન્યૂ યૉર્ક બંદરની ખારી દરિયાઈ હવાની અસર સામે વધુમાં વધુમાં વધુ ટક્કર ઝીલી શકે તેવી જોઈએ. આ બધી જ બાબતોનો વિચાર કરીને છેવટે તેણે નક્કી કર્યું કે લોખંડ અને સ્ટીલની ફ્રેમનો આધાર આપીને તાંબાની પ્રતિમા બનાવવી.

પ્રતિમા બનાવવાનું કામ બર્થોલ્ડીએ શરૂ કર્યું. તેણે ફરીફરીને ચાર ફૂટ ઊંચું મૉડેલ બનાવ્યા કર્યું. છેવટે સંતોષજનક પરિણામ આવ્યું ત્યારે એ ચાર ફૂટના મૉડેલ પરથી નવ ફૂટ ઊંચું મૉડેલ બનાવ્યું, ને પછી એના કરતાં ચારગણું મોટું, છત્રીસ

ફૂટ ઊંચું મૉડેલ બનાવ્યું, છત્રીસ ફૂટના મૉડેલ પર એણે એકદમ ઝીણીઝીણી વિગતોમાં ઊતરીને ઘણા સુધારાવધારા કર્યા. છેવટે મન ઠરે એવું મૉડેલ તૈયાર થયું; પણ પ્રતિમા તો મૉડેલ કરતાં ચારગણી મોટી બનાવવાની હતી. એટલે તેણે મૉડેલના ઘણાબધા વિભાગો પાડ્યા, દરેક વિભાગને ચારગણો મોટો કર્યો. દરેક વિભાગનાં જુદાં જુદાં નવ હજાર માપ લીધાં. એક એક વિભાગ પૂરો થાય એટલે એના પરથી સુથાર લાકડાનાં મૉડેલ્સ બનાવતા ગયા. આમ તૈયાર થયેલાં લાકડાનાં મૉડેલ્સ પર ૩/૩૨ ઈંચ જાડાં તાંબાનાં પતરાં બેસાડીને આકાર આપવાનો હતો, તે માટે દબાવીને બેસાડ્યાં, હાથેથી હથોડી ઠોકીઠોકીને આકાર અપાયા અને છેવટે, આ રીતે તૈયાર થયેલા બધા જ વિભાગ જોડ્યા, પ્રચંડ પ્રતિમા તૈયાર કરી.

આ પ્રતિમાની અંદરનું ફ્રેમ વર્ક તૈયાર કર્યું ફ્રેન્ચ ઈજનેર ગસ્ટેવ એફિલે. એણે જ પછી વિશ્વવિખ્યાત એફિલ ટાવર પણ તૈયાર કર્યો હતો. પ્રતિમાના પાયાથી માથા સુધીનું આ અતિવિશાળ માળખું પ્રતિમાનું વજન ઝીલે છે. એફિલે આ માળખા પર નાનાંનાનાં બીમનું જટિલ જાળું તૈયાર કર્યું. તે દરેક બીમ બહારના તાંબાના પતરાને આધાર આપે છે. દરેકે દરેક પતરાને લોખંડના પટ્ટાનો ટેકો આપીને સખત પકડમાં રાખ્યું છે. આધાર આપતા માળખા સાથે લોખંડના પટ્ટા સજ્જડ જડેલા છે. દરેકેદરેક ભાગને સ્વતંત્ર આધાર અપાયો છે, તેથી અગણિત પતરામાંથી એક પણ પતરુ ઉપરના પતરા પર લટકતું નથી કે નીચેના પતરા પર ભાર નાખતું નથી.

સૌંદર્યદેવીની પ્રતિમા સુંદર છે, આકાર સૌષ્ઠવયુક્ત છે, આટલી વિશાળ છતાં લાવણ્યવતી લાગે છે. આ દેવી જમણા પગની એડી ઊંચી કરીને ચાલી રહી છે કે શું એમ પણ લાગે! એ ઊંચી થયેલી એડી પાસે, અત્યાચારી સત્તાધીશે લાદેલી બેડી, પરતંત્રતાની સાંકળ તોડી નખાઈ છે એ પ્રતીકાત્મક છે. તૂટેલી સાંકળનો કેટલોક ભાગ વસ્ત્ર નીચે ઢંકાઈ જવાથી દેખાતો નથી, તે ફરીથી ડાબા પગના આગળના ભાગમાં દેખાય છે. જો કે આ પ્રતિમા ૧૫૪ ફૂટ ઊંચા ચોતરા પર બાંધેલી ચાળીસેક ફૂટ ઊંચી બેઠક પર છે અને પ્રતિમાની ઊંચાઈ ૧૧૧ ફૂટ છે, તેથી આ બધી ઝીણી ઝીણી વિગતો પ્રવાસીઓ જોઈ શકે તેમ નથી.

અનેકવિધ સમસ્યાઓનો સામનો કરતાં કરતાં - ફ્રાન્સમાં પ્રતિમા તૈયાર થઈ રહી હતી, ત્યારે આ તરફ ન્યૂ યૉર્કમાં પણ સમસ્યાઓનાં વાદળ ઘેરાતાં હતાં. પ્રતિમા ઊભી કરવાના ચોતરાનું સ્થળ નક્કી કરવાથી માંડીને ફંડ ભેગું કરવા સુધીની ઘણી સમસ્યાઓના ઉકેલ આવતા ગયા. પછી પણ એક પ્રશ્ન થયો કે આટલી પ્રચંડ પ્રતિમા પવનના દબાણનો સામનો કેવી રીતે કરી શકશે? એક નાનકડો ટાપુ, આસપાસ પાણી જ પાણી, ઉપર ખુલ્લું આકાશ : સૂરજના પ્રખર તાપને, શિયાળાની થિજાવી દેતી ઠંડીને, પવનના જોરદાર સપાટાઓને, વરસાદનાં પાણીદાર ઝાપટાંને ઝીલીનેય પ્રતિમા અડીખમ ઊભી રહેવી જોઈએ.

સ્થળ નક્કી થયું, ચોતરાનું ઓગણત્રીસ ફૂટનું બાંધકામ થયું. પછી એની દીવાલમાં ખૂબ જ મોટા પાટડા (ગર્ડર્સ) નાખ્યા. વળી ઉપર દીવાલ ચણી અને પંચાવન ફૂટની ઊંચાઈએ પણ તેમાં પાટડા મૂક્યા. ઉપર-નીચે આવેલા આ પાટડાઓને લોખંડના બીમથી જોડ્યા, એટલે તે પ્રતિમાના ફ્રેમવર્કનો જ એક ભાગ બની ગયા અને એની પર જે કાંઈ દબાણ આવે, તે નીચેના ચોતરાની જ ઓગણત્રીસ ફૂટની સપાટીએ પહોંચી જાય. આમ, ગ્રેનાઈટ-કૉંક્રિટના ચોતરાના ઉપરના ભાગના સાઠ ફૂટના બાંધકામનું ભારે વજન પ્રતિમાના વજનમાં ઉમેરાયું, તેથી અડીખમ ઊભા રહેવાની પ્રતિમાની ક્ષમતા ઘણી વધી. ગ્રેનાઈટનો નેવ્યાસી ફૂટ ઊંચો ચોતરો જ અતિશય વજનવાળાં બાંધકામોમાંનો એક ગણાય છે, અને તે એના પાયા અને પાયા નીચેના ખડક સાથે એટલો સજ્જડ જડાઈ ગયો છે કે ગમે તેટલું જોરદાર વાવાઝોડું પણ ૨૨૫ ટન વજનની અને ૧૧૧ ફૂટ ઊંચી આ પ્રતિમાને ડગમગાવી શકે તેમ નથી.

સન ૧૮૮૬ની ૨૨મી એપ્રિલે આ ચોતરાનો છેલ્લો પથ્થર મુકાયો, પ્રતિમા માટે મંચ તૈયાર થઈ ગયો અને કામદારોએ પોતાના ખિસ્સામાંથી એની પર ચાંદીના સિક્કા વરસાવ્યા!

પેરિસમાં પ્રતિમાનું કામ તો સન ૧૮૮૩માં જ પૂરું થઈ શકે તેમ હતું, પણ ન્યૂ યૉર્કમાં હજી ચોતરો તૈયાર થયો નહોતો. એટલે પ્રતિમાનું કામ જરા ધીમું પડાયું. સન ૧૮૮૪ માં પ્રતિમાના બધા ભાગ જોડવામાં આવ્યા. જાણે પેરિસનાં બધાં છાપરાં નિહાળતી હોય એમ સ્વાતંત્ર્યની દેવીની પ્રતિમા ઊભી કરાઈ. પણ વિધિની વક્રતા એ કે ફ્રાન્સ તરફથી અમેરિકાને સ્મરણચિહ્ન આપવાનો વિચાર રજૂ કરનાર એડવર્ડનું મૃત્યુ એ પહેલાં જ, સન ૧૮૮૩માં થયું.

સ્વાતંત્ર્યની દેવીની મહાકાય પ્રતિમા તૈયાર તો થઈ, પણ એને ફ્રાન્સથી એક આખો મહાસાગર ઓળંગીને અમેરિકા પહોંચાડવી કઈ રીતે? ફરીથી પ્રતિમાના બધા ભાગ છૂટા પાડવામાં આવ્યા અને આ બધા ભાગને મોકલવા માટે ખાસ બનાવેલી ૨૧૪ પેટીઓમાં મૂકવામાં આવ્યા. પેટીઓને જહાજમાં અમેરિકા તરફ રવાના કરવાનું કામ સન ૧૮૮૫માં પૂરું થયું.

સન ૧૮૮૬ ઑક્ટોબર મહિનો. અઠ્ઠાવીસમી તારીખ. અમેરિકામાં પ્રતિમાના હાથમાંની મશાલ પેટાવવામાં આવી. તે જ રાતે વરસાદ પડ્યો. ધાર્યું તો હતું કે મશાલનો પ્રકાશ સમુદ્રનાં મોજાં પર દૂર દૂર પચાસ માઈલના વિસ્તારમાં અજવાળું પાથરશે. પણ તેમ થયું નહીં. વરસાદ બંધ પડ્યા પછી પ્રકાશ-વ્યવસ્થામાં સુધારા કરવામાં આવ્યા અને વધતી જતી ટેકનોલૉજી સાથે વધુ ને વધુ સુધારા થતા ગયા. આજે ત્યાં અત્યાધુનિક પ્રકાશ-વ્યવસ્થા છે.

(અનુસંધાન પૃ. ૫૩૮)

સ્થિર નદી, સરતાં નીર

ઝિ ગ્વી ગામને તીરે

• પ્રીતિ સેનગુપ્તા •

એ રૂપાળી, મીઠડી હાર્મનિ અને હું એવાં વાતોમાં પડી ગયાં હતાં કે વહાણ ક્યારે, અને કયારનું નાંગરાઈ ચૂકયું હતું, એની ખબર જ ના પડી. ઘણી વાર પછી અચાનક જોયું તો અમે હાલતાં કે સરતાં ન હતાં, અને અમે બે બહાર દોડ્યાં. અફ્રાનો નાનો કાર્યક્રમ-ખંડ પૂરેપૂરો ભરાઈ ગયો હતો. પાછળ ઊભાં રહીને માંડ દેખાય, એવી ભીડ થઈ ગઈ હતી. વળી, નૃત્યો ઠીક જેવાં જ હતાં, તેથી હું બહાર ટેબલો પર ગોઠવેલી ચીની કારીગીરીની ચીજ-વસ્તુઓ જોવા માંડી. એક માસ્ટર-કારીગરે બનાવેલો 'ટી-પૉટ' મને ખૂબ જ ગમી ગયો. પિત્તળની એ કીટલી પર બારીક કોતરકામ કરેલું હતું. 'લઉં - ના લઉં' થયા કર્યું. પણ માટીની બે નાની કીટલી તો મેં પહેલાંથી જ ખરીદેલી, પછી કેટલી લેવાય? પણ એને બદલે ચાંદી ને મીનાકારીવાળી બુટ્ટીઓ ખરીદી ખરી!

બીજા એક ટેબલ પર કાચની શીશીઓ વેચાતી હતી. એની વિશિષ્ટતા એ કે એના પર બહારથી નહીં, પણ અંદરથી ચિત્રકામ કરવામાં આવ્યું હતું. શીશીના સાંકડા ગળામાં સાવ ઝીણી પીંછી નાખે, ને અત્યંત સક્ષ્મ, અને અતિ-સુંદર અંકન-આકૃતિ ચીતરે. શું ધૈર્ય, શું કૌશલ્ય; શું કલ્પના, શું કળા! અસાધારણ હતું એ બધું, ને તેથી જ અત્યંત મૂલ્યવાન હતી એ બધી કાચની શીશીઓ. એમાંની એક મેં ખરીદી. એના માપના ખાડાવાળી ગાદી સાથેના, પૂંઠા પર કાપડ જડીને બનાવેલા, બોક્સમાં મુકાઈને એ મને મળી. દોડીને અંદર મારી કેબિનમાં જઈને હું એને માટેના પૈસા લઈ આવી. ખૂબ ખુશી થઈ આ કળાત્મક પ્રાપ્તિથી!

વહાણના એક અફસરે મને કહ્યું કે, ગામમાં જવું હોય તો જવાની છૂટ છે. કરવાનું તો બીજું કશું હતું નહીં, તો શા માટે નવું કંઈક ના જોવું? એ વિચારે હું તો નીકળી ગઈ - એકલી. ગામને રસ્તે પહોંચતાં પહેલાં બહુ જ પગથિયાં ચડવાનાં હતાં. મેં ગણ્યાં. ખરેખર બસો હતાં, પણ એટલાં નીચાં કે ચઢવાં સહેલાં હતાં. લગભગ ચાલવા જેવું જ લાગે.

રસ્તા પર પહોંચીને બસ, ત્યાં ચાલી. જે કેટલીક દુકાનો ખુલ્લી હતી, એમાંની બત્તીનો પ્રકાશ પડતો હતો. બાકી રસ્તા પર કોઈ દીવા-બત્તી હતાં નહીં. દુકાનો જ્યાં પૂરી થઈ ત્યાં એકદમ અંધારું હતું તોયે હું ચાલી. બંધ દુકાનો ને શાંત થઈ ગયેલાં ઘર. પડદા પાછળથી અંદર ચાલુ બત્તીઓ દેખાય. એક બારણાની પાછળ કોઈ એક જણ પથ્થર પર કોતરણીકામ કરતો હતો. બારણાની તડમાંથી એટલું મને દેખાયું ને બસ, પછી કશું નહીં. કેવળ હું. પારકા દેશના કોઈ અજાણ્યા ગામના અંધારા રસ્તાની વચ્ચોવચ હું ચાલતી હતી. એવી હૃદ્ય શાંતિ. વાહન નહીં, ઘોંઘાટ નહીં. ત્યાં જ કોઈ સાયકલનો અવાજ આવ્યો. મેં અંધારામાં આસપાસ જોયું. કશું જ દેખાયું નહીં. છેક પાસે આવી ત્યારે જ એ દેખાઈ.

એવું ગાઢ અંધારું હતું, પણ હવામાં ધુમ્મસનો અહેસાસ હતો. તારા બિલકુલ દેખાતા ન હતા. વચ્ચે વચ્ચે વહાણની ઝલક મળી જતી હતી. સરસ ઝગઝગ થતું હતું એ. મઝા આવી એમ ચાલવા નીકળી પડવાની.

એક ખુલ્લી દુકાન કેમિસ્ટની હતી. એમાં બે પુરુષો અને એક સ્ત્રી બેઠાં હતાં. મને પાછી આવતી જોઈ કે તરત એમણે મને 'કેમ છો' કહ્યું. ચીની ભાષાનો 'ની હા' શબ્દ મને આવડતો હતો. ત્રણેય હસમુખાં હતાં. એમણે મને બોલાવી. હું અંદર ગઈ અને બેન્ચ પર એ સ્ત્રીની સાથે બેઠી. એ લોકો ભાગ્યે જ કશું અંગ્રેજી બોલતાં કે વાંચતાં હતાં, પણ મેં એમને થોડું જણાવ્યું - એમ કે, હું ભારતની હતી, અને યૉગ્ત્સે-જ્યાંગ વહાણ પર સફર કરતી હતી. ઉપરાંત, એમ કે એ હુબેઈ પરગણું હતું, ને એ ગામનું નામ ઝિ ગ્વી હતું. એ ત્રણેય ખૂબ ખુશ થયાં, ને એટલું સમજ્યાં પણ ખરાં. અમે સાથે હસ્યાં, હાવભાવ કર્યાં, અને સામેનું ના સમજે તો પણ પોતે પોતાની ભાષામાં વાતો કરતાં રહ્યાં. આમ થોડી વાર સાથે ગાળ્યા પછી મેં 'આવજો' કહ્યું, અને વહાણ તરફ પાછી ગઈ. બીજી બાજુ એવું જ ઘેરું અંધારું હતું ને ત્યાં જવાનો, એમ રખડવાનો કોઈ અર્થ ન હતો.

અમારી પછી આવેલું એક વહાણ પણ નાંગર્યું હતું. સૂર્ય-તૂતક પરથી અચાનક એ મેં જોયું. એના બેઠક-ખંડમાં ત્રણ-ચાર યુગલ પાશ્ચાત્ય નૃત્ય કરતાં હતાં. રાત સરસ હતી - સુંવાળી, શાંત, અંધાર-ઘેરી. પણ અગિયાર થવા આવ્યા હતા. સવાર વહેલી પડવાની હતી, તેથી સૂવા માટે જવું પડ્યું.

સવારને માટે નાગ-નૌકા-પ્રતિસ્પર્ધાનું આયોજન કરવામાં આવેલું. આઠ વાગે એ પહેલાં તો નાસ્તો પતાવીને અમે બધાં ઊંચાં એ પગથિયાં પર ચઢી રહ્યાં હતાં. એમની સંખ્યા ૨૧૦ હતી. આગલી રાતે ગણતાં ગણતાં મેં થાપ ખાધેલી! વહેલી સવારે વરસાદ પડી ગયો હતો. પગથિયાં ભીનાં, કાદવિયાં ને લપસણાં હતાં. આછી ઝરમર તો હજી યે હતી. કેટલાંકે છત્રીઓ ખોલી. મેં માથે રૂમાલ બાંધ્યો, ને એ પૂરતો હતો.

મંગળવારની એ સવારના વહેલા જેવા સમયે તેર હજારની વસ્તીવાળું ઝિ ગ્વી ગામ શાંત હતું. કોઈ દોડાદોડ નહીં,

હોર્ન નહીં. અમારી બસો નદીના સહેજ નીચલા વહેણ પાસે જઈને ઊભી રહી. ત્યાં સીધા ઢાળવાળો એક પથ હતો, અને પછી પગથિયાં. બંને કાદવિયાં અને લપસણાં. નદીમાં ઊભેલી એક હોડીમાં જઈ અમે બધાંએ 'લાઈફ-જૅકેટ' પહેર્યાં. પછી વારાફરતી બધાં જૂથ નાગ-નૌકામાં બેસવા માંડ્યાં. બબ્બે નૌકા સાથે ભરાતી થઈ. લાંબી, પાતળી એ નૌકાઓના અગ્રભાગમાં નાગનાં શિરનાં શિલ્પ હતાં. વચ્ચે એક એક મોટું ઢોલ મૂકેલું હતું. માથે પાઘડી જેવું બાંધેલા પુરુષો એ ઢોલ વગાડતા હતા. સાથે જ, તાલમાં એ બધા સીટી વગાડતા અને ગાતા પણ હતા. થોડા ફટાકડા અને હવાઈ વગેરે પણ સળગાવવામાં આવ્યાં. ઉત્સવ જેવું વાતાવરણ થઈ ગયું.

યૉંગ્ત્સેમાં એક શાંત મોટું સરોવર બન્યું હતું. એમાં ૫૦-૬૦ મીટર અમે ગયાં. બબ્બે નૌકાઓ ત્યાંથી સાથે શરૂ કરીને કિનારા સુધી પહેલા જવાની હરીફાઈ કરવા માંડી. ઢોલ અને સિસોટીના અવાજ ખૂબ વધી ગયા, નાવિકો એકમેકને પ્રોત્સાહક હોંકારો દેવા માંડ્યા, જીતનારા જૂથને ત્રિકોણાકાર વાવટો ભેટ મળતો હતો. કિનારે ઊભેલી એક યુવતી-નાવિક લાલ ચીની ધ્વજ હલાવીને જીતનારાંનું સ્વાગત કરતી હતી. બહુ મઝા આવી આખા આ બનાવમાં!

આ પછી બસોનું કામ ઘણું કઠિન બન્યું. રસ્તા ખૂબ ઊંચે ખૂણે હતા. એન્જિનો જોર કરતાં હતાં. પણ બીજાં વાહનો હજી હતાં નહીં, એટલે શાંતિ લાગતી હતી. પહાડ પરના એક સ્મારક-મંદિર પર અમે ગયાં. ૧૯૭૫માં એનો પુનરોદ્ધાર કરવામાં આવેલો, અને ચુ યુઆન નામના એક ખૂબ અગ્રગણ્ય સ્થાનિક કવિનું સ્મારક ત્યાં બનાવવામાં આવેલું. એમને 'ચીનના શેક્સ્પિયર' પણ કહે છે. બે હજાર વર્ષ પહેલાં એ થઈ ગયા. એમણે દેશભક્તિનાં અનેક ગીતો અને ઉદાસ-ગંભીર ભાવનાં કાવ્યો લખ્યાં. એ કાળના રાજાઓને જોમ અર્પવા એમણે પ્રયત્નો કર્યા, પણ નિષ્ફળ ગયા, જ્યારે ચીન રાજવંશે સમગ્ર ચીન પર વિજય મેળવ્યો. ભગ્ન હૃદય સાથે કવિ ચુ યુઆન હુનાન પ્રાંતમાંની, યૉંગ્ત્સેને મળતી, મિનો નામની નદીને તીરે ગયા, અને એ દુઃખને કારણે મિનોમાં ડૂબી મર્યા.

પ્રવેશ આગળ લાક્ષણિક ચીની શૈલીનો કમાન-યુક્ત દરવાજો હતો. એ પછી, ૧૯૮૫માં ઢાળવામાં આવેલું, એ સ્વાભિમાની મહા-કવિનું ઊંચું પૂતળુ હતું. એમનો લાંબો ઝભ્ભો હવામાં લહેરાતો હતો, વાળ ચીની રીત મુજબ બાંધેલા હતા, ને મુખ પર ગંભીર ભાવ હતો. ચીની ભાષાના બે અક્ષરના આકારમાં છોડવા ઉગાડાયા હતા. અર્થ થતો હતો, 'રસ્તો શોધતાં'- 'મારા દેશને બચાવવા માટેના રસ્તા શોધવા હું મથ્યા કરીશ.'

પાસેના સ્મારક-ખંડમાં ઐતિહાસિક-સાહિત્યિક આલેખનો પ્રદર્શિત થયાં હતાં. કવિ ચુ યુઆનના જીવનનાં દૃશ્યો દર્શાવતી પ્રિન્ટ્સ, એમનાં કાવ્યો છાપેલાં પોસ્ટર; અન્ય ચીની વિદ્વાનો તથા અગ્રણીઓએ એમને બક્ષેલા પ્રશંસા-પત્રો. ઉપરાંત, કવિએ લખેલાં તથા એમના ઉપર લખાયેલાં પુસ્તકો. બધું જ ચીની લિપિમાં. થોડા અનુવાદ હતા. દા.ત. 'લિ સાઓ અને બીજાં કાવ્યો' અંગ્રેજી, જર્મન, અરબી, જાપાની જેવી વિવિધ ભાષામાં અનુદિત થયાં હતાં.

છેક પાછળ, બાગની વચ્ચે એક પથ્થર મૂકેલો હતો. વળી પગથિયાં ચઢીને ત્યાં પહોંચવાનું. એ તકતી પર ચુ યુઆનનું ગૌરવ કરતો સંદેશ કોતરાયેલો હતો. કવિના આદરમાં આ મકબરો બનાવ્યો હતો ખરો, પણ એ તો પ્રવાહ સાથે ક્યાંય વહી ગયા હતા. એમનો દેહ ક્યારેય મળ્યો જ ન હતો. જાણે એમણે જળ-તત્ત્વમાં સમાધિ જ લઈ લીધી.

આજુબાજુ ઊંચાં શિખરવાળા પર્વતો હતા. વચ્ચે ધુમ્મસ છવાયેલું હતું. દૃશ્યપટ ખૂબ શાંત હતો - સુગભીર અને ગૌરવાંકિત હતો. સામે એક અસામાન્ય વૃક્ષ હતું - પુષ્પોના પ્રાચુર્યવાળું. અસાધારણ રંગ હતો એ ફૂલોનો - ખૂબ ઘેરો જાંબલી, ઝીણાં ફૂલ ડાળીઓ પર વળગેલાં હતાં - જાણે તેજોજ્જ્વળ પુષ્પ-હસ્ત. દરેક ડાળીને છેડે નવી કૂંપળ અને બે-ત્રણ ઝીણાં પાન ઊગેલાં હતાં. કોઈને ખબર ન હતું આ ફૂલોનું નામ. પીચ ફ્લાવર! ના. કોઈ વસંત ઋતુનું ફૂલ. એક ગાઈડ કહે, ચીની ભાષામાં એને 'ત્સુ જિન શુ' કહે છે - એટલે કે, 'એક ઘેરું લાલ ફૂલ.' પણ આ ક્યાં લાલ હતાં? આ તો જાંબલી હતાં. ચર્ચા થઈ થોડી, મતભેદ થયા; કોઈને ચોક્કસ કશી જાણ ન હતી, સમજણ ન હતી. આવું જ હોય છે કોઈ પણ અસામાન્ય બાબત માટે - જેમ કે મહાકવિ ચુ યુઆનની બાબતમાં. (ક્રમશઃ)

અનુસંધાન] સ્ટેચ્યૂ ઑફ લિબર્ટી [પૃ. ૫૩૬થી

પ્રતિમા તૈયાર કરવામાં ફ્રાન્સે અને એને દરિયાકાંઠે ઊભી કરવામાં અમેરિકાએ અનેક સમસ્યાઓનો ઉકેલ આણ્યો હતો, છતાં હજી સમસ્યાઓનો અંત નહોતો આવ્યો. પ્રતિમા એક ચોતરા પર ઊભી કરાઈ છે. પથ્થર અને સિમેન્ટ-ક્રૉંક્રિટનો એ વિશાળ ચોતરો શિયાળામાં અતિશય ઠરી જાય. શિયાળો ઊતરતાં આસપાસનું વાતાવરણ ગરમ થતું જાય, તેના પ્રમાણમાં ચોતરાની અંદરની હવા ઘણી ઠંડી રહે, તેથી ભેજ-નિર્માણ થતો જાય, અંદરના બાંધકામને નુકસાન થવા માંડે. આ અટકાવવા અંદરના ભાગને ગરમ રાખવાની પ્રક્રિયામાં સુધારા કરાયા. પ્રતિમાની બહારની તાંબાની ચમકતી સપાટીનું વરસાદથી રક્ષણ કરવા માટે તેને આછા લીલા રંગથી રંગવામાં આવી, તેથી પ્રતિમા ઘણી સુંદર અને ગૌરવશાળી દેખાય છે. □

અમેરિકામાં ભારતીયો : આત્મઓળખની ખોજમાં (૩)

પ્રા. પ્રવીણ ન. શેઠ

ગતિશીલ બીજી પેઢી : 'એબીસીડી', બીના કે રાજ બનશે?

પહેલી પેઢીના ભારતીય અમેરિકનોની અહીં જન્મેલી ને ઊછરેલી, એટલે કે તરુણ/યુવાન પેઢીને અહીં 'એબીસીડી' (અમેરિકા-બોર્ન કન્ફ્યુઝ્ડ દેશી) તરીકે ઉલ્લેખીને તેમને ઉતારી પાડવાનો પ્રયાસ થાય છે? આમાં તથ્ય કેટલું છે? આ નવી પેઢી ભારતથી અલગ પડી ગઈ છે, અને અહીંના પહેલી પેઢીના ભારતીયોના મધ્યપ્રવાહથી પણ છેટું અનુભવે છે. તેથી ભારતનો વસાહતી સમાજ પોતાની આત્મઓળખ શું છે, તે બાબત તેઓ શંકા અનુભવે છે. પોતાની વંશીય વ્યાખ્યા વિશે સમાજમાં જાણે સંઘર્ષ કરતો જણાય છે. એક યુવતી કહે છે : 'અમારાં માબાપ કરતાં અમારી આત્મઓળખ અમારા અમેરિકન અનુભવોને કારણે એટલી બધી સંકરરૂપની (હાઈબ્રિડિઝાઈડ) બની ગઈ છે કે અમારે અમારી જાતને કેવી રીતે ઓળખાવવી, અને તેથી પહેલાં તો કેવી છે, તે ઓળખવી તેની મૂંઝવણ અમને સતત સતાવતી રહે છે.' બીજી એક ક્રિયાશીલ મેડિકલ વિદ્યાર્થિની આ વાત સરસ રીતે મૂકે છે : 'અમે દક્ષિણ એશિયાનાં ધોરણોથી વધુ પડતાં અમેરિકનો છીએ. પણ એમરિકન સમાજનાં ધોરણોથી જોઈએ તો વધુ પડતાં દક્ષિણ એશિયનો (ભારતીયો)ગણાઈએ છીએ. અમે આ બંને વિશ્વોના ભાગરૂપ છીએ, છતાં તેમાંથી કોઈનાં નથી!'

એમ તો, પહેલી પેઢીના ભારતીયો ઘરમાં મુખ્યત્વે ભારતીય જીવનપ્રણાલી અપનાવે છે. કોઈ વાર મિત્રોને અપાતી પાર્ટીઓમાં ઇટાલિયન, મેક્સિન જેવી એકાદ વાનગી ભલે ઉમેરે કે પોતાના બાળકને ક્રીચમાં એના અલગ રૂમમાં પહેલેથી જ સુવાડવાનો આગ્રહ રાખતાં હોય તો પણ તત્ત્વતઃ ભારતીય રીતે જીવે છે. અને બહાર, ઑફિસ-સ્ટોર અને મિશ્રરૂપ મિલનોમાં પહેરવેશ, ભોજન અને ઉચ્ચાર - શિષ્ટાચારમાં પાશ્ચાત્ય વ્યવહાર અપનાવે છે. પણ આવી દેખીતી દ્વિમુખી વર્તનની શૈલી તેમનામાં આંતરિક સંઘર્ષ જન્માવતી નથી હોતી. ઈડલી, પિત્ઝા, રોટલી-બ્રેડ બધું સહજ રીતે તેમણે અપનાવ્યું છે. મસાલા-મેકડોનાલ્ડનું ડીનર/મેનૂમાં સહ-અસ્તિત્વ પણ સ્વીકારાયું છે.

પણ બીજી પેઢી મોન્ટેસરી અને સ્કૂલના તબક્કામાં ભારતીયો કરતાં ઇતર જાતિઓ અને વિશેષતયા ગોરા તરુણો સાથે ભણે છે, હળે છે. એકબીજાંને ઘેર જાય છે. તેવું જ તેમના પડોશના સહવાસની બાબતમાં સ્કૂલ-કોલેજનો અભ્યાસક્રમ, વિષયવસ્તુ, અમેરિકન અંગ્રેજીની ઉચ્ચારછટા - આ બધું તેમને અમેરિકન બનાવી મૂકે છે.

ઘરમાં માબાપ પોતાની (ગુજરાતી, તમિળ, હિન્દી, બંગાળી વગેરે) ભાષામાં વાત કરતાં હોય છે. જ્યાં વડીલો (દાદા-દાદી) હોય ત્યાં ભજન, ભારતીય મહાકાવ્યો ને પુરાણો પર આધારિત વાર્તાઓ, પૌત્ર-પૌત્રીને કહે છે. આમ માબાપ ને દાદા-દાદી દ્વારા વાર્તાઓ ને ભજનો, નવરાત્ર-દુર્ગાપૂજા, દિવાળી, ભારતીય ગીત-સંગીત-કલાના કાર્યક્રમો તેમને સુલભ બને છે. ને આ બધાં દ્વારા (તરુણ) પેઢીમાં ભારતીય સંસ્કૃતિનાં પ્રતીકો અને ખ્યાલો સંક્રાન્ત થાય છે. તો પણ સ્કૂલ, મિડીઆ, પશ્ચિમનાં નાચગાન, ખાણી-પીણી, બર્થ ડે, ક્રિસ્ટમસ, હેલોજન વગેરે દ્વારા નવી પેઢીને અમેરિકનાઈઝ્ડ કે એકરૂપ કરવાની (હોમોજિનાઈઝ) પ્રભાવશાળી પ્રક્રિયાને નજર-અંદાજ કરી શકાય તેમ નથી. જેમ કે, ન્યૂ યોર્ક, બોસ્ટન જેવા ઉદારવાદી વૈચારિક માહોલમાં ગે અને લેસ્બિયન એવા બીજી પેઢીના ભારતીયોની નોંધ લેવી જોઈએ. કેટલીક રીતે પુરુષકેન્દ્રી કે ભારતીય પરંપરાથી કુટુંબ ચલાવવાના વલણને ભારતીયત્વ ગણાવવાની પહેલી પેઢીનાં મોટા ભાગનાં માબાપો સામે બીજી પેઢી વિદ્રોહ નહી. તો, પડકાર કરે છે. તેમાં પોતાને 'અમેરિકન' તરીકે જ માને છે અને ઓળખાવે છે. આ મુદ્દે આત્યન્તિક ઘટના મીરા નાગરની ફિલ્મ 'મિસિસિપી મસાલા' દ્વારા નિરૂપાઈ છે. પિતા જયની અમેરિકામાં ઊછરેલી, ઓછું ભણેલી અને મોટેલમાં ટોઇલેટ સાફ કરતી શ્યામવર્ણી પુત્રી મીના આમ તો, મિસિસિપીના સમાજમાં એક છેડે છેવાડા પરનું સામાન્ય સ્થાન ધરાવે છે. પણ તે પોતાના ભારતીયપણા વિશે 'આત્મઓળખની કટોકટી' અનુભવે છે. તે એક સ્થાનીય પરણવાલાયક કુંવારા યુવકની પ્રાપ્તિમાં સફળ થવાની સ્થિતિ પર પહોંચે છે પણ એક મહિલા તેને ટકોરે છેઃ

'તું ક્યાંક શ્યામ હોઈ શકે અને પૈસાટકાવાળી હોય; કે પછી ઊજળા વાનની પણ પૈસાટકા વિનાની હોય તો ચાલશે. પણ હેરી પટેલને વર તરીકે પ્રાપ્ત કરવા માગતી હોય તો તું કાળી હોય ને વળી પૈસાટકા વિનાની પણ હોય તો આ વાત તું ભૂલી જજે.'

ને મીના પ્રત્યાઘાત સ્વરૂપે આફ્રિકન, અમેરિકન, ડેમિટ્રિયસ તરફ ઢળે છે. પોતાના આ કાળા પ્રેમીને તે કહે છે :

'હું... હું એક મિશ્રણ, મસાલા છું.'

ડેમિટ્રિયસ તેને આવકારતાં કહે છેઃ

'ભલે; ગરમ અને ચટાકેદાર, હુ?'

ને શ્રીનિવાસ કૃષ્ણની ફિલ્મ 'મસાલા'માં બીજી પેઢીનાં પાત્રો કૃષ્ણ વ્યસની અને રખડુ બની જાય છે. ઇન્ડિયન કેનેડિયન

તરીકે સફળ વેપારી એવા લલ્લુભાઈ સોલંકીનો પુત્ર અનિલ પોતાના પિતાના સૂચનને નકારતાં કહે છે : 'હું કાલ મેડિકલ સ્કૂલમાં જવાનો નથી. મારે તો વિમાન કેમ ઉડાડવું તે જાણવું છે, અમેરિકા, કેનેડામાં પહેલી પેઢીના ભારતીયો ભારતમાં ફૅશનેબલ કે અગ્રતા ધરાવતી એન્જિનીઅર કે ડૉકટરની લાઈન લેવાનો આગ્રહ રાખે છે, તેના પર આ કટાક્ષ છે.

થોડાં વર્ષો પહેલાં એક સફળ વ્યવસાયી દંપતી સાથે એમની કૉલેજમાં જતી બે પુત્રીઓ પણ મારી સાથે ચર્ચામાં જોડાય, તેવા મારા સૂચનને તેમણે માન આપ્યું. મેં કહ્યું: ભારતમાં મૅગેઝીન 'સ્પૅન'માં અહીંના ભારતીયો વિશે જે વિશ્લેષણ (મોટે ભાગે ૧૯૮૭ના એક અંકમાં)અપાયું છે, તે અનુસાર પહેલી પેઢીના ભારતીયો સારા વ્યવસાયમાં વધારે હતા. જ્યારે તેમનાં બાળકોની ટકાવારી ડૉકટર-ઇજનરે જેવા પ્રતિષ્ઠિત વ્યવસાયમાં ઘટી ગઈ છે. આનું કારણ કદાચ એ હોઈ શકે કે, 'તમે ભારતમાં મધ્યમવર્ગના છોકરાઓ માટે સહજ એવા મહેનત અને આગળ આવવાની પ્રેરણાથી પુરુષાર્થ કર્યો છે. જ્યારે નવી પેઢીને સુખસગવડો અહીં સુલભ હોવાથી પુરુષાર્થ કરીને આગળ આવવાની વૃત્તિ બુઠ્ઠી થઈ હશે.'

ત્યારે તેમની બંને પુત્રીઓએ લગભગ એકસાથે, વિવેકપૂર્વક છતાં થોડી તીવ્રતા વર્તાય તેવા સૂરે કહ્યું : 'ભારતમાં ડૉકટર ઇજનેર જેવા વ્યવસાયને જે મહત્ત્વ અપાય છે, અને તેથી એ લાઈનમાં જઈ શકનારા જ તેજસ્વી ગણાય છે, તેવા માપદંડ સાથે અમે સંમત થતા નથી. અહીં શિક્ષણમાં અમે સારા ગ્રેડ મેળવ્યા છતાં સ્વેચ્છાએ આર્કિટેકચર, ડિઝાઇન, બાયોસાયન્સ જેવી લાઈન પસંદ કરીએ છીએ. કોઈનાં માબાપનો જુદો આગ્રહ હોય તો તેમાં અમે શું કરીએ ?'

હાઈ સ્કૂલ ગ્રેડ્યુએશન પછી ઘણાં યુવકયુવતીઓની માની ઇચ્છા પોતાના જ શહેરમાં આવેલી કૉલેજમાં તેઓ ભણે તેવી હોય છે. પણ પુત્રીઓ દૂરના સ્થળે આવેલી યુનિવર્સિટી અને ડૉર્મ(હૉસ્ટેલ)માં રહીને સ્વતંત્ર રાહે રહેવાનું પસંદ કરે છે. તો પણ એકંદરે યુવાનો ડિગ્રી મેળવ્યા પછી, કે પુખ્ય થાય પછી ભારતીય વર્તુળો પર પાછા ફરતા હોય તેવા કિસ્સાઓ ઓછા નથી. ન્યૂ યૉર્કનો આનંદ લાલાજી હાઈ સ્કૂલ-કૉલેજના દિવસો દરમિયાન ગોરા સહાધ્યાયીઓ સાથે વધુ મળતો હતો. પણ પછી પોતાની ફોઈના એક દીકરાના લગ્નમાં હાજરી આપવા તે આટલાન્ટા જાય છે, ત્યારે ત્યાં વસેલા પોતાના એક વખતના સહાધ્યાયીઓમાંથી ગોરાને બદલે ભારતીય મિત્રો સાથે વધુ સમય ગાળે છે, વધુ ભારતીય મિત્રોને ખોળીને તેમને મળે છે. સંપન્ન કુટુંબનો રાજ મહેતા ગોરા, રીપબ્લિકન ગણાતા રૂઢિવાદી પડોશ વિસ્તારમાં ઊછર્યો છે. ગોરા સમવયસ્કો સાથે તરુણકાળ ગાળ્યો છે. પણ હાઈ સ્કૂલ પછી, તેણે પોતાની માતાની સમજાવટ વિના જ ભારતીય વ્યવહારો વધારે અપનાવ્યા છે. એક વખત ગોરા મિત્રો સાથે ગૉસ્પેલ ગાવામાં રસ લેતા રાજે હવે પાશ્ચાત્ય સંગીતમાં 'ક્લાસિકલ'ને પસંદ કરે છે, એના જન્મથી અહીં તેનાં દાદીની તેને સારી માયા છે. 'વૉકર'થી જ ચાલતાં ૮૭ વર્ષનાં દાદીને એમની ભત્રીજીને મળવાનું મન થાય છે ત્યારે ન્યૂ યૉર્કથી આટલાન્ટા વિમાનમાં લઈ આવે છે. પોતે બહાર હોય ને દાદીને ગમતા સ્કેટિંગની હરીફાઈ કરવા કાર્યક્રમ ટીવી પર જુએ તો ૧૨૦૦ માઈલ દૂરથી દાદીને ફોન કરી, ટીવી તરત સ્વીચ ઑન કરવા કહે છે!

બંને બુદ્ધિશાળી યુવાનોએ નજીકથી બંને પ્રકારનાં વિશ્વોની હવા શ્વાસમાં ભરી છે. બંનેને ભારતીય અને અમેરિકન, એ બંને વિકલ્પો સુલભ હતા. આવા પરિવર્તનને કેવી રીતે સમજાવી શકાય, તે મુદ્દાનો જ્યૉર્જિયાના ઓકોની ક્લાર્ક કાઉન્ટીમાં ભારતીય સાંસ્કૃતિક કાર્યક્રમોની નિર્વ્યાજ ભાવે વ્યવસ્થા કરનાર અને લોકપ્રિય ડૉકટરને નાતે ભારતીય ડાએસ્પરાની ઘટનાનો વ્યાપક અનુભવ ધરાવનાર ડૉ. કૌશિક શાહ સમજાવે છે :

એક તો, આવા ભારતીય તરુણો-કુમારો પોતાને ત્યાં બહુ હળેભળે, તે ગોરાં માબાપો આવકારતાં નથી. મોટા થયે ભારતીય યુવકોને ખ્યાલ આવે છે કે તેમને ગોરાઓ સાચી રીતે સ્વીકારી લેતા નથી. બીજું, ભારતીય બાળકોનાં માબાપ વચ્ચે વધુ સારી 'વેવલેન્થ' (એકમેકના વ્યવહાર અને મર્યાદા વિશે આપસી સમજ) હોય છે. આથી કોઈ વાર એવો અનુભવ થાય છે કે ગોરા પડોશ અને હાઈ સ્કૂલના સામાજિક પર્યાવરણમાં ઊછરેલા હોવા છતાં બીજી પેઢીના ભારતીય યુવકો પોતાના માળામાં જાણે પાછા ફરતા હોય છે. ગોરાઓ સાથે ભણવા કે વ્યાપાર જેવા સંબંધો રહે છે જ; પણ બીજા સંબંધો પરિસ્થિતિજન્ય અને સંક્રમણાત્મક સ્વરૂપના રહેવાના, એવો વણકથ્યો વિચારતંતુ બીજી પેઢીમાં સતત વણાતો રહે છે. જો પહેલી પેઢીનાં માબાપો, વડીલો, સંતો, ધર્મસ્થાનો બરાબર સમજીને, અહીંની વાસ્તવિકતાને સ્વીકારીને, મધ્યપ્રવાહની અનિવાર્ય એવી સાંસ્કૃતિક એવી અસરને સમજીને ભારતીય પરંપરાઓને મઠારી શકે તો બીજી પેઢીનું પોતાની સાથે મહત્તમ કહી શકાય તેવું બૌદ્ધિક વેવલેન્થ અને સમીકરણ ઊભું કરી શકશે. અલબત્ત, અહીંના ભારતીય સમાજને નવા સંદર્ભ અને સંસ્કૃતિઓનું વૈવિધ્ય ધરાવતા રાષ્ટ્રમાં નવું રૂપ, થોડું નવું તત્ત્વ અને નવી શૈલીમાં કંડારવા (સોશ્યલ એન્જિનીઅરિંગ)ના સંકલિત કાર્યક્રમો વિચારીને તેનો અમલ કરવા માટે ધંધો, કારકિર્દી કે આનંદ માણવાના ફાસ્ટ ફોરવર્ડ મોડ પર જીવન વીતાવતા ભારતીયો પાસે આ બધું કરવા માટે મોકળાશ છે ખરી? દરમિયાન, બીજી પેઢી તો પોતાની રીતે પોતાની નવી આત્મઓળખ ઊભી કરવાને માર્ગે ઝડપથી આગળ વધતી જાય છે. □

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

ચંદ્ર ઉપર યુનિવર્સિટી

તા. ૨૦-૩-૮૮. ૧૮ દિવસની રાજકોટ યુનિવર્સિટીની મારી વિઝિટ પૂરી કરી ઘેર આવી ગયો છું. રાજકોટની કેટલીક ખાસિયતો છે. ૧૯૬૪-૬૫માં અમે પહેલવહેલાં અમેરિકા ગયાં પછી પાછાં આવીને સ્વજનોને મળવા રાજકોટ ગયાં હતાં. ત્યાં વાતમાંથી અમેરિકાની વાત નીકળતાં અમારા એક વડીલ બોલી ઊઠેલા: 'તઈ તો તમારું અમેરિકા અમારા રાજકોટ જેવું.' રાજકોટ ૧૮ દિવસ રહ્યો ત્યારે ખબર પડી કે, 'ના ભઈ, તમારું રાજકોટ તો અમારા અમેરિકાથી પણ ચઢે,' એક-બે દાખલા આપું:

ગણિત વિભાગમાં બે પટાવાળા. છતાં અઠવાડીઆના ૩-૪ દિવસ તો બધું કામ શિક્ષકોએ જાતે જ કરવાનું થાય. અમેરિકામાં પણ આવું કામ શિક્ષકો જાતે જ કરે ને? વાત એમ છે કે રાજકર્તા પક્ષના એક સ્થાનિક નેતાને સરકારે પ્રો વાઈસ ચાન્સેલર તરીકે નીમ્યો છે. હવે યુનિવર્સિટીમાં તેને બીજી તો કાંઈ સૂઝ પડે નહિ, એટલે તેને પટાવાળાની નિમણૂક કરવાનું સોંપ્યું છે અને તે તો હજાર રૂપીઆ દક્ષિણા આપે તેને પટાવાળા તરીકે નીમે છે. જ્યાં ૨૫ પટાવાળા જોઈએ ત્યાં ૫૦ નિમાય છે. પણ આ દક્ષિણા આપીને થયેલા પટાવાળા પગારના દિવસ સિવાય બહુ ઓછા દિવસ હાજર રહે એમાં શી નવાઈ? બોલો, અમારું રાજકોટ તો તમારા અમેરિકાથી પણ ચઢે ને!

યુનિવર્સિટીનું કેમ્પસ શહેરથી ઘણે દૂર. ૧૯૭૦-૭૧માં જ્યારે કેમ્પસની શરૂઆત થઈ ત્યારે યુનિવર્સિટી ઑફિસનું એક જ મકાન બાકી બધે વેરાન ખડકો, ખીણો, ઝાડ-ઝાંખરાં પણ ન મળે. તે વખતે એક મીટિંગ માટે અમે ગયેલા ત્યારે કેમ્પસ જોઈને પ્રોફેસર મહાવીર વસાવડાએ કહેલું: 'આ તો જાણે આપણે ચંદ્ર ઉપર આવી ચઢ્યા હોઈએ એવું લાગે છે!'

અમેરિકાએ તો માત્ર બે માણસોને ચંદ્ર ઉપર મોકલ્યા પણ અમારા રાજકોટે તો જાણે ચંદ્ર ઉપર આખી યુનિવર્સિટી ઊભી કરી! બોલો, અમારું રાજકોટ તમારા અમેરિકાથી ચઢે કે નહિ?

પછી તો અન્ય મકાનો થયાં. ઝાડ-પાન થયાં. લીલોતરી થઈ, પણ ૧૯૮૮માં હું ત્યાં ગયો ત્યારે સતત ત્રણ વર્ષના દુકાળને કારણે ફરી પાછી University on the Moon. જેવી સ્થિતિ થઈ ગઈ હતી. એટલે મેં આ 'ચંદ્ર'ના ખડકો અને ખીણોની મુલાકાત લેવાનું નક્કી કર્યું અને આ કામ પ્રમાણમાં સરળ હતું. અગાશીમાં ઊભા ઊભા કોઈ દૂર ટેકરી પર દેરું દેખાય એટલે નીચે ઊતરીને નાકની ડાંડીએ દેરી તરફ ચાલવા માંડો. કોઈ કેડીની કે રસ્તાની જરૂર નહિ. અને વચ્ચે કોઈ તારની વાડ, થોરની વાડ, ઝાડ કે ઝાંખરાં કાંઈ ન આવે. સીધે સીધા હેંડ્યા જાઓ. ચંદ્ર ઉપરની સફર જેવી આવી સફરની વિગત હવે પછી.

તા. ૨૭-૩-૮૮. હા, તો રાજકોટે તો ચંદ્ર ઉપર આખી યુનિવર્સિટી ઊભી કરી છે, અને તે ચંદ્રની સપાટી ઉપર રોજ સવારે એક કલાક અને સાંજે એક કલાક ઘૂમવાનો લ્હાવો ૧૨ દિવસ મળ્યો. રોજ જુદી જુદી દિશામાં નાકની ડાંડીએ સીધા અને સીધા ચાલતા જવું. વચ્ચે ખાડા આવે, ટેકરા આવે પણ દિશા બદલ્યા વગર ચાલતા રહેવું. અડધો કલાક ચાલ્યા પછી. ઘૂમ જાવ કરીને પાછા અડધો કલાક ચાલો એટલે ગેસ્ટ હાઉસ પહોંચી જાવ.

આમ જતાં એક દિવસ કૌતુક જોયું. વચ્ચે આવતી એક ઊંચી ટેકરીને મથાળે પહોંચ્યો તો પેલે પાર સપાટ જમીન પર લગભગ અડધા એકર જેટલા ક્ષેત્રમાં વાયરનું જાળું પાંચ-છ ફૂટ ઊંચા થાંભલા ઉપર બિછાવેલું હતું. નજીક જતાં ખબર પડી કે અમદાવાદની પી.આર.એલ. (PRL) અને અહીંના ફિઝિક્સ વિભાગનો એક સંયુક્ત પ્રોજેક્ટ Inter Planetary Scintillations માપવા વિષે છે અને તેનો આ પ્રયોગ ગોઠવાયો છે. ગ્રહોનું તેજ સ્થિર છે પણ તારા ટમટમે છે - ચમકે છે. આ પ્રકારના ચમકવાને અંગ્રેજીમાં twinkle કહે છે. આ ચમકવાની (twinklingની) ક્રિયાનું શાસ્ત્રીય નામ scintillations છે. તારાઓના ચમકવાનું કારણ આપણા વાતાવરણમાં રહેલાં ધૂળના રજકણો છે. તેથી તારાના ચમકારને વાતાવરણીય ચમકાટ (atmospheric scintillation) કહે છે.

હવે સૂર્યમાંથી વીજાણુઓના ધોધ વહે છે જેને સૌર પવનો (solar winds) કહે છે. આપણું વાતાવરણ તો પૃથ્વીથી થોડાક કિલોમીટર સુધી જ છે પણ આ સૌર પવનો તો ગ્રહો વચ્ચેના અવકાશમાં પણ ફરી વળે છે. તો પછી જેમ પૃથ્વી આસપાસના વાતાવરણને કારણે તારાનું તેજ ટમટમાટ અનુભવે છે તેમ ગ્રહો વચ્ચેના અવકાશમાં વહેતા સૌર પવનોથી પણ તારાના તેજમાં ટમટમાટ ઊભો થતો હશે. આ ટમટમાટને ઈન્ટર પ્લેનેટરી સીન્ટિલેશન (Inter Planetary Scintillation) કહેવાય. અને તે માપવાનો પ્રયોગ આમ તો પૃથ્વીના વાતાવરણથી દૂર ચંદ્ર ઉપર જ ગોઠવવો જોઈએને? પણ ચંદ્ર ઉપર ન જઈ શકાય તો તેના જેવાં જ સ્થળ પર ગોઠવી શકાય. એટલે જ તો આ પ્રયોગ રાજકોટની યુનિવર્સિટીની ભૂમિ પર ગોઠવાયો છે.

પંખીના કલરવ અને બાળકોના કિલકિલાટ

તા. ૨૭-૫-૮૮. એક મહિનો થયો - અમે દીકરીને ઘેર અમેરિકા આવ્યાં છીએ. જૂન, જુલાઈ, ઑગસ્ટ અહીં ઉનાળો

હોય છે. અત્યારે વસંત ચાલે છે. આજકાલ હ્યુસ્ટનમાં વધુમાં વધુ તાપમાન ૮૬° F એટલે ૩૦° સેલ્સિયસ જેટલું થાય છે. અને ઓછામાં ઓછું ૧૯° સેલ્સિયસ જેટલું થાય છે. હ્યુસ્ટન દરીઆકાંઠે છે એટલે બહાર આખો દિવસ ફરફરાટ પવન આવતો રહે છે. ઘરમાં એરકન્ડિશનમાં બેસવાને બદલે હું તો આખો દિવસ પોર્ચમાં આરામ ખુરશીમાં બેસીને કામ કરું છું.

એક દિવસ ચા પીતાં પીતાં અમારે વાત થઈ કે અહીં આટલી બધી લીલોતરી છે છતાં પંખી કેમ દેખાતાં નથી. અમને અહીં આવે મહિને થયો પણ આખા મહિનામાં એક જ વાર બેચાર પંખી ઘરના પાછળના બગીચામાં દેખાયાં! મનમાં થયું કે દીકરીનું ઘર જે કોલોનીમાં છે તે કોલોની નવી જ છે એટલે આસપાસ વાવેલાં ઝાડ મોટાં થયાં નથી તેથી પંખી કયાં માળા બાંધે? પણ બે-ચાર દિવસ પછી હ્યુસ્ટન ટી.વી. ઉપરના એક કાર્યક્રમમાં આ જ વાત સાંભળી: 'વસન્ત ઋતુ ચાલે છે પણ ક્યાંય પંખીઓના કલરવ સંભાળાય છે?' ઝાડપાન ઓછાં એટલે પંખી ઓછાં પણ તે સાથે અહીં પંખીનો શિકાર (ખાવા માટે) પણ ઘણો થાય છે. ટી.વી.ના કાર્યક્રમમાં તો એટલી હદે ચેતવણી આપે છે કે, 'હવે જો નહિ ચેતો તો આજે તો પંખીઓના કલરવ નથી સાંભળવા મળતા પણ આગળ ઉપર તો બાળકોના કિલકિલાટ પણ નહિ સાંભળવા મળે!'

બાળકોની વાત નીકળી છે ત્યારે અહીંની (ખાસ કરીને ટેકસાસની) એક ખાસ વાત ધ્યાન ખેંચે છે. અહીં મા-બાપ દ્વારા બાળકો ઉપર ત્રાસ ગુજારવાના ઘણા કિસ્સા બને છે. એટલે અહીં 'બાળ-ત્રાસ'(child abuse) નો ખાસ કાયદો છે. ગઈ કાલે જ છાપાંમાં એક કેસ આવ્યો છે. એક માતાએ તેના બે પુત્રોને (એક દોઢ વરસનો, એક છ માસનો) ઘરમાં ખોરાક-પાણી વગર ગોંધી રાખ્યા! તેનો વર બહારગામથી આવ્યો ત્યારે તેણે આ જોયું. બાળકોને દવાખાને મોકલ્યાં. પોલીસે માતાની ધરપકડ કરી. કેસ ચાલ્યો. માએ ગુન્હો કબૂલ કર્યો. ન્યાયાધીશે સજા ફટકારી કે, માતાએ બાકીની જિન્દગી સંતતિ-નિયમન કરવું અને દર અઠવાડીએ, આખી જિંદગી સુધી, પોલીસ સ્ટેશને હાજરી પુરાવી જવી! માતાની ઉંમર ૧૮ વર્ષની છે અને તેને ત્રીજું બાળક આવવાનું છે.

એક બીજા કિસ્સામાં ૮ વર્ષના એક બાળકને ચાર વર્ષથી બાથરૂમમાં પૂરી રાખ્યો હતો. ઘરમાં મા-બાપ અને બીજાં ચાર ભાઈભાંડુ હતાં, જેમાં બે પેલા બાળકથી મોટાં અને બે નાનાં. આજથી પંદરેક દિવસ ઉપર તે બાળક બાથરૂમની બારી ઉઘાડી બહાર ભાગી ગયો અને નજીકના પેટ્રોલ પંપવાળાએ તેને પોલીસ ચોકીએ મોકલ્યો. ૮ વર્ષનો બાળક ચાર-પાંચ વરસનો હોય તેવો લાગે છે! મા-બાપની ધરપકડ કરી છે અને પચાસ હજાર ડૉલરના જામીન ઉપર છોડ્યાં છે!

'આજે તો પંખીના કલરવ સાંભળવા નથી મળતા પણ આગળ ઉપર તો બાળકોના કિલકિલાટ પણ સાંભળવા નહિ મળે.' કેવી સચોટ આગમચેતી! □

પ્રસંગપરાગ

કળાની કદર

વિનોદ અધ્વર્યુ

રાષ્ટ્રિય ચળવળના જમાનામાં પણ લોકચાહના મેળવનાર મહારાજા સાયાજીરાવ વિષે ઘણા ટુચકા મળે છે. પણ અત્રે પ્રસ્તુત વાત કલાકારના સ્વમુખે સાંભળેલી છે.

મહારાજા યુરોપ જાય ત્યારે ત્યાંથી કળાકૃતિઓ ખરીદતા આવે - મહેલ માટે ને મ્યુઝિઅમ માટે. એક વાર તે મહેલની છત માટે એક ચિત્ર લાવ્યા. તે વખતે સમુદ્ર-સફર સ્ટીમરમાં થતી. દિવસ પણ ઘણા જતા. આ સફર દરમ્યાન એ ચિત્રને ભેજ લાગ્યો હશે એટલે કેનવાસનું ગૂંચળું ઉકેલતાં અમુક જગાએથી રંગ ઊપટી ગયો! સરસ અને કિંમતી કળાકૃતિ જોખમાઈ. શ્રીમંત સરકારે કળાકારોને નોતર્યા - 'આ ચિત્ર દુરસ્ત કરી આપો પણ દુરસ્તીનો ડાઘ ન દેખાય તે રીતે ' યુરોપીય (બનતાં સુધી ઈટાલિયન) કળાકારની એ સુંદર કળાકૃતિને અડકવાની કોઈની હિંમત ન ચાલી. વધુ બગડે તો? રાજકોપનું જોખમ કોણ લે?

છેવટે વડોદરાના જ એક યુવાન કળાકારે હિંમત ભીડી. ચિત્ર દુરસ્ત કરી આપ્યું. મહારાજાએ યોગ્ય મહેનતાણું આપ્યું: ને ચિત્ર મહેલના એક ઓરડાની છત પર લગાવડાવ્યું.

કેટલેક વખતે મુંબઈથી કલાશાળાના અંગ્રેજ અધ્યક્ષ મુલાકાતે આવ્યા. તેમને મહારાજાએ પેલું ચિત્ર બતાવ્યું. મહેમાને જોયું વર્તુળાકારમાં ગોઠવેલી ઊડતી પરીઓ અને અન્ય સુશોભનોનું બહુધા સફેદ રંગનું સુંદર ચિત્ર. તેમણે પ્રશંસા કરી એટલે મહારાજાએ પૂછ્યું, 'આ નુકસાન પામીને દુરસ્ત થયેલું લાગે છે?' મહેમાન તો તજ્જ્ઞ કલાવિદ્. તેમણે ફરીથી જોઈને કહ્યું: 'ના, જી.' 'હવે હું કહું છું કે એ દુરસ્ત કરાયેલું છે. કઈ જગાએ તે બતાવી શકશો?' મહેમાને ફરીથી ઝીણવટથી નિહાળ્યું ને છેવટે કહ્યું. 'ના, જી, ક્યાંય દુરસ્તી થયેલી દેખાતી નથી.' મહારાજ પ્રસન્ન. તેમણે જ નુકસાનીની જગાઓ ચીંધી બતાવી, ઓળખાતી ન હતી! તરત જ પેલા કલાકારને બોલાવ્યા, મહેમાન સાથે મુલાકાત કરાવી અને કલાકારને વિશેષ ઈનામ આપ્યું.

મારી સ્મૃતિ મુજબ, એ કલાકારનું નામ શ્રી તવકર હતું અને આ વાત તેમણે ડાકોરમાં મારા પપ્પા શ્રી હરિહરભાઈ ભટ્ટને ત્યાં કહેલી.

આવા કદરદાન કલાશોખીન મહાનુભાવો હોય તો કલા અને કલાકાર પ્રેરાય-પોષાય. આજે અબજોનાં આંધણ કરતાં ઉદ્યોગગૃહો ને કરોડોપતિ ધનિકો તો ઘણા છે પણ જૂજ ઉદાહરણો સિવાય કલાપ્રેમી અને કલાને ઉત્તેજન આપનાર કેટલા?

- તો કલાની વેલ કયા સહકારને આધારે પાંગરે? □

ઇતિહાસધારા

અશોક હર્ષ

ગુજરાતનો સુલતાન બહાદુરશાહ જેટલો ધીર અને વીર એટલો જ મહત્ત્વાકાંક્ષી હતો. તેની હયાતીમાં તેને અનેક ષડ્યંત્રોનો ભોગ બનવું પડ્યું હતું: એવો એક પ્રસંગ. મેવાડના રાણા સાંગાએ તેને આશ્રય આપતાં તે રાણાનો મિત્ર બની રહેલો. સાંગાના પુત્ર રત્નસિંહની તેના સાવકા ભાઈએ હત્યા કરતાં બહાદુરશાહે ચિત્તોડ પર આક્રમણ કરવાનું નક્કી કર્યું

બહાદુરશાહે ગુજરાતમાં પોતાનું આસન સ્થિર બનાવ્યા પછી તેની નજર દિલ્હીના તખ્ત પર મંડાયેલી, અને રાણા રત્નસિંહ સાથે મળી દિલ્હી પર ચડાઈ કરવાનું નક્કી કરેલું. મુગલ હુમાયૂંને આની જાણ થતાં તેણે બહાદુરશાહનો કાંટો કાઢી નાખવાનું નક્કી કર્યું હતું. પરંતુ તે પહેલાં તો બહાદુર શાહે રાણા રત્નસિંહના સરદારોનો સાથ લઈ ચિતોડ જીતી લીધું. મેવાડની રાજમાતા કર્ણાવતીને હુમાયૂંએ પોતાની ધર્મની બહેન માનેલી હોઈને બહાદુરશાહ સામે તેની મદદ માગેલી પરંતુ તેનું સૈન્ય આવી પહોંચતાં પહેલાં તો બહાદુરશાહે ચિત્તોડ હાથ કરી લીધેલું. પરંતુ હુમાયૂં તેને છોડે તેમ ન હતું. મુગલ સેના સામે બહાદુરશાહ ચિત્તોડથી નાસી માંડુ પહોંચતાં હુમાયૂં ત્યાં પહોંચ્યો અને ત્યાંથી બહાદુરશાહનો પીછો કરતો છેક ગુજરાત સુધી પહોંચી ખંભાત જીતી લીધું.

આ વિકટ પરિસ્થિતિમાં નાસભાગ કરતા રહેલા સુલતાન બહાદુરશાહે છેવટે દીવના પોર્ટુગીઝ સંસ્થાનમાં આશ્રય લીધો. બહાદુરશાહને આધુનિક શસ્ત્રાસ્ત્રો પોર્ટુગીઝોએ પૂરાં પાડીને દીવમાં બધી વ્યાપારી સગવડો તેની પાસેથી મેળવેલી. દીવમાં રહી માત્ર વ્યાપારની જ છૂટ તેમને હતી, એ ટાપુ પર તેમનો કબજો નહોતો. આ કબજો મેળવવા દીવના પોર્ટુગીઝ વડા નૂનો ડ કુન્હોએ જાળ બિછાવવી શરૂ કરી ને બહાદુરશાહને મેરી નામની એક માદક સૌન્દર્યવતી તરુણી ભેટ આપેલી, એમ જણાવીને કે તે એક અનાથ અંગ્રેજ બાળા હતી. હકીકતમાં તો એ અંગ્રેજ નહીં પણ પૂરેપૂરી પોર્ટુગીઝ હતી. બહાદુરશાહની બેગમ બનેલી મેરી કટ્ટર સામ્રાજ્યવાદી. તે એક ક્ષણ માટે પણ એ ભૂલી નહોતી કે પોતાનું જીવનકાર્ય ભારતમાં પોર્ટુગીઝ સત્તા સ્થાપવાનું હતું. રાત-દિવસ પોતાના ખાવિંદની સેવામાં રહી તેના પર પોતાની વફાદારીની એવી છાપ ઊભી કરી કે બહાદુરશાહ પોર્ટુગીઝોને વધુ ને વધુ સગવડો આપતો ગયો. બહાદુરશાહના વશીકરણ પછી એક દિવસ એણે સ્ત્રીચારિત્ર્ય આદર્યું અને આંખમાં ઝળઝળિયાં આણતી બોલી, 'હું ગુજરાતની સામ્રાજ્ઞી બનવા છતાં મારા દેશભાઈઓને વેપારમાં ખમવી પડતી ખોટ મારાથી જોઈ શકાતી નથી. એમને મુક્ત વેપારની છૂટ આપવામાં નહિ આવે તો મારે અહીં પ્રાણત્યાગ કરવો પડશે.'

બહાદુરશાહ કોઈ પણ રીતે મેરીને નાખુશ કરવા ન હતો માગતો. પોર્ટુગીઝોને એણે બક્ષેલી કરમુક્તિને લઈને ભારતીય સહિત અન્ય પ્રજાઓના વેપારને ભારે ફટકો પડવા માંડ્યો. દીવ પછી મેરીએ દમણમાં પણ પોતાના જાતભાઈઓનું આવી પરવાનગી અપાવતાં પોર્ટુગીઝની નવી નવી કોઠીઓ ઊભી થતી ગઈ. સાથોસાથ વ્યાપાર કક્ષાના બહાને તેમની

ધ્યાનકથા

સૂરતિ ક્રમ સ્મૃતિ

બહાદુરભાઈ જ. વાંક

આશ્રમમાં સવારના ગુરુ બજુવા વ્યાખ્યાન આપી રહ્યા હતા, ને બધા શિષ્યો તેમને એક ચિત્તે સાંભળી રહ્યા હતા.

વ્યાખ્યાનની અધવચ્ચે બજુવાએ અચાનક એક શિષ્યને ઊભો કરી પૂછ્યું: 'તું મારું વ્યાખ્યાન ધ્યાનથી સાંભળે છે?'

'હા... હા... ધ્યાનપૂર્વક જ સાંભળું છું...' શિષ્યે કહ્યું.

'તો કહે તેં શું સાંભર્યું ?' ગુરુએ પ્રશ્ન કર્યો. ને શિષ્ય ગુરુ જે કાંઈ બોલ્યા હતા તે લગભગ અક્ષરશઃ બોલી ગયો.

બજુવા બોલ્યા : 'તેં વ્યાખ્યાન જરૂર સાંભળ્યું છે, પણ અધૂરું જ સાંભળ્યું છે.'

'અધૂરું કેવી રીતે? મેં તો પૂરેપૂરું જ સાંભળ્યું છે.'

'જે કંઈ અધૂરું સાંભળવામાં આવે છે એ જ સ્મૃતિમાં શેષ રહી જાય છે. પૂરેપૂરું સાંભળેલું જ હમેશાં લોહીમાં ઓગળી જતું હોય છે. ને જે જ્ઞાન લોકોમાં ઓગળી જાય છે, તે આપણી સ્મૃતિ નહીં, પણ સુરતિ બની જતું હોય છે.' બજુવાએ થોડી સ્પષ્ટતા કરી.

ફરી શિષ્યે પૂછ્યું: 'આવી સ્મૃતિ અને સુરતિ વચ્ચેનો ભેદ કઈ રીતે પાડો છો?'

'સ્મૃતિ એ ચેતનાની લગભગ મૂર્છાવસ્થા છે, જ્યારે સુરતિ એ ચેતનાની જાગરણ અવસ્થા છે.' ગુરુ બજુવાએ કહ્યું.

'તો બંને અવસ્થા એકસાથે શું સંભવી ન શકે?'

'ના, સ્મૃતિની નિઃશેષતા એ જ તો છે જાગરણનું સૂરતિનું પ્રથમ ચરણ.' ગુરુએ કહ્યું.

'પછી આ જાગરણનું - સૂરતિનું સાતત્ય કઈ રીતે જાળવી શકાય?' શિષ્યે પૂછ્યું.

'સાતત્ય એ સમયની અંદરની પ્રક્રિયા છે, જ્યારે સુરતિ એ સમયની બહારની ચેતનાની અવસ્થા છે.'

'પણ સમયમાં રહીને સુરતિ નિમિત્તે સમયનો કેવી રીતે છેદ ઉડાડી શકાય?' શિષ્યે પૂછ્યું

ને હવે હસતાં હસતાં ગુરુ ઉવાચ : 'માત્ર સાંભળીને!!'

સૈન્યસંખ્યા અને શસ્ત્રસરંજામ પણ વધતાં ગયાં.

પોતે પોર્ટુગીઝોના હાથમાં ફસાયો હોવાની જાણ થતાં તેણે પોતાની સત્તા પુનઃ સ્થાપવા પ્રયાસ કર્યો, પણ ત્યારે તેને સાથ આપવા કોઈ તૈયાર નહોતું. તેના સરદારો હુમાયૂં સાથે ભળી ગયા હતા. પોર્ટુગીઝો જાણતા હતા કે હુમાયૂં કોઈ પણ ભોગે બહાદુરશાહને ખલાસ કરવા માગતો હતો, અને જો તેમ થાય તો પોર્ટુગીઝો હુમાયૂંની પ્રીતિ સંપાદન કરી શકે. આ ષડ્યંત્ર મેરી સિવાય કોણ પાર પાડી શકે?

પોર્ટુગીઝ વડા નૂનોએ બહાદુરશાહ અને મેરીને પોતાને મળવા બોલાવી તેમનું ભારે સન્માન કર્યું : બીજું મેરીને એકાંતમાં બોલાવી કહી દીધું કે, તેણે બહાદુરશાહ સાથે પાછી ન ફરતાં નૂનો પાસે જ રોકાઈ રહેવું. કારણ એ રાત બહાદુરશાહના જીવનની આખરી રાત બનવાની હતી.

અને એ રીતે જ બહાદુરશાહનું તેના અંગરક્ષકો સહિત પોર્ટુગીઝોએ કાટલું કાઢી નાખ્યું.

ભારત પરની અંગ્રેજ હકૂમતનો અંત આણવા ઈ. ૧૮૫૭માં જે સ્વાતંત્ર્ય વિપ્લવ ફૂટી નીકળેલો તેના વિપ્લવવીરોને દેશના રાજામહારાજાઓનો ભલે જોઈતો સાથ ન મળ્યો હોય, પણ ભારતની પ્રજાનો તો પૂરેપૂરો સાથ હતો. પણ દેશી રાજ્યો અને અંગ્રેજી વર્ગ આ વિપ્લવથી અલિપ્ત રહેલો, જ્યારે સામ્રાજ્યવાદ-વિરોધી એવા ખુદ કેટલાક અંગ્રેજોએ ભારતના આ સ્વાતંત્ર્ય વિપ્લવને બિરદાવેલો. ભારતના આવા અંગ્રેજ હમદર્દોમાંનો એક હતો એ સમયનો જાણીતો ચાર્ટિસ્ટ નેતા અર્નેસ્ટ જોન્સ, જે એક ચુનંદો કલમબાજ હોવા ઉપરાંત કવિ તરીકે પણ જાણીતો હતો.

બ્રિટિશ શ્રમજીવી વર્ગનો આ નેતા માનવીનાં માનવી દ્વારા થતાં તમામ પ્રકારનાં શોષણનો વિરોધી હતો. ખુદ કાર્લ માર્ક્સે તેને બ્રિટિશ કામદારોના એક અપ્રતિમ નેતા તરીકે ઓળખાવેલો. પોતાના 'પીપલ્સ પેપર'નામના અખબારમાં ભારતના સ્વાતંત્ર્ય વિપ્લવ દબાવી દેવાની અંગ્રેજોની શાહીવાદી નીતિ સામે તેણે સતત પ્રહારો કરેલા. શાહીવાદના વિરોધીઓએ ઈ. ૧૮૪૭માં પોતે સ્થાપેલા 'લેબરર' પત્રમાં પણ શાહીવાદી નીતિરીતિ સામે પુણ્યપ્રકોપ ઠાલવવા માંડેલો, અને ઈ. ૧૮૪૮-૪૯ના શીખવિગ્રહને અંતે અંગ્રેજોએ પચાવી પાડેલા પંજાબ પર તેણે શીખોનો પક્ષ લઈને 'લેબરર'નાં પાનાંનાં પાનાં ભરેલાં.

ભારત પ્રત્યેની જોન્સની સહાનુભૂતિના સીમાચિહ્ન સમું તેનુ કાવ્ય 'ધ રીવોલ્ટ ઑફ હિન્દુસ્તાન' એ જમાનામાં ભારે ખ્યાત નીવડેલું, જે તેને સાંપડેલા કારાવાસ દરમિયાનનું તેનું સર્જન હતું. આ કારાવાસનું કારણ હતું તેણેઅંગ્રેજ શાહીવાદીઓ વિરુદ્ધ શીખોનો લીધેલો પક્ષ. બે વરસથીયે વધુ સમયની એ એકાન્ત કેદમાં તેને લખવા-વાંચવાની જ નહિ પરંતુ કોઈની સાથે વાત સુધ્ધાં કરવાની મનાઈ હતી.

જોન્સે તેના 'પીપલ્સ પેપર'માં પણ શાહીવાદીઓની નીતિરીતિ સામેના પ્રહારો ચાલુ જ રાખ્યા અને ભારતીઓના સ્વાતંત્ર્યપ્રાપ્તિના અધિકાર પર સતત ભાર આપતો રહ્યો. બ્રિટિશ અખબારોમાં ભારતીય સ્વાતંત્ર્ય વિપ્લવને લગતાં ફેલાવવામાં આવતાં જૂઠાણાં તે ખુલ્લાં પાડતો રહ્યો. ભારત પરના અંગ્રેજ શાસનને 'દગાફટકા અને લૂંટની અતૂટ શૃંખલા, તરીકે ઓળખાવતાં, વિપ્લવને તેણે દમનનો ભોગ બનેલી પ્રજાના એક ભવ્ય અને ન્યાય્ય યુદ્ધ તરીકે ઓળખાવેલો. વિપ્લવના અંત પર્યંત તેણે પોતાની આ ભૂમિકા ચાલુ રાખી. □

અનુસંધાન] સાહિત્યસંપર્ક [પૃ. ૬૩થી

સાહિત્યના રસિયાઓ તેમજ અભ્યાસીઓને ઉપયોગી બની રહે તેવી લોકવાર્તાઓનો સંગ્રહ.

શબ્દપ્રયોગોની પગદંડી પર: લેખક : હરિવલ્લભ ભાયાણી, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૫, પૃષ્ઠ : ૧૧૬, ડીમાઈ, પાકું પૂઠું, મૂલ્ય રૂા. ૫૦. ગુજરાતી શબ્દોનાં મૂળ અને શબ્દના ઇતિહાસને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવેલો 'લઘુવ્યુત્પત્તિકોશ'ના આધારે અનુસંધિત થતું પુસ્તક છે.

પરિચય ટ્રસ્ટ : (મહાત્મા ગાંધી મેમોરિયલ બિલ્ડિંગ, નેતાજી સુભાષ રોડ, ચર્ની રોડ પાસે, મુંબઈ-૪૦૦૦૦૨.)ની પરિચય પુસ્તિકાઓ, દરેક. પ્ર. આવૃત્તિ ૧૯૯૬, પૃષ્ઠ : ૩૨, ક્રાઉન, કાચું પૂઠું, મૂલ્ય : રૂા. ૫.

આપણો પ્લાસ્ટિક ઉદ્યોગ : લેખક સુનીલ ગાંધી. પ્લાસ્ટિકનાં ઉત્પાદન અને ઉપયોગ વિશે માહિતીપ્રદ પુસ્તિકા.

ગુજરાતના મુખ્ય પ્રધાનો : લેખક : રાજેન્દ્ર દવે, ગુજરાત રાજ્યની સ્થાપનાથી માંડીને આજ સુધીના કુલ અઢાર મુખ્ય પ્રધાનોનો પરિચય કરાવતી પુસ્તિકા.

ઘરે-બાહિરે : લેખક : વર્ષા અડાલજા, રવીન્દ્રનાથ ટાગોરની 'ઘરે બાહિરે' જુદા જ સ્વરૂપની નવલકથાનો પરિચય કરાવતી પુસ્તિકા.

લોકમિલાપ ટ્રસ્ટ : (પો.બો. ૨૩, ભાવનગર-૩૬૪૦૦૧)નાં પ્રકાશનો :

પતંગિયાની પાંખે : સંપાદન ગોપાલ મેઘાણી, મહેન્દ્ર મેઘાણી, પ્ર. આવૃત્તિ : ૧૯૯૬, પૃષ્ઠ : ૧૪૮, ક્રાઉન, કાચું પૂંઠું, મૂલ્ય રૂા. ૩૦. જાણીતા લેખકોની જન્મજયંતીઓ સાથે પ્રચલિત કૃતિઓનો પરિચય અને માહિતી આપતું પુસ્તક.

ભેદની ભીંત્યુ ભાંગવી : સંપાદક મહેન્દ્ર મેઘાણી, પ્ર. આવૃત્તિ : ૧૯૯૬, પૃષ્ઠ : ૫૭, ક્રાઉન, કાચું પૂંઠું, મૂલ્ય રૂા. ૪. પંચોતેરમી મેઘાણી જયંતી નિમિત્તે ૧૯૭૨માં મનુભાઈ પંચોળીએ આપેલાં વ્યાખ્યાનોનું સંપાદિત પુસ્તક.

ABC of Gibran : Compiled by Mahendra Meghani (અંગ્રેજીમાં) પ્ર. આવૃત્તિ : ૧૯૯૩, પૃષ્ઠ : ૬૧, ક્રાઉન, કાચું પૂંઠું, રૂા. ૨૦. ખલિલ જિબ્રાનનાં બાર પુસ્તકોમાંથી પસંદ કરીને લીધેલાં કાવ્યોનો સંગ્રહ. સંપાદન મહેન્દ્ર મેઘાણી એ કરેલું છે.

સાહિત્યસંપર્ક

જેમની જન્મશતાબ્દીનું આ વર્ષ છે
બર્ટોલ્ટ બ્રેશ્ટ

વિશ્વનાટ્ય સાહિત્યમાં આ સદીનાં મહત્ત્વનાં નામોમાંનું એક છે બર્ટોલ્ટ બ્રેશ્ટ. દક્ષિણ જર્મનીના ઑગ્સબુર્ગમાં ૧૮૯૮માં એમનો જન્મ. કલાકાર અને વ્યક્તિ તરીકે વીસમી સદીના યૂરોપના એ મહત્ત્વના સર્જકે પોતાના 'એપિક થીએટર'ની વિભાવના અને તદંતર્ગત 'એલિઅનેશન'ના પોતાના નાટ્યસિદ્ધાન્તથી તેઓ બહુચર્ચિત બન્યા. આમ જોવા જશો તો એમના વ્યક્તિત્વ અને સર્જનોમાં ઘણા આંતર વિરોધો જોવા મળશે પણ એમની સર્વતોમુખી શક્તિ, જીવન એક ઇન્દ્રિયરાગી આવેગ અને કરુણતાસભર તત્ત્વ છે તેવી માન્યતા તથા જર્મન ભાષા તરફની કલાભિજ્ઞતા એમને નોખા તારવી આપે છે.

આમ તો એમનો જન્મ રૂઢિચુસ્ત સુખી પરિવારમાં થયેલો, પણ પોતે સમજણો થયો ત્યારથી બ્રેશ્ટે આ પ્રકારનાં સુખસગવડ સામે બંડ પોકારેલું. શાળાજીવનથી જ આવો ઊહાપોહ કરનાર જીવ. ૧૮ વર્ષની ઉંમરે એ મ્યુનિચમાં તબીબી વિદ્યાર્થી તરીકે ગયો અને પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન લશ્કરી હૉસ્પિટલમાં 'ઑર્ડર્લિ' બન્યો. અહીં યુદ્ધકાલીન સમાજસંજોગોએ એને જે કટુ અનુભવ કરાવ્યા તે પછીથી તેના સર્જનની ધોરી નસ બની ગયા. યુદ્ધોત્તર કાળમાં ગિટાર લઈને સ્વરચિત ગીતો ગાતો ગાતો બ્રેશ્ટ રઝળપાટ કરતો.

એ સભાનપણે સમાજને આઘાત આપવા રચનાઓ કરતો. ઉપરછલ્લું જોવા જતાં એમ લાગે કે એનો ઝોક સામ્યવાદ તરફ છે; પરન્તુ વાસ્તવમાં તો શૂન્યવાદ અને અરાજકતાએ જ એના મનનો કબજો લીધેલો છે. મ્યુનિચથી પછી તે બર્લિન જાય છે અને એક સભાનપણે બેદરકાર વ્યક્તિની જેમ ફરેહરે છે - કપડાં, વાળ, દાઢી વગેરેમાં તદ્દન કાળજીરહિતતા. એના આવા વિશિષ્ટ-વિચિત્ર અનુભવોમાંથી ૧૯૨૨માં 'ઇન ધ જંગલ ઑવ્ ધ સિટીઝ' નામનું નગરની નરકયાતના નિરૂપતું નાટક મળે છે.

તેણે એપિક થીએટર દ્વારા પ્રતિરંગભૂમિનું આંદોલન ચલાવ્યું. તેણે રંગમંચનો વિભાગ બદલી નાખ્યો. પાત્ર ભજવતાં નટનટીઓ જેમનું તેઓ પાત્ર ભજવી રહ્યાં છે તેમનાથી અળગા રહીને તે ભજવવું અને પ્રેક્ષકોએ પણ પાત્ર સાથે તાદાત્મ્ય રાખ્યા વગર બધું જોવું એમ તેની જિકર હતી. આજે જ તે 'alienation effect' (verfremdungs effect) કહેતો, ૧૯૨૪-૨૫માં તેણે 'મૅન ઈઝ મૅન' નાટક રચ્યું, જેમાં રુડિયાર્ડ કિપ્લિંગના ભારતનું તેણે વિચિત્ર દર્શન રજૂ કર્યું છે. આગળ જતાં એક અરાજક મનુષ્યમાંથી સ્વનિયંત્રિત મનુષ્ય-વિકાસ તેણે દર્શાવ્યો છે તેની ભૂમિકા આ નાટકમાં પડેલી છે. ૧૯૨૮માં પ્રકટ થયેલું તેનું 'ધ થ્રિપેની ઑપેરા' ખૂબ પ્રસિદ્ધિ પામ્યું. પણ પછીથી હિટલરના ઉદય સાથે તેણે પિતૃભોમ જર્મનીનો ત્યાગ કર્યો અને સ્કેન્ડિનેવિઆ તથા અમેરિકા ભાગી ગયો.

ત્યાર બાદ તેની પાસેથી તેની પાંચ ઉત્તમ રચનાઓ મળે છે : 'મધર કરેજ' (૧૯૩૯), 'ગૅલિલિઓ' (૧૯૩૯), 'ધ ગુડ વુમન ઑવ્ સેન્ઝુઆન' (૧૯૩૮-૪૦) 'મિ. પુન્ટિલા ઍન્ડ હિઝ મૅન, મૅટ્ટિ' (૧૯૪૦-૪૧) તથા 'ધ કોકેશિયન ચૉક સર્કલ' (૧૯૪૪-૪૫). બીજું વિશ્વયુદ્ધ પૂરું થતાં તે યૂરોપ પાછો ફર્યો અને ઑસ્ટ્રિઅન નાગરિકત્વ મેળવ્યું. ત્યાર બાદ પૂર્વ બર્લિનથી પોતાની નાટ્યકંપનીનું સંચાલન કરવા નિમંત્રણ મળતાં તે જર્મની પાછો ફર્યો. ૧૯૫૬માં મૃત્યુ પામતાં સુધી તેમનું નાટ્યલેખન, નાટ્યનિર્માણ અને કાવ્યલેખન ચાલુ રહ્યું હતું. -ધી.પ.

બે બાળપુસ્તિકાઓ

અમદાવાદ અને ગુજરાતના કલાપ્રેમીઓમાં 'આર્ચર' અને અનિલ રેલિયાનું નામ હવે અજાણ્યું ગણાય? એમણે દિલ્હીના 'ઇન્દિરા ગાંધી રાષ્ટ્રિય કલાકેન્દ્ર'ના સહયોગમાં 'ધરતી' અને 'સોમી' બે સચિત્ર અને સુવાચ્ય તથા સુપથ્ય બાળપુસ્તિકાઓ પ્રકટ કરી છે. આ શીર્ષકો બન્ને પુસ્તિકાની બાળનાયિકાનાં નામ પરથી અપાયાં છે. બન્ને વાર્તાઓ પાછળ મહાત્મા ગાંધીની શ્રમમૂલ્યનિષ્ઠા પ્રેરક બળ છે. આઝાદીની સુવર્ણજયંતીના આ વર્ષમાં આવી બે પુસ્તિકાઓનું પ્રકાશન કરી 'આર્ચરે' રાષ્ટ્રપિતા અને સ્વાતંત્ર્યની સાચી દિશા પ્રત્યે ભારે આદર દાખવ્યો છે. 'ધરતી'ના મુખે કીડીને કહેવાતી વાર્તા અને 'સોમી' જેવી શ્રમજીવી શ્યામ બાલિકા અને પિંકી જેવી સાયબીવાળા પરિવારની ગોરી બાલિકાની નિર્વ્યાજ દોસ્તીની કથા બીજી પુસ્તિકામાં આલેખાઈ છે. આજના યુગમાં જ્યારે શ્રમનો મહિમા ઘટ્યો છે ત્યારે 'ધરતી' દ્વારા તેની જિકર અને ઊંચનીચના ભેદભાવોની બાળસહજ સ્વાભાવિકતાથી 'સોમી'વાર્તા દ્વારા ફિકર કરાઈ છે. 'ધરતી'નાં ચિત્રો જાણીતા કલાકાર હકુ શાહે કર્યાં છે, તો 'સોમી'નાં ચિત્રો હકુ શાહની નિશ્રામાં તૈયાર થયેલા ગોવિંદ ભરથરીએ કર્યાં છે. આર્ટ પેપર પર સુંદર મુદ્રણ આ પુસ્તિકાઓની કલામયતામાં વિશેષ ઉમેરો કરે છે. (બન્નેના લેખક હકુ શાહ; પ્રાપ્તિસ્થાન : આર્ચર હાઉસ, ગુજરાત ટેનિસ એકેડેમી સામે, ગુરુકુલ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૫૨; પ્રત્યેકની કિ. રૂ. ૪૦)

પ્રાપ્ત પ્રકાશનો

ગુજરાતી સાહિત્ય અકાદમી : (દફતર ભંડાર ભવન, સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૭)નાં પ્રકાશનો.

સૌરાષ્ટ્રની લોકવારતાઓ : સંપાદક: જયંતીલાલ દવે, પ્રથમ આવૃત્તિ ૧૯૯૨, પૃષ્ઠ : ૧૪૨, ક્રાઉન, કાચું પૂઠું, મૂલ્ય રૂા. ૨૦. લોકસાહિત્ય અને કથા-

(અનુસંધાન પૃ. ૫૪૪)

કલાવાર્તા

કલાકાર ગજેન્દ્ર શાહ

અમદાવાદના 'ભારત ફ્રાન્સિસી સાંસ્કૃતિક કેન્દ્ર'માં તા. ૨૦થી ૨૬ જૂન સુધી કલાકાર શ્રી ગજેન્દ્ર શાહનાં અદ્યતન ચિત્રો Moods of Musicians of India - ભારતના સંગીતકારોના હાવભાવ - નું પ્રદર્શન યોજાઈ ગયું.

કલાજગતમાં ચિત્રકાર અને ઇન્ટીરિયર ડિઝાઈનર તરીકે ગજેન્દ્ર શાહનું નામ સર્વવિદિત છે. તેઓ ઈ. ૧૯૬૦થી વિવિધ કલાપ્રવૃત્તિઓમાં સતત સક્રિય રહ્યા છે. તેમનો જન્મ ઈ. ૧૯૩૭માં સાદરા (જિ. ગાંધીનગર) માં થયો છે. ૧૯૫૭માં ચિત્રકલામાં તેમણે ડી.ટી.સી. ની પદવી સી. એન. કલાવિદ્યાલય - અમદાવાદમાંથી મેળવી. ત્યાર પછી ૧૯૫૯માં જે. જે. કૉલેજ ઑફ ફાઈન આર્ટ્સ મુંબઈની આર્ટ-માસ્ટરની અને ૧૯૬૦માં એ જ કૉલેજની ગવર્નમેન્ટ ડિપ્લોમા ઑફ ફાઈન આર્ટ્સની પદવી મેળવી. તેમણે ૧૯૬૫થી ૬૦ સુધી રાજનગર મિલ્સમાં ટેક્સટાઈલ ડિઝાઈનર તરીકે કામ કરેલું. સાથે સાથે શાળાઓમાં કલાશિક્ષક અને વિવિધ સામયિકોમાં ઇલસ્ટ્રેટર તરીકે પણ અનુભવો મેળવ્યા. ત્યાર બાદ ૧૯૬૧થી ૬૫ દરમ્યાન અમદાવાદના પારેખ્સ ઇન્ટીરિયર ડેકોરેટર્સમાં ડિઝાઈનર તરીકે સેવાઓ આપી. હાલ સ્વતંત્ર કલાકાર ને ઇન્ટીરિયર ડિઝાઈનર તરીકે કામ કરી રહ્યા છે.





ઉપર : સિટી પૅલેસ, ઉદેપુર; નીચે : બે સ્કેચ

૧૯૬૦થી તેઓ વિવિધ કલાપ્રવૃત્તિઓમાં સક્રિય રહ્યા છે. ગજેન્દ્રભાઈ હૃદયથી પ્રકૃતિપ્રેમી વ્યક્તિ છે. તેમણે સર્જેલાં દૃશ્યચિત્રો - ઐતિહાસિક ઇમારતોનાં દૃશ્યો, શેરી-દૃશ્યો, વગેરે ચિત્રોમાં એમની ટેકનિકલ દક્ષતા અને સૌન્દર્યદ્યોતક દૃષ્ટિનાં દર્શન થાય છે. દૃશ્યચિત્રો ઉપરાંત સંગીતકારો, સંગીતસભાઓ, મહેફિલોમાં રજૂ થતાં સંગીત-સુરાવલીઓનાં દૃશ્યોને પોતાની સ્કેચબુકમાં રેખાંકિત કર્યાં છે. અમદાવાદના પ્રોગ્રેસિવ પેઇન્ટર્સ ગ્રૂપના એક સભ્ય તરીકે તેમનાં ચિત્રો અમદાવાદ, મુંબઈ, નવી દિલ્હી અને કલકત્તા જેવાં શહેરોમાં યોજાએલાં ગ્રૂપ-પ્રદર્શનોમાં રજૂ થયાં છે, ઉપરાંત ૧૯૭૭માં યુ. કે. માં બ્રિસ્ટલ અને કાર્ડિફ ખાતે પ્રદર્શિત થયાં છે. તેમના ત્રણ વન-મેન શો : ૧. તાજ આર્ટ ગૅલેરી, મુંબઈ-૧૯૭૯; ૨. લલિત કલા ગૅલેરી, અમદાવાદ-૧૯૮૫; ૩. લલિત કલા ગૅલેરી, અમદાવાદ-૧૯૯૬માં રજૂ થયા છે. તેમની કલાસૂઝ અને આયોજન-શક્તિના ફલસ્વરૂપે





ગુજરાતનાં વિવિધ પ્રદર્શનોમાં તેમણે મહત્ત્વનું યોગદાન આપ્યું છે. ઉપરાંત ગાંધીનગરની રાજ્ય લલિત કલા અકાદમીની આર્ટ ગેલેરીની ડિઝાઇન તેમની કલાસૂઝથી નિર્માણ પામી છે.

ગજેન્દ્રભાઈએ ઈ. ૧૯૯૭-૯૮માં નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઇન દ્વારા યોજાયેલ વૉટર કલર વર્કશૉપમાં અને લલિત કલા અકાદમી દ્વારા પોર્ટ્રેટ વર્કશૉપમાં ભાગ લીધો હતો. તેમણે ભારત, યુ.કે., ફ્રાન્સ, સ્વીટ્ઝરલેન્ડ, ઇટલી, ઑસ્ટ્રેલિયા, ચેકોસ્લોવેકિયા, જર્મની, ડેન્માર્ક, હૉલેન્ડ વગેરેનાં મુખ્ય મુખ્ય મ્યૂઝીઅમો અને આર્ટ ગેલેરીઓની મુલાકાતો લીધેલી છે, અને લગભગ ૩૭ વર્ષ સુધી તેઓએ અમદાવાદ અને ગુજરાતમાં 'ઇન્ટિરિયર ડિઝાઇનર' તરીકે કાર્ય કરેલ છે.


અમદાવાદ દૂરદર્શને આ પ્રતિષ્ઠિત કલાકારનાં ચિત્રો અને અનુભવ પરથી 'નિરાંતે' નામની ડૉક્યુમેન્ટરી ફિલ્મ બનાવેલ છે. તેઓ અમદાવાદનાં અને મુંબઈનાં કળા અને સંસ્કૃતિને લગતાં ઘણાં બધાં એસોસિએશન સાથે સંકળાએલા છે. તેઓનું કાર્ય ગુજરાત અને ગુજરાત બહારના કલાપ્રેમીઓને એકઠા કરવાનું છે.

ગયા વર્ષે તેઓએ ગુજરાતી ભાષામાં ભારતનાં મહત્ત્વનાં શહેરોમાંની આર્ટ ગેલેરીઓની એક માહિતીપ્રદ ડિરેક્ટરી પ્રકટ કરી છે; જે કલાકારો અને કલાસંસ્થાઓ માટે મહત્ત્વની બની રહેશે. તેઓની પ્રવાસ અંગેની સ્કેચબુકો અને ડાયરીઓ જોવાલાયક છે. - કા. વ. **રામી**

કલાકાર જયેશ શુક્લ

થોડાં વર્ષ પૂર્વે બેઠી ઘાટીના, શરીરે હૃષ્ટપુષ્ટ અને ગોળ મોઢું અને હસતા આંખવાળા લગભગ સાડાપાંચ ફીટ ઊંચાઈ ધરાવતા એક યુવાન કલાકારનાં અમદાવાદમાં ગ્રાફિક્સ ચિત્રોનું પ્રદર્શન નીરખવાનો સુયોગ થયો. હજુ તો વડોદરાની ફાઈન આર્ટ્સ કોલેજમાંથી એમ.એ. ફાઈનની ગ્રાફિક વિષય સાથે પરીક્ષા પાસ કરી અમદાવાદ આવ્યાને થોડો સમય પણ ન વીત્યો ને જયેશ શુકલે પોતાનું કેવળ ગ્રાફિક કલર વિષેનું જ્ઞાન અને વ્યક્તિત્વ દર્શાવતું પ્રથમ પ્રદર્શન યોજ્યું. આ પ્રદર્શનને કલારસિકો. વિવેચકો અને કલાવિદ્યાર્થીઓ તરફથી સારો આવકાર મળ્યો. ગ્રાફિક પ્રિન્ટ પછી તે એચિંગ હોય કે લિથોની પ્રિન્ટ હોય - તે ટેકનિકની દૃષ્ટિએ ખામીરહિત સ્વચ્છ અને સંપૂર્ણ બને તેની ખાસ કાળજી શુકલની પ્રિન્ટો જોતાં તરત જ ધ્યાનમાં આવે. માનવપાત્રોમાં માછલીઓ જેવા આકારોમાં તેમની આધુનિક માનવીય જીવન અને અસ્તિત્વ અંગેની સૂઝ પ્રકટ થતી દેખાઈ. તેમણે કોલેજ અભ્યાસકાળ દરમ્યાન ડ્રૉઈંગનો ખૂબ રિયાઝ કરેલો એટલે ડ્રૉઈંગની અદ્ભુત ગુણવત્તા તેમનાં

(અનુસંધાન પૃ. ૫૪૯)



રાવણની કમળપૂજા





માણસ ‡ મારો રાજા ➛



કંકાવટી

પ્રથમ મહિલા તબલાંવાદક

ડૉ. શ્રીમતી આબાનબહેન મિસ્ત્રી

ડૉ. શ્રીમતી આબાનબહેનનો જન્મ સંગીતપ્રિય પારસી કુટુમ્બમાં થયો હતો. એમના પિતાજી વાયોલીન વગાડતા હતા. એમનાં માતા શાસ્ત્રીય કંઠ્ય-સંગીતમાં વિશારદ હતાં. આથી નાની આબાનને સંગીતના સંસ્કાર બાલ્યવયથી મળ્યા હતા. એમની સંગીતશિક્ષા સાવ નાનાં હતાં ત્યારથી, પહેલાં માતા પાસે અને પછી એમનાં માશી પાસે શરૂ થઈ હતી. એમનાં માશી કુ. મહેરુ વર્કિંગ બૉક્ષવાલા ઉસ્તાદ વિલાયત હુસેનખાંનાં શિષ્યા હતાં. પ્રારંભિક શિક્ષણ એમણે આબાનને આપ્યું. ત્યાર પછી ૨૭ વર્ષ સુધી, યુગપુરુષ પંડિત વિષ્ણુ દિગંબર પલુસ્કરના શિષ્ય પંડિત લક્ષ્મણરાવ બોડસ પાસે લીધું.

સાથે સાથે કિશોરાવસ્થામાં એમણે કથ્થક નૃત્ય પણ શીખવાનું શરૂ કર્યું હતું. પરન્તુ ત્રણ-ચાર વર્ષ પછી એમને ગંભીર માંદગી આવી. પેટની સર્જરી થઈ અને



કથ્થક નૃત્ય શીખવાનું અશક્ય બન્યું. નૃત્યની સાથે એમણે પંડિત રવિશંકરના શિષ્ય પંડિત કેકી જિજિના પાસે સિતાર-શિક્ષણ શરૂ કર્યું હતું. સિતારમાં પણ વિશારદ થયાં અને તેના કાર્યક્રમો દેશ-પરદેશમાં આપી એમણે નામના મેળવી.

નૃત્ય શીખવાનું બહુ ગમતું હતું એટલે એ ન શીખી શકાયું એનું એમને ભારે દુ:ખ હતું. તેથી નૃત્યની સાવ નિકટ તાલ છે એમ સમજાવી એમના ગુરુજી પંડિત કેકી જિજિનાએ એમને તબલાં શીખવવાનું શરૂ કર્યું. એમણે કહ્યું કે, 'નૃત્યમાં તું જેટલી કક્ષાએ પહોંચી શકી હોત એટલી જ કક્ષાએ હું તને તબલાં-વાદનમાં લઈ જઈશ.'

એક વખત એક જગ્યાએ એમનો સોલો તબલાંવાદનનો કાર્યક્રમ હતો. ત્યાં તબલાં નવાઝ પંડિત અમીરહુસેનખાં ઉપસ્થિત હતા. એમણે આબાનબહેનનો કાર્યક્રમ સાંભળીને એમની પ્રતિભાને પકડી પાડી. પોતે એમને હવે આગળ તબલાં-શિક્ષણ આપશે એમ કહ્યું. અને આ રીતે આબાનબહેનને મહાન ગુરુ પાસેથી તબલાંનાં ચારેય ઘરાણાં (દિલ્હી, ફરુખાબાદ, અજરાડા, બનારસ)ની અપ્રતિમ કલા શીખવાનો સુઅવસર પ્રાપ્ત થયો. કેકી જિજિનાએ એમને લય ને લયકારીનો ગહન અભ્યાસ કરાવ્યો.

આટલી બધી તબલાંવાદનમાં ઉપલબ્ધિ પછી પણ એમની જ્ઞાનપિપાસા અટકી નહિ. એમણે પખવાજ શીખવાનું શરૂ કર્યું. પખવાજ-વાદનની ટેક્નિક અને વિશિષ્ટતા એમને વિદ્વાન પંડિત નારાયણ રાય મંગલ વેઢેકર પાસેથી મળી.

હવે એમને શોધનિબન્ધ લખવાનું મન થયું પરન્તુ સંગીતશાસ્ત્ર તો સંસ્કૃતમાં લખાયેલું છે. સામવેદ વાંચવો પડે. આબાનબહેનને સંસ્કૃત ભાષાનું જ્ઞાન નહોતું. એટલે એમણે સંસ્કૃત અને હિન્દી વિષય સાથે એમ. એ કર્યું. અને ત્યાર પછી તબલાં અને પખવાજનાં ઘરાણાં અને પરમ્પરા એ વિષય પર શોધનિબન્ધ લખ્યો અને પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી. આ રીતે ખૂબ લગની રાખી સંગીત ક્ષેત્રે ઘણી બધી સિદ્ધિ હાંસલ કરી. આ બધાંમાં વ્યસ્ત રહેવાથી એમને પરણવાનો વિચાર જ ન આવ્યો, એવું એમણે કહ્યું.

એમની તબલાંવાદનની સિદ્ધિ દેશ-વિદેશમાં વખણાઈ છે. ઉપરાંત એમણે રેડિયો ટી.વી. પર પણ કાર્યક્રમો આપ્યા છે. દેશમાં પણ એમને નીચેના માનચાંદ મળ્યા છે : ૧. લિમ્કા બુક ઑફ રેકોર્ડ્સમાં પ્રથમ મહિલા તબલાંવાદક તરીકે એમનું નામ છે. ૨. તાલશૃંગારનો ઇલકાબ, આ ઉપરાંત ૩. તાલસમ્રાટનો ખિતાબ પણ મળ્યો છે.

ભારતનાં લગભગ ઘણાં વિશ્વવિદ્યાલયો સાથે તેઓ સંકળાયેલાં છે.

આબાનબહેને ગુરુજી પંડિત કેકી જિજિના સાથે સંગીતના પ્રસારાર્થે સ્વર સાધના સમિતિ નામે એક સંસ્થાની સ્થાપના મુંબઈમાં કરી. આજે આ સંસ્થા દેશની અગ્રગણ્ય સંસ્થાઓમાંની એક ગણાય છે. પ્રતિ માસ આ સંસ્થા સ્થાનિક તેમજ બહારના કલાકારોને આમંત્રિત કરી એમનો કાર્યક્રમ ગોઠવે છે.

આ ઉપરાંત તેઓ સંગીતના દરેક જાતના વર્ગ ચલાવે છે. આ વર્ગો દ્વારા એમણે ઘણા પ્રતિભાશાળી કલાકારો દેશને આપ્યાં છે. અહીં એમણે કહી એવી એક બે વાત લખ્યા વગર હું રહી શકતી નથી :

'તબલાં એ પુરુષોનું વાદ્ય કહેવામાં આવે છે. આપે આ શીખવાનું નક્કી કર્યું એમાં કાંઈ મુશ્કેલી પડી?'

આ સવાલના જવાબમાં એમણે કહ્યું કે, 'કોઈ પણ પુરુષના ક્ષેત્રમાં જવું હોય તો સંઘર્ષ તો કરવો પડે છે. શરૂઆતમાં હું તબલાં વગાડતી ત્યારે લોકો ઝાંકી ઝાંકીને સામસામે જોતા હતા. તેમાં પણ હું એક કુંવારી સ્ત્રી હતી. એટલે મારી પજવણી ઘણી થતી. હું ગણકારતી નહીં. પણ અન્તે મારે મારા નામ આગળ શ્રીમતી

લખવું પડ્યું. પછીથી થોડું મારું કામ સરળ થયું.'

બીજું એમણે જણાવ્યું કે, 'સંગીતના ખ્યાતનામ પુરુષ કલાકારોને તબલાંમાં સ્ત્રી સંગત કરે એ ગમતું નથી. કદાચ પુરુષોનું અહં ઘવાતું હશે!! આથી સારા સારા ગવૈયા સાથે તબલાં વગાડી સંગત કરવાનું મારે ભાગે ઘણું ઓછું આવ્યું છે.'

આપણે જ્યારે એકવીસમી સદી ભણી જઈ રહ્યાં છીએ ત્યારે આવા ભેદભાવ દૂર થવા જોઈએ.

ત્રીજી વાત એમણે કહી કે, 'ગુજરાતમાં મારા કાર્યક્રમો ખાસ નથી થતા' મને પણ એવું લાગ્યું છે. સામાન્ય સંગીતરસિકોને એમના વિશે કાંઈ જ ખબર નથી. તો આમ કેમ? આવડી મોટી પ્રતિભાશાળી વ્યક્તિને આપણે કેમ વિસરી જઈએ? -તરલિકા આચાર્ય

આરતી ગુપ્તાને એશિયા પુરસ્કાર

જર્મનીના જીમેન્સમાં સેક્રેટરી તરીકે પોતાની ફરજ બજાવતી ભારતની શ્રી આરતી ગુપ્તાએ બ્રુનઈમાં ગયા વર્ષે



યોજાએલા એસોસિએશન ઓફ સેક્રેટરીજ એશિયા કોન્ગ્રેસનો પ્રતિષ્ઠિત 'પ્રોફેશનલ સેક્રેટરી'નો પુરસ્કાર પ્રાપ્ત કર્યો છે. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ પ્રોફેશનલ સેક્રેટરીઝ (એન. આઈ. પી. એસ.) દ્વારા યોજાએલી આ પ્રતિસ્પર્ધાનો ઉદ્દેશ એ છે કે, 'વ્યવસાય, ઉદ્યોગ, શિક્ષણ સંસ્થાઓ, સહકારી અને અન્ય વ્યાવસાયિક ક્ષેત્રોમાં સેક્રેટરીનું પદ સંભાળતી વ્યક્તિની જવાબદારી કેટલી મહત્ત્વપૂર્ણ અને ગહન હોય છે એ બાબતની જાણકારીથી લોકોને માહિતગાર કરવા.'

આ પ્રતિષ્ઠિત પુરસ્કાર પ્રાપ્ત થવાથી પોતાની જાતને ભાગ્યશાળી માનતી શ્રી આરતી ગુપ્તા જણાવે છે કે, 'સેક્રેટરીનું પદ સંભાળતી વ્યક્તિએ - એને સોંપવામાં આવેલી જવાબદારીઓનું મહત્ત્વ બરાબર સમજવું જોઈએ, અને તેને અનુરૂપ પૂર્ણ નિષ્ઠાથી અને પ્રામાણિકતાથી જવાબદારી અદા કરવી જોઈએ. મને આશા છે કે મને મળેલા આ પુરસ્કારથી સેક્રેટરીની જવાબદારી અદા કરતી અન્ય સૌ વ્યક્તિઓને પ્રેરણા અને પ્રોત્સાહન મળશે અને આ પદ પણ કેટલું મહત્ત્વપૂર્ણ અને પ્રતિષ્ઠિત છે એની જાણકારીથી માહિતગાર થશે.' -કાન્તિલાલ વ. રામી

અનુસંધાન] કલાવાર્તા [પૃ. ૫૪૭થી

ગ્રાફિક્સ અને ચિત્રોમાં તરત જ ધ્યાનાર્હ બને છે. તેમણે સ્વતંત્ર ડ્રોઈંગને કલાકૃતિઓના રૂપમાં સર્જી છે તો તેમાં ક્વચિત્ રંગોનો પણ ઉપયોગ કર્યો છે તેમનાં ડ્રોઇંગ્ઝ કેવળ એકેડેમિક પ્રકારનાં, વાસ્તવદર્શી નથી. હા, તેમણે વાસ્તવદર્શી ભૂમિદશ્યો, મકાનોનાં દશ્યોનાં ડ્રોઇંગ્ઝ પણ કર્યાં છે, પરંતુ તેમનાં સર્જનાત્મક ચિત્રોમાં તો કેવળ સર્જનાત્મક ડ્રોઈંગનાં જ દર્શન થાય છે. તેમણે આકૃતિઓ સર્જવામાં વિકૃતિકરણ દ્વારા કલાત્મકતા સિદ્ધ કરવા પ્રયત્ન કર્યો છે.

નૂતન ટેક્નિક કે પ્રયોગો બીજા કરે છે તે માટે નહીં, પરંતુ તે તમારી આંતરિક તીવ્ર ઇચ્છા બનવી જોઈએ. આવી તીવ્ર ઇચ્છા પણ સર્જનાત્મક હોવી જોઈએ. તે વ્યાવસાયિક કારણોથી પ્રેરિત નથી હોતી. તેનો હેતુ કલાત્મક, સર્જનાત્મક જ હોવા ઘટે.

જયેશ શુક્લ અતિ સંવેદનશીલ વ્યક્તિ છે. તેમણે પોતે બ્રાહ્મણ હોવાથી તેમની પુરાણકથાઓ, રામાયણ, મહાભારત, દેવી ભાગવત જેવા નિતાંત ભારતીયતાથી ધબકતા ગ્રંથોમાંથી સર્જાયેલી મનોચેતનાને આધારે ચિત્રશ્રેણીઓ સર્જી છે. દ્વાદશ શિવલિંગોનું સમગ્ર ભારતમાં અને ખાસ તો શૈવપંથીઓમાં ખૂબ માહાત્મ્ય છે. આ શિવલિંગોનું પોતાની વિશિષ્ટ દૃષ્ટિથી તેમણે બાર ચિત્રોમાં દર્શન કરાવ્યું છે. તેમનો અતિ પ્રિય રંગ છે ભારતીય લાલ. આ રંગની અંદરની તેજસ્વિતા તેઓ તેમનાં ચિત્રોમાં બહાર લઈ આવ્યા. લીલો, ભૂરો, પીળો પણ તેમના પ્રિય રંગો છે. પરંતુ ખાસ વાત છે તેમના રંગોના વિન્યાસમાં ભારતીય રંગોને સાદૃશ્ય કરાવવાના તેમના પ્રયત્નોમાં. આ કાર્યમાં તેઓ મહદંશે સફળ થયા છે. રંગોનો વિનિયોગ ચિત્રોના વિષયવસ્તુને અનુરૂપ અને આકારો કે રૂપોને ઉઠાવ આપવામાં અસરકારક અને સફળ રીતે થયો છે. ઘણી વાર તેમનાં ચિત્રોમાં પાર્શ્વભૂમિ એકરંગી જોવા મળે છે પરંતુ તેમાંથી બહાર આવતાં રંગરૂપો પાર્શ્વભૂમિથી જુદાં પડતાં નથી. તેથી તેમની ચિત્રસંરચનાઓ કલાત્મક અને અસરકારક રહી છે.

સૌથી નોંધપાત્ર તો એ છે કે શરીરે રાખ લગાડી લગભગ નગ્નાવસ્થામાં ફરતા હોય છે તેવા નાગા બાવા સાથે ફરી, તેમને નિકટથી ઓળખી તેમની ચરસ-ગાંજાની દુનિયામાં સહભાગી થઈ, તેમણે સર્જેલી એક ચિત્રશ્રેણી, એમાં, સાધુઓની આકૃતિઓ માનવ હાડકાંનાં માળખાંઓ જેવી નિરૂપાઈ છે, જે તેમની આગવી દૃષ્ટિ દર્શાવે છે અને તેમની એકબીજા સાથે જુદી જુદી ક્રિયાઓનું અસરકારક, કલાત્મક નિરૂપણ સમગ્ર ચિત્રોને કલાકૃતિઓ બનાવે છે. તેમને રાજ્ય સરકારનાં કલાપ્રદર્શનોમાં ઈનામો પણ મળ્યાં છે. - બંસીલાલ દલાલ

પીપળો

પીપળો પવિત્ર વૃક્ષ મનાય છે. તેમાં ભૂતના વાસની માન્યતા ખોટી છે. મોટા ટેટાવાળો તે પીપળો, નાના ટેટાવાળી તે



પીપળ.

પીપળનો રસ તૂરો તાસીર ઠંડી, ગુણમાં ભારે, લૂખો, કફપિત્તશામક, રક્તશોધક, રંગ સુધારનાર, સ્તંભક, ગર્ભસ્થાપક, વાજીકર, શોથહર, વ્રણરોપક, પાકહર છે. પીપળાની છાલના ઉકાળાથી ઘા કે પાક ધોવાથી તે જલદી રૂઝાય છે. તે એન્ટીસેપ્ટિક તરીકે કામ કરે છે. ઘાને કારણે વહેતા લોહી ઉપર તેનું બારીક ચૂર્ણ દબાવવાથી તે અટકે છે.

દાઝયા ઉપર તેનું બારીક ચૂર્ણ છાંટવાથી ઠંડક મળે છે, પાક થવામાંથી બચી જવાય છે, જલદી રૂઝ આવે છે. પીપળાના ટેટા પૌષ્ટિક, શુક્રવર્ધક અને વાજીકર છે. લીલા ટેટા ખૂબ ચાવીને ખાવા. સૂકા ટેટાનું ચૂર્ણ ઘી, દૂધ કે સાકર સાથે લેવું. તે જાતીય નબળાઈ દૂર કરે છે. શુક્રાણુ વધારે છે.

પીપળાની તાજી કૂંપળો ખાવાથી વંધ્યત્વ ટળે છે. કોઠાની ગરમી દૂર કરી ગર્ભધારણ કરે છે. સગર્ભા સ્ત્રી તેનું સેવન કરે તો ગર્ભને પોષણ મળે છે. તેનાં ફળથી પણ ગર્ભધારણ શક્ય બને છે.

પીપળાના પાકા ટેટા પેટના રોગો અને કબજિયાત મટાડે છે. મુખપાક, ઘા, ચાંદાં, ભગંદર, દૂઝતા હરસ, મળમાર્ગના ચીરા (ફીશર) વગેરેમાં તેની છાલનું ચૂર્ણ કામ કરે છે. ફળનું ચૂર્ણ શ્વાસ રોગમાં અને છાલનો ઉકાળો અથવા રસ ઉધરસમાં ઉપયોગી છે. સોજા, દુખાવામાં તેનું દૂધ લગાવાય છે.

વૈદ્ય નવીનભાઈ ઓઝા





આ દેશનું વીરત્વ મંદ પડી ગયું,
ઊડ્યું તેજ, કાળપ્રહાર સહી જ રડી રહ્યું;
તેને જગાવી મંત્ર ફૂંકી ઊર્મિઓ ઉકળાવજે!
ઓ મેઘ ! કર કર વૃષ્ટિ,
હર હર વીરહાક પડાવજે!


- અરદેશર ખબરદાર

પ્રો. એ. આર. રાવને રાષ્ટ્રિય ઍવોર્ડ

ગણિતના જાદુગર તથા ગણિત-વિજ્ઞાનની આંટીઘૂંટીઓ સરળતાથી શીખવવામાં પારંગત એવા પ્રો. એ. આર. રાવને રાષ્ટ્રિય વિજ્ઞાન દિન ૨૮ ફેબ્રુઆરી ૧૯૯૮ના રોજ ભારત સરકારે એવોર્ડ આપીને સન્માનિત કર્યા છે. અત્યારે લગભગ નેવું વર્ષની ઉંમરે પહોંચવા આવેલા પ્રો. રાવ આજે પણ સંશોધકો, વિજ્ઞાનીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને બાળકોના પ્રેરણાસ્રોત રહ્યા છે.

તામિલનાડુ રાજ્યના ધર્મપુરી જિલ્લામાં આવેલા જક્કસમુદ્રમ્ ગામમાં તા. ૨૩ સપ્ટેંબર ૧૯૦૮ના રોજ તેઓ જન્મેલા. તેમનું પૂરું નામ અન્નાસ્વામી રંગનાથ રાવ. તેઓએ ૧૯૩૩ની સાલમાં મુંબઈ યુનિવર્સિટીમાંથી એમ.એસસી.ની પરીક્ષા ગણિતના વિષય સાથે પસાર કરી. એ જ વર્ષે જૂનાગઢની બહાઉદ્દીન કૉલેજમાં ગણિતના અધ્યાપક તરીકે જોડાયા. ત્યાં તેમણે વિદ્યાર્થીઓની અપ્રતિમ ચાહના મેળવી. સામાન્ય રીતે ગણિત એટલે માથાકૂટિયો અને અરસિક વિષય તેવી વિદ્યાર્થી-આલમમાં માન્યતા છે; જ્યારે પ્રો. રાવની એ સ્પષ્ટપણે વિભાવના હતી કે શિક્ષણ બળજબરી અને ગોખણપટ્ટીથી નહીં પણ આનંદ અને સમજણથી થવું જોઈએ. વિદ્યાર્થીને ગણિત-શિક્ષણ રમત જેવું લાગે તો ખૂબ મજા પડે તેવું તેઓ દૃઢપણે માને છે. તેઓએ આવો લોકભોગ્ય અભિગમ અપનાવીને અનેક વિદ્યાર્થીઓને ગણિતમાં રસ લેતા કર્યા અને તેને કારણે તેઓ પણ ખૂબ લોકપ્રિય થયા.

જૂનાગઢમાં તેઓએ ૨૭ વર્ષ શિક્ષણકાર્ય કર્યું અને આ રીતે તામિલભૂમિ છોડીને ગુજરાતને આત્મસાત્ કરી લીધું. તેઓ સંપૂર્ણ રીતે ગુજરાતી કે કાઠિયાવાડી



બની ગયા. જૂનાગઢ, ભાવનગર, છોટા-ઉદેપુર અને અમદાવાદની ગુજરાત કૉલેજ તથા સી. યુ. શાહ કૉલેજમાં અધ્યાપક અને આચાર્યપદે રહ્યા પછી પ્રો. રાવ ૧૯૬૭ની સાલમાં નિવૃત્ત થયા. નિવૃત્તિ પછી ગણિત સાથેનો તેમનો નાતો છૂટ્યો તો નહિ, પણ વધુ ઘનિષ્ઠ બન્યો. નિવૃત્ત થયા પછી પ્રો. રાવ ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં આવેલી શહેરની વિખ્યાત સંસ્થા વિક્રમ સારાભાઈ કૉમ્યૂનિટી સાયન્સ સેન્ટર સાથે જોડાયા અને આજે ચોવીસ વર્ષોથી એ સંસ્થા દ્વારા પોતાની ગણિત-પ્રતિભાનો લાભ સંશોધકો, વિદ્યાર્થીઓ અને બાળકોને આપી રહ્યા છે. આ સેન્ટર

મૌલિક અને રચનાત્મક અભિગમ અપનાવી વિદ્યાર્થીઓને વિજ્ઞાન અને ગણિતની અટપટી આંટીઘૂંટીઓ રમત-ગમત જેવાં સરળ સાધનોથી શીખવાડે છે. જેમાં પ્રો. રાવનું યોગદાન અત્યંત મહત્ત્વનું છે.

ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્રોમાં વિદ્યાર્થીઓને પ્રયોગશાળામાં પ્રયોગો કરવાના હોય છે પણ યુનિવર્સિટીમાં આવી કોઈ પ્રયોગશાળા ગણિતના અભ્યાસકાળમાં આમેજ કરવામાં આવેલી નથી. પ્રો. રાવે ગણિતમાં પ્રયોગશાળાનો ખ્યાલ વહેતો મૂક્યો અને વિકસાવ્યો. આને કારણે 'રમતાં રમતાં ગણિત' એવા અભિગમનો પાયો મજબૂત થયો.

ગુજરાતમાં દર વર્ષે ગુજરાત ગણિત મંડળનું વાર્ષિક અધિવેશન મળે છે. આ સંસ્થાનો પાયાનો ઉદ્દેશ ગુજરાતની ગણિત-પ્રતિભા શોધવાનો અને વિકસાવવાનો છે. આને માટે જે સ્પર્ધા યોજાય છે તેના પ્રશ્નો ઘણે અંશે પ્રો. રાવે જ રચેલા હોય છે. આ પ્રશ્નો પ્રતિભાવંત વિદ્યાર્થીને આકર્ષે છે, પડકારે છે અને તેની પ્રતિભાને સમાજ સમક્ષ છતી કરે છે. આવા સંખ્યાબંધ કોયડાઓનો એક સંગ્રહ ગુજરાત ગણિત મંડળે પ્રકાશિત કરેલો છે, જે ગુજરાતના પ્રતિભાવંત વિદ્યાર્થીઓ માટે પ્રો. રાવનો અમૂલ્ય ગાણિતિક વારસો છે.

ગણિતના કોયડાઓ રચવાની અને ઉકેલવાની તેમની આ અદ્‌ભુત શક્તિની ખ્યાતિ ગુજરાત બહાર પણ ફેલાયેલી છે. ૧૯૮૬ની સાલથી રાષ્ટ્રિય કક્ષાની ગણિતસ્પર્ધા શરૂ થઈ છે અને ૧૯૮૯ની સાલથી ભારતની ટીમ દર વર્ષે આંતરરાષ્ટ્રિય ગણિતસ્પર્ધામાં પણ ભાગ લે છે. આ ટીમની પસંદગી તથા તાલીમ માટે જે કેમ્પ યોજાય છે તેમાં પ્રો. રાવની ગાણિતિક શક્તિઓનો ખૂબ આદરપૂર્વક લાભ લેવામાં આવે છે.

ગુજરાત ગણિત મંડળના વાર્ષિક અધિવેશનમાં તેને અનુરૂપ ગણિત-પ્રદર્શન યોજવામાં આવે છે. આ પ્રદર્શન વિ. સા. કૉમ્યૂનિટી સાયન્સ સેન્ટરના નેજા નીચે પ્રો. રાવના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવે છે. ૧૯૬૧ની સાલમાં ઇન્ડિયન મૅથેમેટિકલ સોસાયટીનું અધિવેશન અમદાવાદ મુકામે મળ્યું, ત્યારે તેમાં સૌપ્રથમ આવું પ્રદર્શન યોજવાનો કાર્યભાર ગુજરાત યુનિવર્સિટીએ પ્રો. રાવને સોંપ્યો હતો.

ગણિતના અનેક વિભાગો પૈકી પ્રો. રાવનો પોતાનો પ્રિય વિષય ભૂમિતિ છે અને તેથી તેઓ ગણિતના કોઈ પણ કોયડાને પછી તે બીજગણિતનો હોય, કલનગણિતનો હોય કે અન્ય હોય - ભૌમિતિક સ્વરૂપ આપવાનો પ્રયત્ન કરી તેનો ઉકેલ લાવે છે.

પ્રો. રાવે ગણિત વિશે પુષ્કળ લખ્યું છે. 'સુગણિતમ્'માં તેઓ નિયમિત લખે છે. 'Brain Sharpners', 'A manual of Mathematical Models and Teaching Aids' વગેરે પુસ્તકો તેમણે લખ્યાં છે. તેઓના લેખો તથા પુસ્તકોમાં તેઓ સંદર્ભસૂચિ અવશ્ય આપે છે અને તે દ્વારા તેમના મૌલિક લખાણ માટે ઉપલબ્ધ કરેલી કેટલીક માહિતી જે સાહિત્યમાંથી મેળવી હોય તેના લેખકોનો તેમનાં નામ સાથે ઋણસ્વીકાર કરે છે. આમાં એમની વૈજ્ઞાનિક દૃષ્ટિ અને વિનમ્ર વ્યક્તિત્વનો સુભગ સમન્વય જોવા મળે છે.

વિવિધ સંસ્થાઓ તેમનાં પ્રવચનો નિયમિત યોજે છે. ગણિતના અરસિક વિષયને તેઓ તેમનાં પ્રવચનમાં એટલો રસિક બનાવે છે કે, શ્રોતાઓ સમયનું અને પોતાના અસ્તિત્વનું ભાન ભૂલીને મંત્રમુગ્ધ થઈ તે સાંભળે છે. તેઓ અંગ્રેજી જેવી જ સરળતાથી ગુજરાતી બોલી શકે છે. તેમણે સાબુના પરપોટા, ઋણ સંખ્યાઓ, વગેરે અનેક કોયડાઓ ઉકેલવાની ટેકનિકના વિષયો ઉપર પ્રવચનો આપેલાં છે, અને તેની દૃશ્ય, શ્રાવ્ય કેસેટો પણ બહાર પડેલી છે. ગુજરાતના અને દેશના જુદા જુદા ભાગોમાં તેમણે ગાણિતિક પ્રદર્શનો અને કૉન્ફરન્સ યોજેલી છે. તેઓ શિક્ષકો અને અનુસ્નાતક વિદ્યાર્થીઓને વખતોવખત તાલીમ પણ આપતા આવ્યા છે.

આજ ૮૯ વર્ષની વયે પણ તેઓ સારું સ્વાસ્થ્ય ભોગવી રહ્યા છે. તેમની યુવાવસ્થામાં તેઓ ટેનિસના એક અચ્છા ખેલાડી હતા. અત્યારે પણ તેઓ બ્રીજ નિયમિત રમે છે.

તાજેતરમાં ભારત સરકાર તરફથી જે ઍવોર્ડ મળેલો છે તેમાં પ્રો. રાવને રૂા. ૫૦,૦૦૦ રોકડા તથા સન્માનપત્ર અને ચંદ્રક એનાયત થયેલાં છે. આ ઍવોર્ડ ૧૯૯૨-૯૬ના સમયગાળામાં બાળકોમાં વિજ્ઞાનને સૌથી લોકપ્રિય બનાવવામાં સર્વોત્તમ પ્રયાસ કરનાર તરીકે, 'નેશનલ કાઉન્સિલ ઑફ સાયન્સ ઍન્ડ ટેક્નોલૉજી કૉમ્યૂનિકેશન્સ'ના ચેરમૅનની રૂએ પ્રો. રાવને અર્પણ થયેલ છે. -નૌતમભાઈ વખારિયા

કચ્છના ઇતિહાસવિદ સ્વ. કંચનપ્રસાદ છાયા

કચ્છના ઇતિહાસકાર, પુરાતત્ત્વવિદ કંચનપ્રસાદ છાયાનું ૯૦ વર્ષની જૈફ વયે વડોદરા ખાતે તા. ૪થી જૂનના રોજ દુઃખદ અવસાન થતાં કચ્છે અને ગુજરાતે એક વિરલ પ્રતિભાને ગુમાવી છે. ગુજરાત ઇતિહાસ પરિષદના વડીલ સભ્ય, સૌરાષ્ટ્ર-કચ્છ ઇતિહાસ પરિષદના સ્થાપક સભ્ય તથા ભૂતપૂર્વ પ્રમુખ અને કચ્છ ઇતિહાસ પરિષદના સ્થાપક પ્રમુખ એવા શ્રી કંચનભાઈએ કચ્છના ઇતિહાસની મૂકસેવા કરી છે.

વ્યવસાયે વકીલ પણ ઇતિહાસ, સાહિત્ય અને લોકસાહિત્યના જ્ઞાતા કંચનભાઈનો જન્મ ઈ.સ. ૧૯૦૮માં નવેમ્બર માસમાં ભુજમાં થયો હતો. બાલ્યકાળથી જ ઇતિહાસ પ્રત્યે રુચિ હોઈ પિતા વ્યવસાય અર્થે રાજસ્થાનના શિરોહી રાજ્યના ઉચ્ચ અમલદાર પદે હતા તે દરમ્યાન ઇતિહાસપ્રેમી ગૌરીશંકર ઓઝા સાથે શિરોહીના ડુંગરા, શિલાલેખો અને પાળિયાઓ જોવા નીકળી પડતા.

ભુજમાં પ્રાથમિક શાળાનું શિક્ષણ લઈ ૧૯૨૪માં અમદાવાદની સિટી હાઈસ્કૂલમાં તેઓ દાખલ થયા. ૧૯૦૩માં ઇતિહાસ વિષય સાથે બી.એ.(ઑનર્સ) થયા, આ પછી આગળ અભ્યાસ

કરવા પૂના જવું પડ્યું. ત્યાં એક વર્ષ અભ્યાસ કર્યા પછી અમદાવાદ આવી, ૧૯૩૨માં એલએલ.બી.ની પદવી મેળવી, અમદાવાદમાં જ ૧૯૩૫ સુધી વકીલાત કરી.

૧૯૩૫થી ભુજમાં વકીલાતનો વ્યવસાય શરૂ કર્યો. ૧૯૪૮થી ૧૯૭૧ સુધી સરકારી વકીલ તરીકે પણ ફરજ બજાવી.

ઇતિહાસ-સંશોધનની પ્રવૃત્તિની સાથે સાથે કંચનભાઈને કાવ્યો રચવાનો પણ સુંદર મહાવરો રહ્યો હતો. એ સમયના દેશી રાજ્યોના જુલમ સામે પણ તેમણે પોતાનાં કાવ્યોમાં અવાજ ઉઠાવ્યો હતો. કચ્છમાં એક વખત ભયંકર દુષ્કાળ પડ્યો હતો. આ સમયે રૈયત દુઃખો સહન કરી રહી હતી ત્યારે કચ્છના રાવશ્રી ખેંગારજી લંડનમાં હતા આથી કંચનપ્રસાદથી આ સહન ન થતાં 'અનામી'ને નામે એ વખતે પણ તેમણે રચેલ નીચેનું કાવ્ય કચ્છમાં જાણીતું બન્યું હતું:

તારા દેશમાં રાજ દુકાળ પડે, ભૂખી ગાવડી રોજ ઘણેથી મરે,
ત્યારે હાય રે હાય, કચ્છાધિપતિ તને લંડનની મોજ કેમ ગમે?

તેમના જીવનનો મોટા ભાગનો હિસ્સો કચ્છના ઇતિહાસ-પુરાતત્ત્વના સંશોધન ક્ષેત્રે રહ્યો છે. તેમના સંશોધનના નિચોડ રૂપે દૈનિક 'કચ્છમિત્ર'ની રવિવારની પૂર્તિમાં 'અતિતની અટારીએ' નામક કૉલમમાં તેમના સંશોધનાત્મક લેખો પ્રસિદ્ધ થતા.

૧૯૮૦થી ૧૯૪૮ સુધી સૌરાષ્ટ્ર-કચ્છ ઇતિહાસ પરિષદના પ્રમુખપદે રહેલા શ્રી છાયાએ ૧૯૯૧માં કચ્છ ઇતિહાસ પરિષદની સ્થાપના કરી તેના પ્રથમ પ્રમુખ બન્યા. ૧૯૭૩માં ગુજરાત ઇતિહાસ પરિષદનું અધિવેશન તથા ૧૯૮૬માં સૌરાષ્ટ્ર-કચ્છ ઇતિહાસ પરિષદનું અધિવેશન કચ્છમાં તેઓએ બોલાવેલ હતું. ૧૯૯૪માં ભુજ ખાતે સૌરાષ્ટ્ર-કચ્છ ઇતિહાસ પરિષદનું અધિવેશન પણ તેમના માર્ગદર્શન સાથે મળેલ હતું.

પ્રસિદ્ધિથી સદાય દૂર રહેતા કંચનભાઈ વાચનને જ જ્ઞાનનું શ્રેષ્ઠ સાધ્ય ગણતા. તેઓ જીવનને એક શાળારૂપે ગણાવતા કે, ચોમેરથી આવતા વિચારોમાંથી સારી વસ્તુને ગ્રહણ કરી તેનો સુયોગ્ય ઉપયોગ કરવો જોઈએ.

એમનાં અપ્રગટ લખાણોને ગ્રંથસ્થ કરી પ્રસિદ્ધ કરવાં એ જ આજની તકે તેમને સાચી અંજલિ છે. - **નરેશ અંતાણી**

મહાનિબંધોની સૂચિ પ્રકાશિત કરવા અંગે

ચંદરવા ફાઉન્ડેશન, ગુજરાતી સાહિત્ય અકાદમી (મુંબઈ)ના અધ્યક્ષ શ્રી ચંદુલાલ સેલારકા અને જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટના મંત્રી ડૉ. કુમારપાળ દેસાઈના સંયુક્ત પ્રયાસથી વિવિધ યુનિવર્સિટીઓમાં ગુજરાતી વિષયમાં સ્વીકૃત થયેલા પીએચ.ડી. પદવી માટેના મહાનિબંધોની સૂચિ પ્રકાશિત કરવાની યોજના વિચારી છે. તે માટે જેમણે ગુજરાતી વિષયમાં પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી હોય તેમણે પોતાના મહાનિબંધ વિશેની વિગતો શક્ય તેટલી જલદી ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ, ૧૧, રીડર્સ રો હાઉસીસ, ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર, અમદાવાદ-૩૮૦૦૦૯ ના સરનામે મોકલવી.

संत-समागम જે જન કરશે, તેને પ્રગટે પ્રેમ જોને;
જે ધાતુને પારસ પરસે, તે તો હોય હેમ જોને.

— પ્રીતમ

પશ્ચિમ જર્મની, નેધરલેન્ડ, સ્વીડન, સ્વિટ્ઝરલેન્ડ અને ફ્રાન્સમાં કચરો બાળી વીજળી પેદા કરવાના પ્લાન્ટ છે.

બશેરી નામના એક ગામમાં એક પાંચ વર્ષનો બાળક ખૂબ એકાગ્રતાથી જમીનમાં ખાડો ખોદી રહ્યો હતો. તેની માતા તેના આ કાર્યનું નિરીક્ષણ કરી રહી હતી. ખાડો થોડો ઊંડો થતાં બાળકે તેમાં કાગળના થોડાકા ટુકડા નાખ્યા અને ઉપર માટી વાળી દીધી ત્યાર પછી તેના પર એક લોટો ભરી પાણી ધીમે ધીમે રેડ્યું.

માતાએ એ બાળકને ખાડામાં પાણી નાખવાનું કારણ પૂછતાં બાળકે જણાવ્યું કે, 'મા, આ ખાડામા મેં કાગળના ટુકડા વાવ્યા છે. રોજ એને હું પાણી પીવડાવીશ, પછી તે કાગળનું મોટું ઝાડ થશે. એની ડાળીએ ડાળીએ કાગળ આવશે, એ કૉગળ પર હું કવિતા લખીશ.'

એ બાળક બીજું કોઈ નહીં પણ ખલીલ જિબ્રાન પોતે જ, જેઓ મહાકવિ તરીકે જગતમાં મશહૂર બન્યા.

•

અન્ન તજી તક્ર જ ભજે, કરે તક્રનું પાન;
હરે હરસ ને સંગ્રહણી, તક્ર બડી બળવાન.

•

છાસ(તક્ર)માં લેક્ટિક ઍસિડ હોય છે.

•

પનામા નહેર પૅસિફિક અને આટલાંટિક મહાસાગરોને જોડે છે.

•

હેલિકોપ્ટરની શોધ આસ્કાનિયોએ કરેલી.

•

ગરમ દૂધમાં થોડું ઘી અને નાની ચમચી હલદર નાખી ખૂબ હલાવીને ગરમ ગરમ પીવાથી બેસી ગએલો અવાજ ખૂલી જશે.

•

પાંચથી સો પાંખડીવાળું ગુલાબ ઊગે છે. ફ્રેગ્રન્ટ ક્લાઉડ નામનું એક જ ફૂલ આખા રૂમને મહેંકતું રાખી શકે છે.

'કોણી' શબ્દના રૂઢપ્રયોગો

કોણીનો ગોળ : ખોટી લાલચ.
કોણી મારીને માર્ગ કરવો :
બુદ્ધિથી પ્રગતિ કરવી.

•

એડી નેશ નામનો એક માણસ એકી સાથે દસ વાજિંત્રો વગાડી શકતો હતો!

•

દુનિયાનો સૌથી ઊંચામાં ઊંચો માણસ આમસ્ટર્ડમનો જોનસન આલ્બર્ટ ૯ ફૂટ ને ૩ા ઈંચ ઊંચો છે.

•


એક દર્દીએ કંટાળીને ડોક્ટરને કહ્યું: સાહેબ, હવે કંઈક કરો તો સારું. હું તો કંટાળી ગયો છું. આના કરતાં તો ભગવાન મને ઉપર બોલાવી લે તો સારું.

ડૉક્ટર : એમાં તમારે ચિન્તા કરવાની જરૂર નથી. એ જવાબદારી મારી છે.




કલાકણિકા : તોકુગાવા કાળની જપાનની અલંકૃત તલવાર -ત્સુબા. તાંબામાં સુવર્ણ અને રજતથી પત્તાં અને ખીલતા વૃક્ષની ભાત એમાં રચવામાં આવી છે.

ઈ. ૧૯૯૮ સંબંધિત અંકયંત્ર - ૪-૫ (માધવજી દેવળીઆ)



૯ ષટ્કોણ



૧૬ ષટ્કોણ

બંને અંકયંત્રોમાં ૩૨૮ થી ૩૩૭ સુધીના અંકમાંથી કોઈ પણ અંક એક ષટ્કોણમાં બે વખત ના આવે, તેમજ કોઈ પણ અંક તેની આસપાસના ષટ્કોણમાં તેની અડોઅડ પણ ના આવે એ શરતે ૯ અને ૧૬ ષટ્કોણમાં આવેલા છે અંકોનો સરવાળો ૧૯૯૮ આવે છે. કાળાં ટપકાંઓ દરેક ષટ્કોણનું મધ્યબિંદુ દર્શાવે છે.